# અનુપ્રેક્ષાનું અમૃત



પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર

નામ

[redacted]

સાનાબેન સંદીપભાઈ પરીખ ૯૭

[redacted]

# અનુપ્રેક્ષાનું અમૃત

: ચિંતક :

પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર

○ સંપાદક ○

મુનિશ્રી વજ્રસેન વિજયજી

: પ્રકાશક :

વિમલ પ્રકાશન

અમદાવાદ.

પી. બી. જૈન.
૭–ખરીદીયા એપાર્ટમેન્ટ
વાસણા બસ સ્ટેન્ડ પાછળ
અમદાવાદ–૧.

પ્રાપ્તિસ્થાન :

૧ સોમચંદ ડી. શાહ જીવનનિવાસ સામે, પાલીતાણા

૨ જશવંતલાલ ગીરધરલાલ દોશીવાડાની પોળ
અમદાવાદ–૧

૩ સરસ્વતી પુસ્તક ભંડાર રતનપોળ હાથીખાના
અમદાવાદ–૧

૪ સેવન્તીલાલ વી. જૈન ૨૦, મહાજનગલી
ઝવેરી બજાર મુંબઇ–૨

મુલ્ય—૫–૦૦

તેજસ પ્રિન્ટર્સ હસમુખ સી. શાહ ૧/૭ ધ્વનિ એપાર્ટમેન્ટ
ખાનપુર, અમદાવાદ–૨

## : પ્રકાશકીય :

આ પુસ્તકમાં સ્વ. પ. પૂ. પરમ ઉપકારી પંન્યાસ-પ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર શ્રીએ ચિંતનનાં પરિપાક રૂપે પોતાની દૈનિક નોટબુકમાં ઉતારેલા ચિંતનોને પ્રગટ કરવામાં આવેલ છે.

આ પ્રકારનું ચિંતન તેઓશ્રી હંમેશા કરતાં અને તે ચિંતનને આત્મસ્પર્શી બનાવતાં હતાં, તેથી તેઓશ્રીનાં લખાણને વાંચતાં આપણને અપૂર્વ આનંદ-અને ચિત્ત પ્રસન્નતા જાગે છે.

અજાતશત્રુની અમરવાણી, ચિંતનધારા આદિ પુસ્તકમાં જે રીતે ચિંતનો રજુ કર્યા છે, તેવા જ પ્રકારનાં ચિંતનો આ પુસ્તકમાં હોઇને તે પણ તેનાં જિજ્ઞાસુને પ્રેરણાદાયી બનશે.

આ કાર્ય મારા ગજા બહારનું હોવા છતાં પૂજ્યોની કૃપા અને અનેક મહાનુભાવોની સહાયથી સરળ રીતે થાય છે.

પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. તથા સરળ સ્વભાવી પ. પૂ. આ. મ. શ્રી પ્રદ્યોતન સૂરીશ્વરજી મ. ની કૃપા તથા અધ્યાત્મયોગી સૂક્ષ્મતત્ત્વચિંતક સ્વ. પ. પૂ. પંન્યાસજી મ. શ્રી ભદ્રકર વિજયજી ગણિવરશ્રી તથા સ્વ. પ. પૂ. શાંતમૂર્તિ

ગુરૂદેવ શ્રીમદ્ વિજય કુંદકુંદ સૂરીશ્વરજી મ. ની અદ્દશ્ય-કૃપા તથા પ. પૂ. મુ. શ્રી મહાસેન વિજયજી મ. ની સતત પ્રેરણાથી તથા મુનિશ્રી પૂર્ણચંદ્ર વિજયજી ગણિવર, મુ. શ્રી હેમપ્રભાવિજયજી મ. તથા મફતલાલ સંઘવી આદિની સહાયથી આ કાર્ય થઇ શકે છે.

આ રીતે ભવિષ્યમાં પણ પૂજ્યશ્રીનું સાહિત્ય પ્રગટ કરતાં રહીને પૂજ્યશ્રોનાં ઉપકારોની કિંચિંત્ ઋણ મુક્ત કરી શકું એજ પ્રભુ પ્રત્યે અભ્યર્થના

શરતચૂકથી યા પ્રેસદોષથી કંઈ ભૂલ રહી હોય તો સુજ્ઞ જનોને સુધારીને વાંચવા ભલામણ છે.

લી. મુનિવજ્રસેન વિજય.

# પ્રકાશકીય

પ. પૂ. અધ્યાત્મમૂર્તિ સહજ વાત્સલ્યસંપન્ન પંન્યાસ શ્રી ભદ્રંકર વિજયજી ગણિવરશ્રીનાં સ્વર્ગવાસ પછી પણ પૂ. મુનિરાજશ્રી વજ્રસેન વિજયજી મ. સતત જહેમત ઉઠાવીને પૂજ્યશ્રીનાં ચિંતન મનનનાં પરિપાક રૂપે લખાયેલ જિન-ભક્તિ, જીવમૈત્રી, સ્નેહ પરિણામ, દયા–સમતા–ગુરૂપારતંત્ર્ય આદિ વિષયોનું સંકલન કરીને પુસ્તકો રૂપે પ્રકાશિત કરી રહ્યાં છે, તે અમારા આનંદનો વિષય છે.

આ બધા કાર્યમાં દેવગુરૂની અસીમ કૃપા જ કાર્ય કરી રહી છે.

પ. પૂ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. તથા સરળ સ્વભાવી પ. પૂ. આ. મ.શ્રીપ્રદ્યોતન સૂરીશ્વરજી મ. ની અસીમ કૃપા બળે આ કાર્ય નિર્વિઘ્ને ચાલી રહેલ છે.

આર્થિક રીતે પણ અનેક મહાનુભાવો અવસરે અવસરે સહાયક બને છે. જેમાં હિંમતમલજી વનેચંદજી બેડા-વાલા, શશીકાંત કે, મહેતા, બાબુભાઈ કડીવાલા, ચંદ્રકાંત કે. શાહ, ચીમનભાઇ કે. મહેતા, નલીન કે. શાહ આદિ મુખ્ય છે, તથા આ પુસ્તકમાં શાહ એન્જીનીયરીંગ કું. ગાંધીધામ તરફથી સહયોગ પ્રાપ્ત થયેલ છે, જે અનુમોદનીય છે.

આ રીતે અમને સહાય મળતી રહેશે તો હજુ અનેક અપ્રગટ પુસ્તકો પ્રગટ થઈ શકશે.

—પ્રકાશક

# અનુક્રમણિકા


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | વાસના વિજયનો ઉપાય | ૧ | ૨૨ | ધર્મ–મનુષ્ય જીવનનું પરમ સાહસ છે! | ૫૨ |
| ૨ | મોક્ષનાં સોધન | ૪ | ૨૩ | પ્રાર્થના અને શુભેચ્છા | ૫૪ |
| ૩ | તથાભવ્યત્વ અને સહજમળ | ૭ | ૨૪ | મનની માવજત | ૫૭ |
| ૪ | દુષ્કૃત ગર્હા | ૧૦ | ૨૫ | મનો નિગ્રહ | ૬૦ |
| ૫ | સ્વાપકર્ષ બોધ | ૧૩ | ૨૬ | ક્ષમા એ પરમ ધર્મ | ૬૪ |
| ૬ | તત્વ–દર્શન | ૧૫ | ૨૭ | સત્સંગનો મહિમા | ૬૬ |
| ૭ | આરાધનાના અંગો | ૧૭ | ૨૮ | સદ્‌વૃત્તિના પાયા | ૬૯ |
| ૮ | નિર્વિકલ્પતા અને નિઃસંગતા | ૧૯ | ૨૯ | ઉત્તમ-દ્રવ્ય–ક્ષેત્ર-કાળ–ભાવ | ૭૧ |
| ૯ | પાત્રતાનો પાયો | ૨૧ | ૩૦ | દાન અને દયા | ૭૩ |
| ૧૦ | શુદ્ધ આત્મ–દ્રવ્યની મધુરતા | ૨૪ | ૩૧ | પુણ્યનું પોષણ–પાપનું શોષણ | ૭૬ |
| ૧૧ | આત્માની એકતા | ૨૬ | ૩૨ | ગુરૂ—પારતંત્ર્ય | ૭૯ |
| ૧૨ | યોગની તાલાવેલી | ૨૮ | ૩૩ | સામૂહિક—સાધના | ૮૧ |
| ૧૩ | સુરતા અને મંત્રયોગ | ૩૦ | ૩૪ | સમ્યગ્ દર્શન ગુણનો વિચાર | ૮૩ |
| ૧૪ | ધ્યાનનું ધ્યેય, | ૩૩ | ૩૫ | નિર્વેદ અને સંવેગ | ૮૬ |
| ૧૫ | ન્યાયમાં ધર્મ | ૩૫ | ૩૬ | નમવું અને ખમવું | ૮૯ |
| ૧૬ | ત્રિકરણ યોગ | ૩૮ | ૩૭ | દેવ ગુરૂ ધર્મ | ૯૨ |
| ૧૭ | કાર્યોત્સર્ગનો પ્રભાવ | ૪૦ | ૩૮ | જ્ઞાની પુરૂષનું સ્વરૂપ | ૯૫ |
| ૧૮ | સમવાય કારણવાદ | ૪૩ | ૩૯ | કર્મફળની સાથે ઝઘડો છો? | ૯૮ |
| ૧૯ | અવિદ્યાનો વિલય | ૪૫ | ૪૦ | આનંદમાં રહેવું રે... | ૧૦૧ |
| ૨૦ | ધર્મસ્નેહ | ૪૮ | | | |
| ૨૧ | પાયાની વાત | ૫૦ | | | |

૪૧ દેવ–ગુરૂ પરમ હિતૈષી ૧૦૪
૪૨ ઈચ્છારહિત બનીએ ! ૧૦૬
૪૩ માન—મુક્તિ ૧૦૮
૪૪ સમત્વનો સ્નેહ ૧૧૦
૪૫ તત્ત્વ—વિચાર ૧૧૨
૪૬ ગુરૂકૃપા અને ભક્તિ ૧૧૪
૪૭ અંદર વળીએ ! ૧૧૬
૪૮ પ્રેમ ૧૧૮
૪૯ સમત્વના વિકાસ અર્થે ૧૨૦
૫૦ આત્મસ્વરુપમાં સ્થિર બનો ૧૨૨
૫૧ આત્મસમ અને આત્મ-
પૂર્ણ દૃષ્ટિ ૧૨૪
૫૨ આત્મભાન ૧૨૬
૫૩ બોધિ સમાધિ અને
આરોગ્ય ૧૨૮
૫૪ વિચાર અને વિવેક ૧૩૦
૫૫ સહિષ્ણુતા ૧૩૩
૫૬ મૈત્ર્યાદિ ચાર ભાવો ૧૪૬
૫૭ ત્રણ મહાન્ ભાવો ૧૩૯
૫૮ મહામૂલી મૈત્રી ભાવના ૧૪૧
૫૯ જીવમૈત્રી અને જિનભક્તિ ૧૪૩
૬૦ આત્મભાવ–પરભાવ ૧૪૫
૬૧ ભાવનાઓનો ભાવ અને
પ્રભાવ ૧૪૭
૬૨ ભક્તિ અને મૈત્રી ૧૫૦

અધ્યાત્મયોગી પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્યશ્રી લેખિત "ચિંતનધારા" પુસ્તક અંગે પ્રાપ્ત થયેલ પાઠકોનાં પ્રતિભાવ.

મારી ચેતના જ્યારે શુષ્કતા એવં જડતા ભણી ગતિ-શીલ–અસ્વસ્થ હતી ત્યારે સબળ પુણ્યશ્લોક પુણ્યવંતા પંન્યસજી મ. શ્રીની પુણ્ય ભાગિરથી તુલ્ય "ચિંતનધારા" નો ધોધ ઉચિત સમયે મલ્યો. એક એકથી અદકેરા એવં ઉત્તરાર્ધમાં જે બ્રહ્માનંદાદિ–સચ્ચિદાનંદાદિ ધારાઓ છે, તે તો વર્ષો પહેલાંનાં મારા જુના ચિંત્તનોનું મને મળેલુ પરિમા-ર્જિત–પરિવર્ધિત અતિ સુંદર નવલું નજરાણું છે.

પં. વૃજલાલ વાલજી ઉપાધ્યાય જામનગર

પૂ. પંન્યાસજી ભદ્રંકર વિજયજી મ. નું પુસ્તક 'ચિંતનધારા' વાંચવામાં આવ્યું.

અત્યાર સુધી ન સમજાતી કેટલીક બાબતોની ગૂંચ આ પુસ્તક દ્વારા ઉકલી ગઈ. સાંપ્રત જૈન જગતમાં ગુજરાતીમાં પ્રકાશિત તાત્ત્વિક સાહિત્યનાં શિરમોર પુસ્તકોમાં ચિંતનધારા ને મુકી શકીએ.

ધર્મનાં નાનામાં નાના તત્ત્વનો સમગ્ર વિશ્વ(Cosmos) સાથે શો સંબંધ છે એનું ઉદ્ઘાટન કરીને ખરેખર કમાલ કરી છે.

વૈદ્ય સંગમ વાડીલાલ વોરા

# વાસના વિજયનો ઉપાય :

## (૧)

વાસનાને જીતવાનું અનન્ય સાધન ઉપાસના છે. પ્રાકૃતમાં ઉપાસનાનું રૂપ ઉ+વાસના, ઉદ્ગત વાસના, ઉવા-સના થાય છે.

ધર્મનો એક અર્થ મોહ, ક્ષોભ રહિત આત્મ પરિ-ણામ છે. શ્રી નવકારમંત્રના પુનઃ પુનઃ માનસિક ઉચ્ચારણમાં મોહ અને ક્ષોભને નિવારવાની શક્તિ પ્રત્યક્ષપણે અનુ-ભવાય છે.

મોહ, ક્ષોભરહિત આત્મ પરિણામ ચૌદપૂર્વનો સાર છે, અને તે પરિણામને સહજ રીતે પેદા કરનાર શ્રીનમસ્કાર મહામંત્રનો માનસજાપ પણ ચૌદપૂર્વનો સાર પુરવાર થાય છે.

મનનું નિસ્તરંગ થવું તે મોહરહિતતા છે, અને કાયાનું નિસ્પંદ થવું તે ક્ષોભ રહિતતા છે.

નમસ્કારના ૬૮ વર્ણોનું વિધિપૂર્વક ઉચ્ચારણ તે ભાષ્ય જાપ છે. તે ઉચ્ચારણ જ્યારે પોતે જ માત્ર સાંભળી શકે ત્યારે તે ઉપાંસુ જાપ છે અને બહિર્જલ્પાકાર મટીને અંતર્જલ્પાકાર થાય, ત્યારે તે માનસજાપ છે. તે માનસજાપ જ મનને નિસ્તરંગ અને કાયાને નિસ્પંદ બનાવે છે.

મોહ ક્ષોભ રહિત આત્મપરિણામનું બીજું નામ 'વત્થુ સહાવો ધમ્મો' આત્મવસ્તુનો સહજ સ્વભાવ પણ કહી શકાય. તેનું પ્રકટીકરણ ક્ષાન્ત્યાદિ દશવિધયતિધર્મરૂપે અને જ્ઞાનાદિ રત્નત્રયી–મોક્ષમાર્ગરૂપે થાય છે.

જ્ઞાન અને દર્શન મનને નિર્મળ બનાવે છે. ચારિત્ર કાયાની સ્થિરતા પેદા કરે છે. ક્ષમાદિ ચાર મનને નિસ્તરંગ બનાવે છે અહિંસાદિ પાંચ કાયાને સ્થિર કરે છે.

પ્રવૃત્તિરૂપી ધર્મના અંગ દાન, શીલ તપ અને ભાવ પણ અનુક્રમે તન, મન, ધનના સદુપયોગ રૂપ છે. તન વડે શીલ, મન વડે ભાવ અને ધન વડે દાન ધર્મ સધાય છે. તેમાં પણ પરિણામે મોહ–ક્ષોભ રહિત આત્મ પરિણામ પ્રગટ થાય છે.

ધર્મના દેવપૂજા ગુરુઉપાસના અને સ્વાધ્યાયાદિ અંગો પણ મોહક્ષોભ રહિત આત્મ પરિણામ પેદા કરવાનાં સાધનો છે.

ચતુર્થ ગુણસ્થાનકથી માંડીને ચતુર્દશ ગુણસ્થાનક સુધીના ગુણસ્થાનકો અનુક્રમે મોહક્ષોભ રહિત આત્મઅવસ્થાના દર્શક છે. નમસ્કાર મહામંત્રના માનસ જાપ વડે તે કાર્ય સરળપણે સધાતું હોવાથી તેને સઘળા શ્રુતનાં સાર અને સઘળા ધર્મોનો અર્ક કહ્યો છે, તે યથાર્થ છે અને તેની ઉપાસના વડે ભવ વિષયક સર્વ વાસનાઓનો સમૂળ ક્ષય થાય છે.

મનુષ્ય એ સત્તાથી ઈશ્વર છે. દિવ્યાતાની બધી વિભૂતિઓ તેનામાં સુતી પડી છે. એવો કોઈ ગુણ નથી કે જે મનુષ્યમાં વિકસી ન શકે, એવું કોઈ પતન નથી કે જેમાંથી મનુષ્ય ઊંચે ન આવી શકે, એવું કોઈ બંધન નથી કે જે મનુષ્ય ન તોડી શકે.

સ્વભાવ એટલે આત્મભાવ. આત્મભાવ જાગે એટલે પરભાવ વિદાય થાય. પરભાવને ઝીલવો એટલે ધગધગતા લાલચોળ અંગારાને હથેલીમાં ઝીલવા કરતાં પણ વધુ અનર્થકારક છે. આત્માને ભાવ આપવાથી ભાવ પ્રગટે છે. આત્માને ભાવ અપાય એટલે સંસારના કોઈ પણ જીવને અસુવિધા ન પહોંચે.

## (२)

માતાના ત્રણ ગુણ ક્ષાન્તતા, દાંતતા અને શાન્તતા જેમ પુત્રને અનુલક્ષીને છે. તેમ સમ્યગદૃષ્ટિ જીવના એ ત્રણ ગુણ સમસ્ત જીવસૃષ્ટિ પરત્વે છે.

પુત્રના અપરાધ પ્રત્યે માતા ક્ષમાશીલ હોય છે. પુત્ર પ્રત્યેની મમતાના કારણે માતા પોતાની ઇન્દ્રિયોને દમનારી હોય છે અને પુત્રમાં અહંભાવના કારણે દુઃખ વખતે ધૈર્ય ધારણ કરનારી અર્થાત્ શાન્ત હોય છે.

અપરાધને ખમવું, સુખને ત્યજવું અને દુઃખને સહવું એ ત્રણે સ્નેહનાં કાર્ય છે. સ્નેહનો પરિણામ અપરાધને ગળી જાય છે દુઃખને સહી લે છે અને સુખને ત્યજી શકે છે.

સ્નેહ યાને વાત્સલ્યના કારણે માતા, પુત્રના સુખે સુખી, દુઃખે દુઃખી અને અપરાધ પ્રત્યે સહાનુભૂતિ દાખવી શકે છે તથા પુત્રનું સુખ એ પોતાનું સુખ, પુત્રનું દુઃખ

એ પોતાનું દુઃખ અને પુત્રના દોષ એ પોતાના દોષ માની શકે છે.

સમ્યગદૃષ્ટિ જીવ પણ બીજાના દુઃખ પ્રત્યે દયાવાન, સુખ પ્રત્યે પ્રમોદવાન અને પાપ પ્રત્યે ક્ષમાવાન રહી શકે છે.

ધર્મ પૂર્ણ પ્રેમમય હોવાથી તે એક સાથે માતાની, પિતાની, મિત્રની, બંધુની, સ્વામીની અને ગુરૂની ઉપમા પામી શકે છે. ધર્મ એ કેવળ જ્ઞાન કે કેવળ ક્રિયાનું નામ નથી, પણ તેની પાછળ રહેલા સ્નેહપરિણામનું નામ છે. જ્ઞાન અને ક્રિયા એ સ્નેહને પ્રગટ કરવાનું અને અભિવ્યક્ત કરવાનું એક સાધન માત્ર છે.

જે જ્ઞાન સર્વ પ્રત્યે સ્નેહના પરિણામને પેદા કરી શકે અને જે ક્રિયા સર્વ પ્રત્યે સદ્‌ભાવવાળું વર્તન રખાવી શકે, તે જ્ઞાન અને ક્રિયામાં સમ્યગ્‌પણું લાવી આપનાર સ્નેહપરિણામ તે સમકિત છે. સમકિત વિનાના જ્ઞાન અને ક્રિયા નકામાં છે. તેમ સ્નેહ–પરિણામ વિનાનાં જ્ઞાન અને ક્રિયા નકામાં છે.

સ્નેહ પરિણામ એજ ધર્મનું મૂળ છે અને એ જ સમ્યગ્‌દર્શનનો પરિણામ છે. જ્ઞાન એ સ્નેહપરિણામનું કારણ છે અને ક્રિયા એ સ્નેહપરિણામનું કાર્ય છે.

જે જ્ઞાન સ્નેહ પરિણામને ન વિકસાવી શકે, તે જ્ઞાન અજ્ઞાન છે. જે ક્રિયા સ્નેહ પરિણામની અભિવ્યક્તિ ન કરે

તે ક્રિયા અક્રિયા છે, અથવા અસત્ ક્રિયા છે. સ્નેહ પરિણામને વિકસાવનારૂં જ્ઞાન ભણવું જોઈએ અને સ્નેહ પરિણામને પુષ્ટ કરનારી ક્રિયા કરવી જોઈએ.

શાસ્ત્ર દૃષ્ટિએ મૈત્ર્યાદિનું સંવેદન અને ગુરુ લાઘવ વિજ્ઞાન જેને હોય, તેનું જ જ્ઞાન સમ્યગ્ જ્ઞાનની ઉપમા પામે છે અને તેની જ ક્રિયા સમ્યક્ ક્રિયાની પ્રસિદ્ધિ મેળવે છે.

ભવચક્રમાં પ્રત્યેક જીવ વડે જે ઉપકાર થયા છે. તેનો અનંતાંશ પણ શી રીતે વળી શકે ? તે ઉપરાંત સમ્યગ્ દૃષ્ટિ સર્વ વિરતિ, પરમેષ્ઠિ આદિના ઉપકારોની તો વાત જ શી ?

પુદ્ગલને ઊંચે ચઢાવવા આલંબન જોઈએ, જીવને નીચો પાડવા આલંબન જોઈએ.

વાસનાઓના વશમાં રહેલો મનુષ્ય, બિલાડીના ઘરમાં રહેલા ઉંદર જેવો છે.

# તથાભવ્યત્વ અને સહજમળ

## (૩)

કર્મના સંબંધમાં આવવાની જીવમાં રહેલી અનાદિ શક્તિ તે સહજમળ છે. અને કર્મના સંબંધમાંથી છૂટવાની એટલે મુક્તિગમનની યોગ્યતા તે તથાભવ્યત્વ છે.

નમવા યોગ્યને ન નમવાથી અને ન નમવા યોગ્યને નમવાથી સહજમળ વધે છે. તેથી વિરુદ્ધ નમવા યોગ્યને નમવાથી અને ન નમવા યોગ્યને ન નમવાથી તથાભવ્યત્વ વિકસે છે.

નમવા યોગ્યને નમવું અને ન નમવા યોગ્યને ન નમવું તે **શ્રી** અરિહંતાદિના શરણના સ્વીકારરૂપ છે. ન નમવા યોગ્યને ન નમવું એટલે અયોગ્યને શરણે ન જવું. નમવા યોગ્યને નમવું એટલે યોગ્યને શરણે જવું

એકનું નામ દુષ્કૃતની ગર્હા છે. બીજાનું નામ સુકૃતની અનુમોદના છે. આ બંને શરણગમનના સિક્કાની બે બાજુ છે.

શ્રી અરિહંતાદિના શરણે જવું એ શ્રી જિનશાસનરૂપી સામ્રાજ્યનું નગદનાણું છે તે નાણાની એક બાજુ દુષ્કૃતગર્હા અને બીજી બાજુ સુકૃતાનુમોદના છે.

જીવને સંસાર તરફ ખેંચવાનું કામ સહજમળ કરે છે. જીવને મુક્તિ તરફ ખેંચવાનું કામ તથાભવ્યત્વ કરે છે. સહજમળના હ્રાસથી પાપનો સમૂળ નાશ થવા માંડે છે એટલે તેની ગર્હા ઉપાદેય છે તથાભવ્યત્વના વિકાસથી ધર્મના મૂળનું સિંચન થાય છે તેથી તેની અનુમોદના ઉપાદેય છે.

તાત્પર્ય કે સહજમળનો હ્રાસ અને તથા ભવ્યત્વનો વિકાસ સુકૃતશિરોમણિ શ્રીઅરિહંતાદિ ચારના ચરણે જવાથી થાય છે.

દુષ્કૃતગર્હા તે સંસાર અને તેના હેતુઓથી વિમુખ થવાથી ક્રિયા છે અને સુકૃતાનુમોદન તે મુક્તિ અને તેના હેતુઓ તરફ અભિમુખ થવાની ક્રિયા છે

વિષય અને કષાયને નમવાથી સહજમળનું બળ વધે છે. શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોને નમવાથી તથા ભવ્યત્વનું બળ વધે છે શ્રી પંચપરમેષ્ઠિઓને નમવાથી આત્માના દર્શન-જ્ઞાન ચારિત્રાદિ ગુણ પુષ્ટ થાય છે.

નમવું એટલે શરણે જવું, વિષયોને શરણે જવાથી ચાર ગતિરૂપ સંસારને વધારનાર ચાર કષાયોની વૃદ્ધિ થાય છે. શ્રી પરમેષ્ઠિ ભગવંતોને શરણે જવાથી ચારગતિનો છેદ કરનારા ચાર પ્રકારના ધર્મની વૃદ્ધિ થાય છે.

ક્રોધ જવાથી દર્શનગુણ વિકસે છે. માન જવાથી ચારિત્ર ગુણ વધે છે અને લોભ જવાથી તપગુણ ખીલે છે. બીજી રીતે વિચારતા ભાવધર્મથી ક્રોધ જાય છે, તપગુણથી લોભ જાય છે, શીલ ગુણથી માયા જાય છે અને દાન ગુણથી માન જાય છે.

દાન નમ્રતા લાવે છે, શીલ સરળતા લાવે છે, તપ સંતોષ લાવે છે અને ભાવ સહનશીલતા લાવે છે. આમ ચાર પ્રકારના ધર્મ ચાર પ્રકારના ગુણ, ચાર પ્રકારના શરણથી પ્રાપ્ત થાય છે.

પહેલું શરણ **શ્રી** અરિહંત પરમાત્માનું, બીજું શરણ શ્રી સિદ્ધ પરમાત્માનું, ત્રીજુ શરણ સાધુભગવંતનું, ચોથું શરણ કેવલી ભગવંતોએ પ્રરૂપેલા ધર્મનું છે.

આ ચારના શરણે જવાથી ચાર ગતિરૂપ સંસાર તરી જવાય છે. માટે માટે આ ચાર શરણોનું અગાધ મહત્ત્વ શ્રી જિન શાસનમાં છે.

દુઃખમાં પોતાથી અધિક દુઃખીને જોવા એ દુઃખને સહવાનો એક સરળ માર્ગ છે તથા સુખમાં પોતાથી અધિક સુખીને જોવા એ સુખને દમવાનો એક માર્ગ છે.

# દુષ્કૃત ગર્હા

## (૪)

દુષ્કૃત ગર્હા વડે સહજમળનો હ્રાસ થાય છે. સુકૃતાનુમોદન વડે તથાભવ્યત્વનો વિકાસ થાય છે. શરણગમન વડે ઉભય કાર્ય એક સાથે સધાય છે. કેમકે જેનું શરણ ગ્રહણ કરાય છે. તેમનો સહજમળ સર્વથા નાશ પામ્યો છે, અને તેમના ભવ્યત્વનો પરિપૂર્ણરૂપે વિકાસ થયો છે.

સહજમળ તે પર તત્વના સંબંધમાં આવવાની શક્તિ છે. તે શકિતનું બીજ જ્યારે બળી જાય છે. ત્યારે પરના સંબંધમાં આવવાની યોગ્યતારૂપ શક્તિથી ઉત્પન્ન થતી ઈચ્છા માત્રનો વિલય થાય છે, સ્વાધીન સુખને પામેલા શુદ્ધ પુરુષોના સ્મરણરૂપ શરણથી તે ઈચ્છા નાશ પામી જાય છે. પરાધીન સુખની ઈચ્છા નષ્ટ થવાથી સ્વાધીન સુખને પામવાની ઈચ્છા વધતી જાય છે તે જ ભવ્યત્વભાવનો વિકાસ છે.

સ્વાધીન સુખ પામેલાનું શરણ એકાગ્રચિત્તે સ્મરણ, પરાધીન સુખની ઈચ્છાનો નાશ કરી અને સ્વાધીન મોક્ષ સુખ પમાડીને જ જંપે છે.

દુષ્કૃતગર્હા એટલે પર પીડાની ગર્હા, સંસારાવસ્થા પર પીડારૂપ છે. તેની ગર્હા કરવી એટલે પરપીડાને ત્યાજ્ય માનવી અને તેમાંથી મુક્ત થવા પ્રયાસ કરવો 'તે 'નમો' પદનો અર્થ છે.

હું એટલા માટે નમું છું કે બીજાને પીડા આપીને જીવું છું. 'સ્વાપકર્ષબોધાનુકૂલ વ્યાપાર' તે નમસ્કાર છે. સ્વનો અપકર્ષ કરાવનાર બોધમાંથી નીપજેલી ચેષ્ટા તે નમસ્કાર છે. અપકર્ષ એટલા માટે કે હું પરપીડારૂપ છું.

સુકૃત એટલે પરોપકાર. તેની અનુમોદના તે સુકૃતાનુમોદના. આવા સુકૃત કરનારાઓમાં શ્રી અરિહંત મોખરે છે. પરને પરમ ઉપકારક છે. એ ઉપકાર એકાંતિક અને આત્યંતિક છે. જે કોઈ તેનો આશ્રય તેમના નામાદિ દ્વારા લે છે, તેને અક્ષય સુખ પમાડનારા થાય છે એટલે તેમનું શરણ પરમ સુકૃતરૂપ છે. તેમની અનુમોદના એટલે તેમના ઉક્ત પરોપકારરૂપ સુકૃતની અનુમોદના.

એ રીતે પરપીડારૂપ દુષ્કૃતની ગર્હા તથા પરોપકારરૂપ સુકૃતની અનુમોદના કરવાપૂર્વક શ્રી અરિહંતાદિ પરમેષ્ઠિઓનું જેઓ શરણ અંગીકાર કરે છે તેઓ ભવભયથી સર્વથા મુક્ત થાય છે.

પરપીડાનો પરિહાર અને પર ઉપકારનો આવિષ્કાર ભવભયથી મુક્ત કરાવનાર છે....તે ઉભયસ્વરૂપને શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતો વરેલા છે.

તેથી તેઓનું સ્મરણ-શરણ, પૂજન, આદર-સત્કાર, ધ્યાન અને તેમના શરણે રહેલાની ભક્તિ-પૂજા, સેવા-સન્માન આદિ નિયમા મુક્તિપ્રદ નીવડે છે.

દેવું ચૂકવવામાં સજ્જનતા છે તેમ ઉપકારનું ઋણ ચૂકવવામાં વિનમ્રતાપૂર્ણ ધર્મપરાયણતા છે. એમાંથી એક પણ પ્રકારના દેવાની ચૂકવણી વખતે જરા જેટલો પણ અહંકાર ન આવવો જોઈએ. જો આવે તો માની લેવું કે આપણને એ દેવું ખટકતું નથી. ભારરૂપ લાગતું નથી અને જેને દેવું ભારરૂપ ન લાગે તે જરૂર ડૂબે છે.

માટે હંમેશાં ઋણમુક્તિના આશયપૂર્વક અસીમોપકારી શ્રી અરિહંતાદિની ભક્તિ કરતા રહીને જીવમાત્રના સાચામિત્રનું કર્તવ્ય બજાવતા રહેવું તે મંત્રાધિરાજના આરાધકોની ફરજ છે.

> ઋણના ભય વિના કૃતજ્ઞતા કે પરોપકાર ગુણ સ્પર્શી પણ શકે જ નહિ.

# સ્વાપકર્ષ બોધ

# (૫)

स्वापकर्ष–बोधानुकूल–व्यापारो नमस्कारः ॥

અર્થ : પોતાના અપકર્ષનો બોધ જે વડે થાય. તે ક્રિયાને નમસ્કાર કહે છે. એમાંથી જ એ અર્થ નીકળે છે કે ગુણાધિક પુરુષોનો ઉત્કર્ષનો બોધ જે ક્રિયા વડે કરાય, તે ક્રિયાને નમસ્કાર કહેવાય છે. અર્થાત્ નમસ્કારની ક્રિયા વડે બે વસ્તુનો બોધ થાય છે એક તો નમસ્કાર કરનાર, પોતાની ગુણહીનતા બતાવે છે અને બીજું પોતાથી અધિક ગુણવાન પ્રત્યે આદરભાવ બતાવે છે. અને અપકર્ષ બતાવવા વડે પોતાના દુષ્કૃતોની ગર્હા કરે છે અને ગુણાધિકનો ઉત્કર્ષ બતાવવા વડે સ્વ–પરના સુકૃતોની અનુમોદના કરે છે. દુષ્કૃતગર્હા વડે પાપનાશ અને સુકૃતની અનુમોદના વડે પુણ્યોપાર્જન થાય છે.

એકમાં પોતાના પાપનો સ્વીકાર છે. બીજામાં પુણ્યવાન પુરુષોના પુણ્યની અનુમોદના છે. એકમાં મૈત્રી અને મુદિતા

છે. બીજામાં કરૂણા અને માધ્યસ્થ છે. પોતાના પાપ પ્રત્યે કરૂણા અને બીજાના પાપ પ્રત્યે માધ્યસ્થ્ય ભાવ કેળવવો. એ જ રીતે પરના ગુણો પ્રત્યે મુદિતા અને પ્રમોદ છે અને તે મૈત્રીનું ફળ છે.

નમસ્કાર વડે પાપનાશ અને મંગળનું આગમન એ બે ફળ કહ્યા છે પોતાના અપકર્ષનું કારણ ગુણનો તિરસ્કાર છે, સુકૃતનો અનાદર છે. અપકર્ષનું ઉત્કર્ષમાં પરિવર્તન તે નમસ્કાર છે. ગુણી પુરૂષને નમસ્કાર છે. સ્વ.–પર–સર્વના સુકૃતોની હાર્દિક અનુમોદના છે.

અપકર્ષ જેટલો ડંખે છે, તેટલું જ જો પાપ ડંખવા માંડે, તો પરમ ઉત્કર્ષવંતા પંચ પરમેષ્ઠિ અવશ્ય ગમે, નમસ્કરણીય લાગે, વંદનીય લાગે, પૂજનીય લાગે, સ્તુત્ય લાગે એટલું જ નહિ પણ રૂંવાડે રૂંવાડે તેમની ભક્તિનો ભવ્યભાવ પ્રસરી જાય. દ્રવ્ય અને ભાવ વડે તેમની ભક્તિ કરતા થઈ જવાય જેથી પાપનાશ અને મંગળ બંને સિદ્ધ થાય.

નાના થવાનું તમે જેટલું સહેલું બનાવશો, તેટલું સહેલું મોટા થવાનું બનશે.

# : તત્વ–દર્શન :

## (૬)

સર્વ દોષ રહિત અને સર્વ ગુણ સહિત એવા શુદ્ધ આત્મતત્ત્વને પામવાનું સાધન દોષની ગર્હા અને ગુણની અનુમોદના છે. જ્યાં સુધી દોષના લેશની પણ અનુમોદના છે, અને ગુણના અંશની પણ ગર્હા છે, ત્યાં સુધી શુદ્ધ આત્મસ્વરૂપની રૂચિ–શ્રદ્ધા કે પરિણતિ ઉત્પન્ન થઈ છે, એમ કહી શકાય નહિ.

એ કારણે આરાધ્યદેવ એક વીતરાગ જ છે. પૂજ્ય ગુરૂદેવ એક નિર્ગ્રન્થ જ છે અને શુદ્ધ ધર્મ એક જીવદયા જ છે એમ ન સમજાય ત્યાં સુધી ભાવથી દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના કે અરિહંતાદિનું શરણગમન શક્ય નથી.

ધ્યેય તરીકે, આરાધ્ય અને ઉપાસ્ય તરીકે વીતરાગદેવ, નિર્ગ્રન્થગુરૂ અને દયામય ધર્મ જેના હૃદયમાં વસે છે, તેના હૃદયમાં પળે પળે દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને ધર્મનું શરણગમન વસેલું હોય છે.

દુષ્કૃતમાં હેય બુદ્ધિ, સુકૃતમાં ઉપાદેય બુદ્ધિ અને ધર્મમાં અત્યંત ઉપાદેય બુદ્ધિ એ સમ્યગ્ દર્શનનું લક્ષણ છે. એને જ સંસાર હેય, મોક્ષ-ઉપાદેય અને તેનું સાધન રત્નત્રય એ અત્યંત ઉપાદેય લાગે છે.

સંસાર એ પાપનું સ્થાન, મોક્ષ એ ગુણનું ધામ અને ધર્મ એ પાપનો પરિહાર, આ ત્રણ તત્વની સદ્દહણા એ સમ્યગ્દર્શનની નિશાની છે.

દુઃખનું કારણ દુષ્કૃત, સુખનું કારણ સુકૃત અને અક્ષય અવ્યાબાધ સુખનું કારણ ધર્મ છે. ધર્મમાં દયા મુખ્ય છે. દયા એ દુઃખીના દુઃખને નિવારવાની વૃત્તિ છે.

સ્વ–પરના દુઃખ પ્રત્યે દ્વેષ અને સ્વ–પરના સુખ પ્રત્યે સાચો અનુરાગ તો જ પ્રગટયો કહેવાય કે જ્યારે દયામાં ધર્મબુદ્ધિ પેદા થાય.

દયાના પર્યાય અહિંસા, સંયમ, તપ, શીલ, સંતોષ, ક્ષમા, માર્દવ, આર્જવ, દાન, પરોપકાર, નિઃસ્વાર્થ સ્નેહ આદિ છે.

સાચા હૃદયની દુષ્કૃત ગર્હામાંથી જે અગ્નિ પેદા થાય છે તે ચીકણાં કર્મોને પણ ભસ્મીભૂત કરી નાંખે છે અને તીવ્ર સુકૃતાનુમોદનામાં પરિણમીને સુકૃતસાગર શ્રી અરિહંત પરમાત્માના ચરણમાં મનને સમર્પિત કરી દઈને શુદ્ધ ધર્મમાં રમમાણ કરે છે.

# આરાધનાના અંગો

## (૭)

મૈત્ર્યાદિભાવથી યુક્ત સાધકને ક્ષાન્ત્યાદિ ધર્મરૂપી સાધ્યની સિદ્ધિ માટે સાધન વચનની આરાધના છે. વચનની આરાધના વચનના કહેનાર વક્તાની આરાધના ઉપર આધાર રાખે છે. વક્તા વીતરાગ પુરુષો છે. વીતરાગ એટલે આત્મામાં જ આત્માની વૃત્તિને અનુભવનાર પૂર્ણ પુરુષ.

પૂર્ણ પુરુષની આરાધના તેમના નામાદિની આરાધનાની અપેક્ષા રાખે છે તે પિંડસ્થાદિ ધ્યાન સ્વરૂપ છે. તે પણ વચનની આરાધના રૂપે જ કરવાનું હોય છે. વચનની આરાધનાનું એક પાસું, જેમ વચનને કહેનારની આરાધના છે, તેમ બીજું પાસું વચનને જીવનમાં ઉતારવાનું છે.

વચન એટલે આજ્ઞા. તેનું ચિંતન તે આજ્ઞાવિચય તે ચિંતન આસ્રવની હેયતા અને સંવરની ઉપાદેયતા બતાવે છે. અપાયકારક આસ્રવ છે. તેથી તેની હેયતાનું ચિંતન અને તેનાથી વિરૂદ્ધ સંવરની ઉપાદેયતાનું ચિંતન તે અનુક્રમે અપાયવિચય અને વિપાકવિચય ધર્મધ્યાન છે.

આસ્રવ એ સંસારનો હેતુ છે અને સંવર એ મોક્ષનો હેતુ છે–તેમ વિચારવું, તે અપાયવિચય અને વિપાકવિચય ધર્મધ્યાન છે.

આજ્ઞાની આરાધના એ મોક્ષનો હેતુ છે અને વિરાધના સંસારનો હેતુ છે, એ ચિંતન વિપાક વિચય ધર્મધ્યાન છે. વચનની વિચારણામાં શ્રુતધર્મ અને ચારિત્રધર્મ બંને સમાઈ જાય છે.

ચારિત્રધર્મ આસ્રવની હેયતા અને સંવરની ઉપાદેયતા સ્વરૂપ છે અને શ્રુતધર્મ એ વસ્તુ માત્ર ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય સ્વરુપ–છે એ પ્રકારના ચિંતન સ્વરૂપ છે.

ચૌદ રાજલોક પંચાસ્તિકાયથી ભરેલો છે–એ જાતિનું ચિંતન, તે સંસ્થાન વિચય ધર્મધ્યાન છે.

વક્તાની વિચારણા અને ધ્યાન તે પિંડસ્થાદિ ધ્યાનના પ્રકારો છે અને વચનની વિચારણા અને ધ્યાન તે આજ્ઞા-વિચયાદિ ધર્મધ્યાન છે. ઉભય પ્રકારના ધ્યાન એ સાધન સ્વરુપ છે. તેનું મૂળ મૈત્ર્યાદિ અને ફળ ક્ષાન્ત્યાદિ છે. એ રીતે વિચારણા કરવામાં આરાધનાના બધાં અંગો આવી જાય છે.

# : નિર્વિકલ્પતા અને નિઃસંગતા :

## (૮)

આંતર-નિર્વિકલ્પતા અને બાહ્ય નિઃસંગતા બંને મળીને આત્માધ્યાસ—હું આત્મસ્વરૂપ છું—એવી નિર્મળબુદ્ધિને સિદ્ધ કરે છે. આત્મદેવનાં દર્શન મન અને બુદ્ધિના વ્યાપાર વડે અશક્ય છે. તે માટે બંનેને નિર્વ્યાપાર બનાવવાની આવશ્યકતા છે.

નિર્વિકલ્પતા, અને નિઃસંગતાનો અભ્યાસ એ મન અને બુદ્ધિને અગોચર એવા આત્મદેવના દર્શનની ગુરૂ–ચાવી છે. આત્મદેવનું દર્શન કેવળ સ્વાનુભૂતિ ગમ્ય છે. અને તે સ્વાનુભૂતિ નિર્વિકલ્પતા અને નિઃસંગતાની અપેક્ષા રાખે છે. નિર્વિકલ્પતા અને નિઃસંગતા અભ્યાસ સાધ્ય છે. તે અભ્યાસ માટે પ્રથમ અશુભ વિકલ્પમાંથી શુભવિકલ્પમાં જવું આવશ્યક છે. શુભવિકલ્પમાંની નિર્વિકલ્પમાં જવું સુલભ છે, તેથી શુભવિકલ્પ સેતુનાં સ્થાને છે.

તે જ રીતે કુસંગમાંથી છૂટી, અસંગ થવા માટે સત્સંગ સેતુ છે. અશુભ ધ્યાનમાંથી છુટી. શુક્લ ધ્યાનમાં

જવા માટે ધર્મધ્યાન સેતુ છે. આર્ત–રૌદ્ર ધ્યાન એ અશુભ છે. મૈત્ર્યાદિ વિકલ્પો એ શુદ્ધ છે. તે નિર્વિકલ્પમાં જવા માટે સાધન હોવાથી સેતુ તુલ્ય છે.

ત્રિમાત્રમાંથી અમાત્રમાં જવા માટે અર્ધમાત્રા એ સેતુ છે. વૈખરીમાંથી પશ્યંતીમાં જવા માટે મધ્યમાં સેતુ છે. અને મધ્યમામાંથી પરામાં જવા માટે પશ્યંતી એ સેતુ છે. આહતમાંથી અનાહતમાં જવા માટે વર્ણાવલિ સેતુ છે અને વર્ણાવલિની વિચ્યુતિ વડે અવ્યક્તમાં જવા માટે અનાહત એ–સેતુ છે.

નિર્વિકલ્પતા અને નિઃસંગતાનો વિશેષે અભ્યાસ કરવા યોગ્ય છે, કે જે અંતે અધ્યાસમાં પરિણમે. અભ્યાસ અધ્યાસમાં પરિણમવો જોઇએ. અને વૈરાગ્ય ઐકયમાં પર્યવસિત થવો જોઇએ.

દેહાદિમાં અધ્યાસ પ્રત્યક્ષસિદ્ધ છે અને તે અનાયાસે સિદ્ધ થયેલો છે. એજ રીતે આત્મામાં અધ્યાસ જ્યાં સુધી અનાયાસપણે સિદ્ધ ન થાય, ત્યાં સુધી તે માટે અભ્યાસ –પ્રયત્ન આવશ્યક છે.

અધ્યાસ એટલે એકતાની અનુભૂતિ.

દેહાદિ પુદ્‌ગલમાં એકતાની મિથ્યા અનુભૂતિ છે, તે વૈરાગ્યથી નિવારી શકાય અને આત્માની સાથે તાત્ત્વિક એકતાની અનુભૂતિ નથી, તે ઉકત અભ્યાસથી સાધી શકાય.

સહજ સ્વભાવરમણતાની પરિણતિ વડે જ સહજાનંદ સુલભ છે તે માટે ઉકત બે ગુણોની સાધનાં અનિવાર્ય છે.

# પાત્રતાનો પાયો

## (૯)

સમગ્ર વિશ્વ તત્ત્વથી તીર્થ છે—એવી બુદ્ધિ થયા વિના વ્યવહારનયમાં નિષ્ણાત બની શકાતું નથી. વ્યવહારનય પરને વિષય કરે છે. પરમાં શત્રુ, મિત્ર, ઉદાસીન ત્રણે વર્ગ સમાઈ જાય છે. મોક્ષમાર્ગમાં એ ત્રણે વર્ગ ભિન્ન ભિન્ન રીતે ઉપકારક થઇ રહ્યા છે—એવી સમજણ આવે, તો જ ભવ્યત્વ વિકસે છે.

ભવ્યત્વ એટલે મુક્તિગમન યોગ્યત્વ. તેનો વિકાસ તેનું જ નામ પાત્રતા છે. અર્થાત્ પાત્રતા એટલે કૃતજ્ઞતા અને કૃતજ્ઞતા એટલે પાત્રતા એમ પરસ્પર અવિનાભાવી છે. કૃતજ્ઞતા ગુણની ટોચને સ્પર્શ્યા વિના સ્વતંત્રતા પ્રાપ્ત થઈ શકતી નથી. પરનો અનુગ્રહ સ્વીકારવો તે કૃતજ્ઞતા છે.

કૃતઘ્ન આત્માનો નિસ્તાર નથી, એનો અર્થ કૃતજ્ઞતા ગુણ સાધ્યા વિના કૃતઘ્નતા દોષનું નિવારણ થઇ શકતું નથી. શત્રુ, મિત્ર કે ઉદાસીન એ ત્રણે વર્ગ વડે હિત થઈ રહ્યું છે, તેથી ત્રણે વર્ગ ઉપકારી છે, એવી બુદ્ધિ ઉત્પન્ન થયા

વિના કૃતજ્ઞતા ગુણનો સ્પર્શ અધુરો રહે છે. તેટલા પ્રમાણમાં પાત્રતા અણવિકસિત રહે છે અને અયોગ્યતા ટળતી નથી.

સંપૂર્ણ નમ્રતા ગુણની પરાકાષ્ઠાએ પહોંચવા માટે વિશ્વત્રયને કોઈને કોઈ અવચ્છેદથી ઉપકારક માનવું અનિવાર્ય થઈ પડે છે. ત્રણે ભુવનનો ઉપગ્રહ પરસ્પર થઈ રહ્યો છે, એવું જ્ઞાન જે સૂત્રથી મળે છે, તે સૂત્રની પરિણતિ વ્યવહાર નયમાં નિષ્ણાત બનાવે છે.

નમ્રતા, કૃતજ્ઞતા, પાત્રતા, યોગ્યતા વગેરે એકાર્થક છે. તેને વિકસાવવા માટે વ્યવહાર અને નિશ્ચય ઉપકારક છે. તેને તીર્થસ્વરૂપ આદર આપતાં શીખવું જોઈએ. સાક્ષાત્ ઉપકારક રત્નત્રય અને તેનાં સાધનો છે, તેથી તેના પ્રત્યે પૂજ્યતાનો વ્યવહાર બહારથી પણ થઇ શકે છે. પરંપરાએ ઉપકાર તત્ત્વથી સર્વનો છે, તેથી તેના પ્રત્યે બાહ્ય વ્યવહાર પૂજ્યતાનો ન કરી શકાય પણ અંતરમાં તેને ઉપકારક તરીકે ગણવાનો નિષેધ નહિ, પણ વિધાન સમજવું. જો અંતરથી પણ તેને ઉપકારી ન મનાય, તો શત્રુભૂત અને ઉદાસીનભૂત પદાર્થો પ્રત્યે કૃતજ્ઞતા વિકસી શકે નહિ. અને જો તે ન વિકસે તો આત્મતત્ત્વની પ્રાપ્તિના અર્થાત્ મુક્તિસુખના અધિકારી બની શકાય નહિ. સ્વરૂપ લાભરૂપી મુક્તિ તેને જ મળે, કે જે સ્વભિન્ન વિશ્વને ઉપકારી માને, કૃતજ્ઞતા દ્વારા તેના પ્રત્યે ઉપશમભાવને કેળવે, સંક્લેશ રહિત બને.

સંક્લેશ રહિત બનવાનો અનન્ય ઉપાય કૃતજ્ઞતા ગુણ છે અને વિશ્વ સમસ્ત પ્રત્યે તે વિકસવો જોઈએ. તેમાં કોઈ એક પણ જીવ બાકાત ન રહેવો જોઇએ.

જેઓ નમનીય છે, ત્રૈલોક્યપૂજ્ય છે, તેઓ સર્વને નમીને નમનીય બન્યા છે, સર્વ પ્રત્યે કૃતજ્ઞતા ગુણ કેળવીને પૂજ્ય થયા છે. તેથી તેમને ભાવથી નમસ્કાર તો જ થઇ શકે કે નમનારના હૃદયમાં સર્વ પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ રહેલો હોય. તે ન હોય તો નમનીયને નમન પહોંચતું નથી અર્થાત્ દ્રવ્ય નમસ્કાર થાય છે પણ ભાવ નમસ્કાર થતો નથી. ભાવ નમસ્કાર કરવા માટે તેમનામાં રહેલા કૃતજ્ઞતા ગુણને પણ નમવું જોઈએ.

આ વિશ્વમાં મારો એક પણ અપકારી છે નહિ, બધા જ મારા ઉપકારી છે–એવી વિચારણાને વર્તનમાં લાવવાથી સાચો અરિહંતભાવ પરિણત થાય છે. તેમાં ભારોભાર કૃતજ્ઞતા રહેલી હોય છે. 'નમો અરિહંતાણુ—પદ પણ આ જ તાત્પર્યને પ્રકાશે છે. કોઇ એક પણ જીવને અપકારી માન્યો એટલે અરિહંતભાવનો અપલાપ થયો–એમ માનીને સર્વ સાથે આત્મીયતાપૂર્ણ વર્તન કેળવવામાં સ્વપરહિત છે.

# શુદ્ધ આત્મ–દ્રવ્યની મધુરતા

## (૧૦)

આત્મદ્રવ્યની મધુરતા એટલી બધી અનુભવાય છે, કે રોજરોજનાં કામ નાટકમાં સોંપવામાં આવેલ પાઠની જેમ કરીને નિત્ય સામાયિકમાં અનંતકાળ સુધી સિદ્ધ ભગવંતોની જેમ રહી શકવાની ઝાંખી થાય છે. નિજસ્વરૂપ તે જિન-સ્વરૂપ છે–એમ સામયિકમાં પ્રણવના ધ્યાન વખતે કિંચિત અનુભૂતિ થાય છે, તેથી ખૂબ ખૂબ પ્રસન્નતા અનુભવાય છે.

પ્રણવના ધ્યાનમાં શબ્દાતીત એક માત્ર જ્ઞાન ચેતના રહે છે.

શુદ્ધાત્મ દ્રવ્યની મધુરતા જે નિશ્ચય સામયિકરૂપ છે, તે અહીં અનુભવાય છે. શુદ્ધ જ્ઞાન ચેતનાની અનુભૂતિ બાદ જે સાનુકૂળતાઓ જોઇએ, તે ખેંચાઈ ને આવે છે. શુદ્ધાત્મ દ્રાવ્યનું ધ્યાન એક બાજુ કર્મની નિર્જરા કરે છે અને બીજી બાજુ ઉત્કૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરાવે છે.

આત્માનુભૂતિ આગળ શરીર પણ ઉપાધિ તુલ્ય ભાસે.

સચ્ચિદાનંદ સ્વરૂપની ઝાંખી વખતે એવો અનુપમ આનંદ હોય છે, તે સદા કાળ ટકી રહે તેવી તીવ્ર ભાવના પ્રગટે છે.

શ્રી નવકાર પ્રત્યેની પ્રીતિ–ભક્તિ ટુંક સમયમાં ઠેઠ સ્વરૂપ–લાભ સુધી લઈ જઇ શકે છે–એ પંચ પરમેષ્ઠિ ભગવંતોનો કેટલો મહાન ઉપકાર છે!

તે જ રીતે શ્રુતજ્ઞાન પણુ તેના કોઈ પણુ આરાધકને અનુભૂતિ પર્યંતનું જ્ઞાન આપી શકે છે. માટે શાસ્રો અને તેના રચયિતાઓની અપરિચિત શક્તિઓને ઓછી ન આંકવી જોઇએ. પોતાની બુદ્ધિના ટુંકા ગજ વડે કદી ન માપવી જોઈએ. શાસ્રોનું ધ્યેય પણુ તેનું આલંબન લેનારને આમસાક્ષાત્કાર કરાવી આપવાનું છે.

માટે શ્રીનવકાર તેમજ શાસ્ત્રનું હંમેશા અનન્યભાવે સ્મરણુ–મનન–ચિંતન ધ્યાન કરવું જોઇએ. તેનાથી આત્મા તરફ વળાય છે. એક વખત આ વલણુ થાય છે એટલે બહિરાત્મભાવ ક્ષીણુપ્રાયઃ થઇ જાય છે અને ધસમસતી સરિતાની જેમ સમગ્ર શક્તિઓનો પ્રવાહ આત્મભાવમાં સમાઇ જવા થનગની ઉઠે છે. આવો અનુભવ શ્રી નવકાર ભક્તિ અને શાસ્રભક્તિથી શીઘ્ર થાય છે.

# આત્માની એકતા

## (૧૧)

‘ ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ,
આપણો આતમા તેહવો ભાવીએ.’

આ કડીમાં ‘તુલ્યતા બતાવી છે.

‘जारिस सिद्धसहावो तारिस सहावो होइ सव्वजीवाणं ॥
—સિદ્ધ પ્રાભૃતિકા

जीवो जीवत्वावस्थः सिद्ध इति

—તત્વાર્થવૃત્તિ

‘ જાતિ જસુ એકતા તેહ પલટે નહિ
શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી.’

આ પંક્તિથી પ્રભુ સાથે એકતાનું ભાવન બતાવેલ છે.

જીવ દ્રવ્યનો એવો સ્વભાવ છે, કે અનાદિથી આવૃત્ત

હોવા છતાં સ્વજાતિનો ત્યાગ કદી કરતો નથી. આ માટે 'एगे आया' એ પાઠની સાક્ષી આપેલી છે.

સિદ્ધતા એ જીવની પોતાની અવસ્થા છે. અસ્તિત્વાદિ ધર્મો સદા નિરાવરણ હોય છે. વિશેષ સ્વભાવો આવૃત્ત છતાં સામાન્ય સ્વભાવની સદા નિર્મળતા હોય છે. અને તે કોઈ પણ જીવથી જુદી નથી. તેથી સામાન્ય સ્વભાવની અપેક્ષાએ જીવો સત્તાએ શુદ્ધ છે' આ વિચારણાથી ધ્યાનમાં નિશ્ચળતા આવે છે અને અંતર્યામી પ્રભુનું તાત્ત્વિક મિલન થાય છે.

' સાત રાજ અલગા જઈ બેઠા.
પણ ભકતે અમ મનમાંહે પેઠા.'

એકતાભાવનને પ્રવચન અંજન તરીકે શ્રીજિનેશ્વરની જ્યોતિરૂપે વર્ણવેલ છે. એકત્વભાવનરૂપ અંજનના પ્રભાવે પરમ નિધાન સ્વરૂપ પરમાત્માનાં હૃદયનયન અર્થાત્ આંતર-ચક્ષુ વડે દર્શન થાય છે.

પરમનિધાનરૂપ પરમાત્મા આત્મમંદિરમાં પ્રત્યક્ષ બિ-રાજમાન છતાં જગદીશ સાથે એકતારૂપ જ્યોતિ વિના જોઈ શકાતા નથી. આ રીતે અનેક સ્થળોએ અનુભવગમ્ય વચનો દ્વારા મહાપુરૂષોએ 'એગે આયા' નું રહસ્ય શોધી બતાવ્યું છે.

એકતા; તન્મયતા, મગ્નતા, સમાધિ, સમતા, ચારિત્ર અનુભવદશા આદિ શબ્દો કથંચિત્ એકાર્થવાચી છે.

# યોગની તાલાવેલી

## (૧૨)

અધ્યાત્મવાદ સર્વ મનુષ્યોમાં બંધુત્વની ભાવના વિકસાવે છે, એટલું જ નહિ પણ જીવધારીઓને એક જ સૂત્રમાં બાંધે છે. બધાનું મૂળ એક પરમાત્મામાં માને છે.

જ્યાં સુધી વ્યક્તિ પોતાને બીજાથી ભિન્ન સમજે છે, ત્યાં સુધી સંઘર્ષ છે. જ્યારે બીજાની સાથે તે અભેદને સ્વીકારે છે, ત્યારે બધા ક્લેશોનું મૂળ નાશ પામે છે. એક અધ્યાત્મ દૃષ્ટિ જ તે માટે સમર્થ છે.

વિજ્ઞાનમાં 'ખોજ'નું મહત્ત્વ છે. અધ્યાત્મમાં 'દર્શન'નું મહત્ત્વ છે.

યોગનો અર્થ વૃત્તિ નિરોધ સાથે બ્રહ્મનો સાક્ષાત્કાર છે. ચિત્ત જ્યારે સર્વથા નિરુદ્ધ બને છે, ત્યારે બાહ્ય જગતથી સંબંધ કપાઈ જાય છે અને અંતરમાં રહેલ દેવત્વ પ્રગટ થાય છે.

મનુષ્યનો વ્યવહાર બાહ્ય સ્થિતિઓથી પરિચાલિત છે. તેથી જાગૃત અવસ્થાને તે વાસ્તવિક માને છે તથા સ્વપ્ન અને સુષુપ્તિને અવાસ્તવિક માને છે.

યોગસાધના વડે મનુષ્ય બાહ્ય સ્થિતિઓને સુષુપ્ત અને સ્વપ્નની જેમ જુએ છે અને વૃત્તિ નિરોધ વડે તેનાથી પૂર્ણપણે નિઃસંગ બની જાય છે. દેશ-કાળ અને કાર્ય-કારણ સંબંધથી પર બની જાય છે. પોતાને સીમિત મટીને નિઃસીમ અનુભવે છે. તે વખતે તેનામાં દિવ્ય સામર્થ્ય પ્રગટે છે. જે વ્યક્તિગત અનુભવની વાત હોવાથી શબ્દો વડે વર્ણવી શકાતી નથી.

પ્રત્યેક મનુષ્ય અમુક સીમા સુધી યોગી છે. અભ્યાસ અને વૈરાગ્ય વડે તે સીમાનું જેમ-જેમ ઉલ્લંઘન થતું જાય છે, તેમ-તેમ તે નિઃસીમ બનતો જાય છે.

યોગના ચરમ લક્ષ્ય સુધી પહોંચવા માટે સરળ અને નિષ્કલંક જીવન પ્રથમ સાધન છે. કામ, ક્રોધ અને લોભ વડે થતા અસત્ય, હિંસાદિ વ્યાપારોનો ત્યાગ અને યોગની ચરમ સીમાએ પહોંચેલની ઉપાસના—એ આવશ્યક શરત છે.

ત્યાબાદ આસન પ્રાણાયામ વડે દેહ અને પ્રાણ પર પ્રભુત્વ પ્રાપ્ત કરવાનું હોય છે. પ્રત્યાહાર વડે ઇન્દ્રિયો અને મનનો વિજય પ્રાપ્ત કરવાનો હોય છે. બુદ્ધિના વ્યાપારો અને અહંકારભાવનો વિજય અંતે ધ્યાન અને સમાધિ વડે સિદ્ધિ થાય છે, ત્યારે ઋતંભરા પ્રજ્ઞા અને કૈવલ્યદશા પ્રગટે છે.

પ્રિયતમ પ્રભુનો વિયોગ અતિશય વસમો લાગતાં યોગની તાલાવેલી આ ક્રમે સાકાર બને છે.

# સુરતા યાને મંત્રયોગ

## (૧૩)

શબ્દમાં સુરતા પરોવવી.

શ્રુતોપયોગને ભાવસંવર અને બહુ નિર્જરાદિ ગુણવાળો માનવો.

શ્રુતોપયોગ બહુ મૂલ્યવાન છે. તેનો હેતુ એ છે, કે શ્રુતદ્વારા શ્રુતને કહેનારા વીતરાગ પુરુષોમાં સુરતા પરોવાય છે.

દા.ત. સર્વ શ્રુતનો સાર શ્રી નવકાર છે. નવકારરૂપી સારભૂતશ્રુતમાં જ્યારે સુરતા ઉપયોગ પરોવાય છે, ત્યારે તે દ્વારા શ્રુતને કહેનારા સર્વજ્ઞ પુરુષોમાં ચિત્તવૃત્તિ જોડાય છે. સર્વજ્ઞત્વ આત્મતત્ત્વ છે. એટલે આત્મામાં ઉપયોગ જોડાય છે. નવકાર દ્વારા સર્વજ્ઞ, સર્વદર્શી શુદ્ધાત્મતત્ત્વને નમસ્કાર થાય છે. તે શ્રુત દ્વારા શ્રુતને પ્રકાશિત કરનાર સર્વજ્ઞ પુરૂષોમાં ચિત્તવૃત્તિ પરોવાય છે.

શ્રી નવકારમાં નમનીય-નમસ્કાર્ય અને કથનીય આત્મ-તત્ત્વ બંને શુદ્ધ સ્વરૂપી હોવાથી તેમાં ચિત્તવૃત્તિનો ઉપયોગ, તે સંવર અને નિર્જરાનો હેતુ બને છે.

શ્રુતોપયોગ એ સોયમાં દોરો પરોવવાની ક્રિયારૂપ છે. અહીં સોય તે આત્મા છે, દોરો તે શ્રુત છે અને તેમાં ઉપયોગ તે સોયમાં દોરો પરોવવાની ક્રિયારૂપ છે. એકાગ્ર ઉપયોગ વડે તે કાર્ય સિદ્ધ થાય છે.

શ્રુતશબ્દ જ્ઞાનવાચક છે અને જ્યાં જ્ઞાન હોય ત્યાં જ્ઞાતા અને જ્ઞેય પણ હોય જ છે. જ્ઞાતા શ્રુતોપયોગવંત જીવ છે અને જ્ઞેય શ્રુત પ્રકાશમય શુદ્ધાત્મતત્ત્વ છે. શુદ્ધાત્મતત્ત્વને વિષે ઉપયોગ તે સર્વ સિદ્ધિનું કારણ છે. તે જ સમાપત્તિ છે. નિર્વાણફલપ્રદા યોગીમાતાની ઉપમા તેને ઘટે છે.

શ્રુત શબ્દ વડે કહેનારનો બોધ થાય છે અને સાંભળનારની પણ ઉપસ્થિતિ થાય છે. તથા કથનીય તત્ત્વ તરફ પણ વૃત્તિ ખેંચાય છે. શ્રુતના કહેનાર આદ્ય પુરુષ સર્વજ્ઞ અને સર્વદર્શી છે. શ્રુતને સાંભળનાર સર્વજ્ઞતાનો અર્થી જીવ છે. અને શ્રુત વડે કથનીય તત્ત્વ સાક્ષાત્ યા પરંપરાએ શુદ્ધાત્મતત્ત્વ છે.

સર્વજ્ઞોનું જ્ઞાન શબ્દ વડે અભિવ્યક્ત થયેલું છે. શબ્દ એ સૂત્ર છે, તેમાં પરોવાયેલ આત્મા તે સોય છે અને તેને વિષે ઉપયોગ તે સોયની સાથે દોરાની એકતાની અનુભૂતિ કરનાર મનોવ્યાપાર છે.

શ્રી નવકારરૂપી સૂત્રમાં ઉપયોગ તે શબ્દમાં સુરતાને પરોવવાની ક્રિયા છે.

શબ્દ એટલે કથક અને કથનીય શુદ્ધ આત્મતત્ત્વ, તેને વિષે મનનું વિલીનીકરણ તે સુરતા શબ્દયોગ છે. તેને જ મંત્રયોગ કહેવાય છે. શબ્દના મનન વડે આત્માનું ત્રાણ થાય છે, માટે તે મંત્ર છે.

સુરતા થતાં આત્માની સુરત પમાય છે, વિરક્તતા સહજ બને છે, અન્યત્ર નામ માત્ર રતિ રહેતી નથી. એટલે સર્વ વિરતિના પરિણામ જાગે છે.

સુરતાનું અંજન એટલે શ્રી નવકારનું સ્મરણ-શરણ મનન-ધ્યાન. જ્યારે જગતનો કોઈ પદાર્થ આપણને આંજી ન શકે ત્યારે માનવું કે આપણને સુરતા લાગુ પડી છે. સ્વાત્મ સત્તા પ્રાપ્ત થઈ છે,

મનનું મૌન એ છેવટનું મૌન છે. મનમાં સંકલ્પ-વિકલ્પનો ઉદય જ ન થાય, એવી ઉન્મન્ત અવસ્થામાં શાન્તિનો ચિર નિવાસ હોય છે. મનને નિસ્તરંગ કરી સમાધિમાં લીન બનાવવું એ ખરૂં મૌન સાધવાનો પ્રયોગ છે. યોગ દ્વારા મનનો પર તત્ત્વમાં રોધ, એ મહા મૌન છે. આવા મૌનની અસર વિશ્વ જીવનને થાય છે, આવો માણસ જ્યારે બોલે ત્યારે તેના બોલ શાસ્ત્ર બને છે.

# ધ્યાનનું ધ્યેય.

## (૧૪)

મોક્ષ સાધક સર્વ અનુષ્ઠાનોનું ધ્યેય આત્માનો અનુભવ છે, આત્મિક સહજ સમતા સુખનો અનુભવ કરાવવો તે જ છે.

તે સર્વ સાધનાઓમાં આત્માનુભવ કરવવાનું પ્રધાન સાધન ધ્યાન યોગ છે. કર્મયોગ, ભક્તિયોગ વગેરે ધ્યાન યોગના સાધનો છે.

ધ્યાનયોગના અનેક પ્રકારો છે. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ રૂપાતીતઆદિનું જ્ઞાન મેળવી તેનો સતત અભ્યાસ કરવો જોઈએ.

પ્રથમ પિંડસ્થ–પાંચ ધારણાઓ.

પછી પદસ્થ મંત્ર–જાપ વગેરે.

પછી રૂપસ્થ-સમવસરણસ્થ જિન પ્રતિમાદિ વગેરે આલંબનો દ્વારા અરિહંતાદિના સ્વરૂપનું ચિંતન કરવું. પછી સ્વાત્માને પણ પરમાત્મ સ્વરુપે ધ્યાવવો એથી આત્મતત્ત્વનો અનુભવ થશે.

શુદ્ધ સંગ્રહ નયે સત્તાથી સર્વ જીવોનું સ્વરુપ સિદ્ધ સમાન છે, તેથી પરમાત્માના આલંબને વૃત્તિઓની નિર્મળતા અને સ્થિરતા થતાં અનુક્રમે શુદ્ધાત્મસત્તામાં તન્મયતા પ્રાપ્ત થાય છે.

આત્મા-પરમાત્મા કે જીવાત્માનું શુદ્ધ સ્વરુપ-ચૈતન્ય સ્વરુપ એકસરખું છે. તેથી પરમાત્મ ધ્યાનમાં તન્મય બનેલો આત્મા પોતાનું પરમાત્મ સ્વરુપ અનુભવે છે. એ જ 'અનુભવ દશા' છે. એને જ આત્મદર્શન કે આત્માનુભવ કહે છે.

આલંબન દ્વારા ધ્યાન સૂક્ષ્મ બને છે. સૂક્ષ્મમાં એકાગ્રતા આવવાથી નિરાલંબતા પ્રાપ્ત થાય છે, ત્યારે લય અવસ્થા પ્રગટે છે. લય અવસ્થાને પ્રાપ્ત થયેલો પરમાત્મ સ્વરુપમાં તન્મય બની, સ્વ-રુપને અનુભવે છે, જે ધ્યાનનું ધ્યેય છે.

દેહાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ એ બહિરાત્મબુદ્ધિ છે. તેનો ત્યાગ કરવાથી અંતરાત્મા-બુદ્ધિ પ્રગટે છે. તે પછી જ ધ્યેય સ્વરુપ પરમાત્માનું ધ્યાન, ધ્યાતા અંતરાત્મા કરી શકે છે.

બહાર જે વસ્તુ નથી તેની ત્યાં જ શોધ કરવાથી લાખો વર્ષે પણ તે મળતી નથી. તેની શોધ તો તે જ્યાં રહેલી છે ત્યાં જવાથી સફળ થાય છે. આજ વાત બહિરાત્મ-ભાવને લાગુ પાડીને વિચારશું તો આપણને અંતરાત્મભાવ દ્વારા પરમાત્મભાવમાં સ્વાત્માના શુદ્ધ સ્વરુપનો ભેટો થશે.

# ન્યાયમાં ધર્મ

## (૧૫)

વિષયોની આસક્તિ દૂર કરવી હોય, તો કોઈ ઊંચી જાતની વસ્તુમાં આસક્તિ કેળવો, તેની જ ઉપાસના કરો. પ્રભુની આજ્ઞા એ જ આ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ વસ્તુ છે, અને સર્વને ઉપકારક છે, તેથી તેના ઉપર પ્રેમ કરો, આસક્તિ કેળવો. અહીં આસક્તિનો અર્થ સર્વાધિક સૂદૃઢ સ્નેહ કરવો.

સર્વથી અધિક અને અત્યંત દૃઢ સ્નેહ પ્રભુની આજ્ઞા ઉપર જાગે, તો તેનું ભવભ્રમણ ટળી જાય. આજ્ઞાનો ટુંકામાં ટુંકો અર્થ કરવો હોય તો તે ન્યાયયુક્ત વર્તન છે.

સર્વ જીવો પ્રત્યે, જીવની સર્વ અવસ્થાઓ પ્રત્યે ન્યાયયુક્ત પ્રવર્તન એટલે અહિંસા, સંયમ અને તપ અથવા સામ, સમ અને સમ્મ અર્થાત્ સર્વ જીવોને આત્મ તુલ્ય માનવા તે ન્યાય છે, તે સામ પરિણામ છે. સર્વ અવસ્થાઓ કર્મકૃત હોવાથી તેના પ્રત્યે તટસ્થ ભાવ રાખવો તે ન્યાય છે, તે સમપરિણામ છે.

સર્વ નયો, અપેક્ષાઓ, દૃષ્ટિબિંદુઓ પ્રત્યે તુલ્ય આદર રાખવો તે ન્યાય છે. દરેક અપેક્ષાઓમાં આંશિક સત્ય રહેલું છે, તેનો સ્વીકાર કરવો તે અનેકાન્ત ન્યાય છે, તે સમ્મ પરિણામ છે.

માર્ગાનુસારિથી માંડીને ચૌદમા ગુણસ્થાનક પર્યંત સર્વત્ર ન્યાય બુદ્ધિથી પ્રવર્તન તે મોક્ષમાર્ગ છે. તે જ પ્રભુની આજ્ઞા છે.

મોક્ષમાર્ગ એ જ્ઞાન, દર્શન અને ચારિત્ર સ્વરુપ છે. દર્શન જ્ઞાન, ચારિત્ર, સામ, સમ અને સમ્મ સ્વરુપ છે. સામ, સમ અને સમ્મ એ ન્યાય બુદ્ધિરુપ છે, તેથી ધર્મરુપ છે. પ્રભુની આજ્ઞારૂપ છે. તેના ફળરૂપે અહિંસા, સંયમ અને તપનું આચરણ થાય ત્યારે જ જીવને મુક્તિ મળે છે.

પરમ સામ્ય, મહા ન્યાય જેનામાં છે, તે શ્રી અરિહંત છે. એટલે શ્રી અરિહંતની ઉપાસનામાં મહાન્યાયની ઉપાસના છે. લૌકિક ન્યાયનું સૌંદર્ય, લોકોત્તર ન્યાય સમજીને તેને આચરવાની શક્તિ પ્રદાન કરે છે.

ન્યાય એ જ વિશ્વમાં માનનીય છે, વંદનીય છે, સત્કાર અને સન્માનને પાત્ર છે. ન્યાયની શક્તિ, રાજ્યની શક્તિથી પણ ઉપર છે. પ્રજા ઉપર શાસન રાજ્યનું છે, રાજ્ય ઉપર શાસન ન્યાયનું છે.

અહિંસાદિ અને ક્ષાન્ત્યાદિ ધર્મોમાં ન્યાયનું અનુસરણ છે. ન્યાય એ જ માર્ગ છે અને માર્ગ રત્નત્રય સ્વરુપ છે.

સમ્યગદર્શન એ ન્યાયની રુચિ છે, સમ્યગ્જ્ઞાન એ ન્યાયનો અવબોધ છે, સમ્યક્ ચારિત્ર એ ન્યાયનો અમલ છે. ન્યાયનો ભંગ એ માર્ગનો ભંગ છે અને માર્ગનો ભંગ એ શિક્ષાને પાત્ર છે.

અહિંસાથી બીજા જીવોને ન્યાય મળે છે, સંયમ અને તપથી પોતાના આત્મા પ્રત્યે ન્યાયભર્યું વર્તન થાય છે. ન્યાયને અનુસરનારો સમતા સુખને પામે છે. ન્યાયબુદ્ધિ વિષય સુખ પ્રત્યે વૈરાગ્ય જાગાડે છે અને મોક્ષ સુખ પ્રત્યે અનુરાગ જગાડે છે.

આર્હંત્યની સત્તા વિશ્વવ્યાપી છે, એમ જ્યારે કહેવામાં આવે છે ત્યારે તેમાં મહાન્યાયની જ પ્રશંસા છે. તાત્પર્ય કે ન્યાય એ ધર્મ છે.

જેઓ ત્રિભુભવનને નમસ્કરણીય બન્યા છે, તેઓ આત્મદૃષ્ટિએ પોતાથી કોઈ નાનું નથી, એ ભાવને સ્પર્શીને જ બન્યા છે. તે કારણે નમસ્કરણીયનો નમસ્કાર આપણામાં સાચો નમસ્કાર લાવે છે.

# ત્રિકરણ યોગ

## (૧૬)

'આરાધનામાં યાદ કરજો, દેવદર્શનમાં યાદ કરજો. યાત્રામાં યાદ કરજો, સંઘની વતી દર્શન કરું છું,' ઈત્યાદિ સમાચારીની પાછળ શો આશય રહેલો છે?

આ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે શ્રી જિનશાસનની પ્રત્યેક આરાધના ત્રણ કરણ અને ત્રણ યોગથી કરવાની હોય છે, પછી તે પ્રતિક્રમણ હો, કે પડિલેહણ હો, પ્રભુની ભક્તિ હો કે શ્રી નવકારનું સ્મરણ હો, અઢાર હજાર શીલાંગ હો કે મિચ્છામિ દુક્કડં હો, પણ તેમા ત્રણ કરણ અને ત્રણ યોગ હોવા જોઇએ.

ત્રણ કરણ એટલે મન-વચન કાયાનો વ્યાપાર અને ત્રણ યોગ એટલે મનથી, વચનથી અને કાયાથી થતું કરણ કરાવણ અને અનુમોદન. મનથી જેમ કરવાનું છે, તેમ જેઓ નથી કરતા તેઓ કરે અને જેઓ કરી રહ્યા છે તેનું અનુમોદન થાય ત્યારે મનના ત્રણ યોગ સધાય છે. એ રીતે વચનના અને કાયાના કરણની સાથે કરાવણ અને અનુમોદન જોડાયેલા હોય છે, તો તે ક્રિયા શુદ્ધ બને છે અને મુક્તિ-પર્યંતનાં ફળને આપનારી થાય છે.

મુક્ત એટલે અવ્યાબાધ સુખ, તે સાધ્ય છે ષડ્જીવ-નિકાયહિત એ સાધન છે. અવ્યાબાધ સુખનો વિચાર એ આત્મના ઉર્ધ્વતા સામાન્યને ઉદ્દેશીને છે ષડ્જીવનિકાયનું હિત એ આત્માના તિર્યક સામાન્યને ઉદ્દશીને છે.

વસ્તુમાત્ર સામાન્ય વિશેષ રુપ છે. સામાન્યના બે ભેદ છે. એકતિર્યક અને બીજું ઉર્ધ્વ. પ્રદેશ ભેદે અભેદ તે તિર્યક સામાન્ય અને કાળભેદે અભેદ તે ઉર્ધ્વતા સામાન્ય.

વિશેષ પણ બે પ્રકારનું છે. એક ગુણરુપ અને બીજું પર્યાયરુપ. ગુણરૂપ વિશેષ એ તિર્યક સામાન્યનું વિશેષ છે અને પર્યાયરૂપ વિશેષ એ ઉર્ધ્વતા સામન્યનું વિશેષ છે.

ગુણ એ સહભાવી પર્યાય છે અને પર્યાય એ ક્રમભાવી પર્યાય છે. ક્રમભાવી પર્યાયરૂપ વિશેષની આસક્તિનું નિવારણ ઉર્ધ્વતા સામાન્યના વિચારથી સધાય છે, સહભાગી પર્યાયરૂપ વિશેષનું અયોગ્ય આચરણ તિર્યક સામાન્યના વિચારથી નિવારી શકાય છે.

સંસારરૂપ વિષય કષાયનો પ્રતીકાર આ રીતે ઉભય પ્રકારના સામાન્ય ધર્મના વિચારથી ઉત્પન્ન થતા સમભાવ વડે સાધી શકાય છે. તેથી ધર્મના, યોગના, અધ્યાત્મના લક્ષણુમાં શાસ્ત્રોક્ત અનુષ્ઠાનની સાથે મૈત્ર્યાદિ ભાવોનો પ્રવેશ કહેલો છે. આગમભાષામાં ત્રિકરણયોગ શબ્દ અને યોગભાષામાં મૈત્ર્યાદિ ભાવો એક જ અર્થને કહેનારા છે.

# કાયોત્સર્ગનો પ્રભાવ

## (૧૭)

ઉપવાસથી ઇન્દ્રિય–જય, મનોનિગ્રહ, વાસના ક્ષય અને પ્રાણસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

ઉપવાસ ત્રણ પ્રકારના છે.

વાણીનો ઉપવાસ તે મૌન છે.

મનનો ઉપવાસ તે ધ્યાન છે.

શરીરનો ઉપવાસ તે આહાર ત્યાગ અને એક સ્થાને સ્થિર આસન છે. શરીરના ઉપવાસથી ઇન્દ્રિયોનો જય, મનના ઉપવાસથી મનોનિગ્રહ અને વાણીના ઉપવાસથી પ્રાણનો વિજય થાય છે.

કાર્યોત્સર્ગમાં ત્રણે પ્રકારના ઉપવાસનો લાભ મળે છે. તેથી કાર્યોત્સર્ગની ક્રિયાને શાસ્ત્રમાં અભ્યંતર તપનો ઉત્કૃષ્ટ એક પ્રકાર કહ્યો છે.

આહાર ત્યાગરૂપ ઉપવાસની સાથે જેમાં મૌન, ધ્યાન અને એક સ્થાન સ્થિર થવાની ક્રિયા થાય છે, તે કાર્યોત્સર્ગનો અભ્યાસ પાડવામાં આવે, તો તપનો હેતુ જે કર્મક્ષય છે, તે અવશ્ય સિદ્ધ થાય છે.

કાર્યોત્સર્ગ (કાઉસગ્ગ) કર્મને આવવાના દ્વાર–મન, વચન અને કાયા તેનો નિરોધ કરે છે અને કર્મક્ષયના કારણ ઈન્દ્રિયજય, મનોનિગ્રહ અને વાસનાક્ષયનું સેવન થવાની સાથે પ્રાણ સિદ્ધિ જેનું બીજું નામ વીર્યવૃદ્ધિ છે, તેનો પણ લાભ મળે છે.

સ્થાન, મૌન અને ધ્યાન વડે થતો કાયાનો ઉત્સર્ગ એ અનુક્રમે દેહ, વાણી અને મન ઉપર પ્રભુત્વ અપાવે છે. દેહ, વાણી અને મન ઉપર પ્રભુત્વ પ્રાપ્ત થવાથી પ્રાણશક્તિઓનો સંચય થાય છે. પ્રાણ શક્તિઓના આ સંચયનું બીજું નામ સંયમ છે. એ સંયમ સર્વ પ્રકારની સિદ્ધિઓનું બીજ છે.

યોગદર્શનમાં ધ્યાન, ધારણા અને સમાધિ એક જ વિષય ઉપર થાય, ત્યારે તેને સંયમ કહેવામાં આવે છે. કાર્યોત્સર્ગ વડે થતો સંયમ એ યોગદર્શનમાન્ય સંયમથી અધિક છે.

કાર્યોત્સર્ગમાં ધ્યાન, ધારણા અને સમાધિ ઉપરાંત કાયાનું સ્થૈર્ય, વાણીનું મૌન પણ અભિપ્રેત છે. જોકે યોગ-

દર્શન પણ ધારણા, ધ્યાન અને સમાધિરૂપ સંયમના અધિકારી યોગના પ્રથમ અંગો યમ, નિયન, આસન, પ્રાણાયામ અને પ્રત્યાહારને સિદ્ધ કરનારને જ કહે છે. તો પણ તેમાં તરતમતાઓ રહેલી છે.

કાર્યોત્સર્ગમાં તો એ અંગના બધા અંગોનું સેવન અનિવાર્યપણે થતું હોવાથી સંપૂર્ણ યોગક્રિયા રૂપ છે. મનઃ-સંયમ ઉપરાંત ઇન્દ્રિય જય-સંયમરૂપ પ્રત્યાહાર, આસનજય અને પ્રાણજયરૂપ આસન અને પ્રાણાયામ તથા કાયાના સંયમ વડે યમ નિયમનું પૂર્ણપણે પાલન થાય છે.

દિલ નાજુક છે, કારણ કે ક્ષયોપશયભાવ યુક્ત છે. દિલ ભાવુક છે, કારણ કે રાગાદિ સહિત છે માટે તેને ક્ષણિક ભાવોમાં ન જોડતાં સ્થાયી ભાવોમાં પરોવવું જોઈએ. ક્રોધ, હિંસા, ઈર્ષ્યા આદિ ક્ષણિક ભાવો છે. વૈરાગ્ય, ક્ષમા, અહિંસા, મૈત્ર્યાદિ સ્થાયી ભાવો છે.

કૃતજ્ઞભાવ વિનાનો પરોપકાર અનંત વાર કર્યો પણ તે સમ્યગ્ જ્ઞાન, દર્શન વિનાનો હતો, માટે નિષ્ફળ ગયો.

# સમવાય કારણવાદ

## (૧૮)

વિશ્વ ઉપર પ્રભુત્વ પાંચ સમવાયનું છે. પાંચ સમવાય ઉપર પ્રભુત્વ શુભ ભાવનું છે. ચતુઃશરણગમનાદિ, એ શુભ-ભાવની આરાધના રૂપ છે. તેથી તે પાંચ સમવાય ઉપર પ્રભુત્વ ધરાવે છે.

વિશ્વ ઉપર કાબુ મેળવવા માટે પોતાની જાત ઉપર કાબુ મેળવવો જોઇએ. પોતાની જાત ઉપર કાબુ મેળવવા માટે પોતાની પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠું મન તેના ઉપર કાબુ મેળવવો જોઉએ.

ઇન્દ્રિયો અને મન ઉપર કાબુ ત્યારે જ આવી શકે કે જ્યારે સર્વત્ર વિલસી રહેલું ચૈતન્ય પોતાની શક્તિ વડે વિશ્વનું સંચાલન કરી રહ્યું છે, એ વાત સ્પષ્ટપણે હૃદય-ગત થાય.

વિશ્વસંચાલક પાંચ સમવાયો પર જે શુભભાવનું પ્રભુત્વ છે, તે શુભ ભાવ કયો ? ચતુઃશરણગમનાદિ વડે ઉત્પન્ન થતો

શુભભાવ એજ વિશ્વનો સંચાલક છે, એ ભાવની ઉત્પત્તિ શ્રી અરિહંતાદિના આલંબને થાય છે. તેથી વિશ્વનાં સાચા પ્રભુ શ્રી અરિહંતાદિ ગણાય છે. પાંચ સમવાયનું તત્ત્વજ્ઞાન પણ તેમની દયાની જ દેન છે.

સાધકને સર્વ પ્રકારના દોષોમાંથી મુક્ત કરાવનાર પાંચ સમવાયનું તત્ત્વજ્ઞાન છે. એ તત્વજ્ઞાન પૂરૂં પાડીને પ્રભુએ જીવોને (૧) પુરુષકારકના અહંકારી, (૨) ભાગ્યદૈવના પૂજારી (૩) કાળને પરાધીન, (૪) નિયતિના ગુલામ, (૫) સ્વભાવના દાસ થતાં બચાવ્યા છે તથા પ્રત્યેક કારણને તેના સ્થાને ઘટતો ન્યાય આપીને સદા પ્રસન્ન રહેતાં શિખવ્યું છે.

ચિત્તને સમત્વવાદની તાલીમ પાંચ કારણથી મળે છે. જેમ જેમ સમત્વભાવ વધે છે, તેમ તેમ કર્મક્ષય વધતો જાય છે.

સમ્યકત્વ સમત્વભાવરૂપ છે, વિરતિ અધિક સમત્વભાવ સૂચક છે. અપ્રમાદ એના કરતાં પણ અધિક સમત્વભાવને સૂચવે છે. એથી આગળ અકષાયતા, અયોગીતાદિ ઉત્તરોત્તર અધિકાધિક હોવાથી અધિકાધિક નિર્જરાના હેતુ બને છે.

પરસ્વરૂપ પુદ્દગલોને સ્વ-સ્વરૂપ અને સ્વસ્વરૂપ જીવોને પરસ્વરૂપ જાણવા તે અસમત્વભાવ છે.

શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળીપ્રરૂપિત ધર્મ એ ચાર મુખ્ય શરણાં છે. અને તે ચારેયમાં જીવને શરણ આપવાની અમાપ શક્તિ છે. માટે ચારના શરણા સ્વીકારમાં જ સહુનું એકાંતે હિત છે એમ જ્ઞાની પુરૂષોએ કહ્યું છે.

# અવિદ્યાનો વિલય

## (૧૯)

અવિદ્યાને દૂર કરવા માટે બુદ્ધિ સિવાય બીજા કોઈ અવયવની જરૂર પડતી નથી. અધ્યાત્મ શાસ્ત્રનું મનન–પરિશીલન કરવાથી આત્માનો સાક્ષાત્કાર થાય છે અને ભવભ્રમણ ટળી જાય છે,

જેમ સઘળાં જળ સમુદ્રમાં વિશ્રાંતિ પામે છે, તેમ સઘળાં પ્રમાણો અનુભવરૂપી મુખ્ય પ્રમાણમાં વિશ્રાંતિ પામે છે. અનુભવ પ્રમાણને પ્રત્યક્ષ તત્ત્વ કહેવાય છે. વૃત્તિરૂપી ઉપાધિને લઈને તે સંવિત્ કહેવાય છે અને 'હું' એવી પ્રતીતિના કારણે પ્રમાતા કહેવાય છે. વિષયરૂપે પદાર્થ કહેવાય છે. એ જ પરમતત્ત્વ સચ્ચિદાનંદ જગતરૂપે સ્ફુરે છે. અવિદ્યાથી તે ભોક્તૃ અને ભોગ્યમાં વહેંચાયેલું છે.

આત્માનુભૂતિ વિના નિત્યાનંદ અને પરમાનંદની પ્રાપ્તિ શક્ય નથી. જ્ઞાનથી શમાદિ ગુણો શોભે છે અને શમાદિ

ગુણોથી જ્ઞાન શોભે છે. જ્ઞાનથી ચારિત્રના અને ચારિત્રથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે.

આ વિદ્યમાન જગતના આકાર તરીકે એક શાશ્વત તત્ત્વ છે, તે સત્ સ્વરૂપ છે, ચિત્ સ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, સર્વ રીતે પરિપૂર્ણ છે.

હાલનું માનસ ભૌતિક અને માનસિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવામાં જ કૃતકૃત્યતા માને છે. મનથી પર જવામાં, અહં-બુદ્ધિને શાન્ત કરવામાં તેને આસ્થા નથી.

વિશ્વનું પરમ સત્યતત્ત્વ આત્મતત્ત્વ જ છે. એક આત્મા જ શાશ્વત છે, બીજા બધા પદાર્થો વિનાશી છે. આ સત્યને મનમાં સ્થિર કરવામાં અને તે પ્રમાણે જીવન ઘડવામાં આજના માનસને ઝાઝો રસ જણાતો નથી.

આત્મવિચારણામાં વિચરાય તો કૈવલ્યપદની પ્રાપ્તિમાં કશો પરિશ્રમ કરવો પડતો નથી. મનમાંથી દ્વૈતનો મૂળથી જ ઉચ્છેદ કરવામાં આવે તો આ પરમપદની પ્રાપ્તિ સુગમ છે. શમ, સંતોષ, સુવિચાર અને સત્સમાગમ આ શુભ કાર્યમાં સહાયક છે.

મોક્ષ જ્ઞાનથી મળે છે, કર્મ અને યોગ તેમાં સહાયક છે. મનને શાન્ત કરીને નિરાકાર–નિર્વિકાર આત્માનો અનુભવ એ મોક્ષ પદાર્થ છે. વિદ્વાનો સત્ વસ્તુને ઋત, આત્મા, પર બ્રહ્મ ઇત્યાદિ નામો આપે છે.

જગત બ્રહ્મથી જુદું નથી. દ્દષ્ટા ઉપર દૃશ્યનું આધિપત્ય તે સંસાર અને દૃશ્ય ઉપર દ્દષ્ટાનું આધિપત્ય (દ્દષ્ટપણું) તે મુક્તિ. દૃશ્ય ઉપર આધિપત્ય દીર્ઘકાળના યથાર્થ વિચારથી કેળવાય છે. પદાર્થમાં રસ, પુષ્પોમાં સુગંધ તેમ દ્દષ્ટામાં દૃશ્ય રહેલા છે. રાગ–દ્વેષ–મમત્વ વિના માત્ર જોવું....એ દ્દષ્ટાનો પારમાર્થિક સ્વભાવ છે.

જગતના સર્વ પદાર્થો અસ્થિર નાશવંત છે. પરમાત્માની સત્તાથી જ તે સત્તાવાન ગણાય છે. પરમાત્મા શુદ્ધ જ્ઞાન સ્વરૂપ, અખંડ શક્તિમય છે, નિર્વિકાર છે.

અવિદ્યાનો સર્વથા વિલય થતા, આ સત્ય હૃદયગત થાય છે. અવિદ્યાનો વિલય નિત્ય વિદ્યમાન એવા આત્માના સતત ઉપયોગમા રહેવાના અખંડ–અવિરત અભ્યાસથી થાય છે. આવા અભ્યાસમાં રૂચિ અને પ્રીતિ પરમાત્માના સ્તવન કીર્તન–ચિંતન–મનન અને ધ્યાનથી જન્મે છે, તે પછી અવિદ્યા ખૂબ જ ભારરૂપ લાગે છે.

આત્મવિચાર સિવાયના વિચારો ઉઠે તેને લેશ માત્ર સ્થાન ન આપતાં આત્મનિષ્ઠામાં મગ્ન થઈને રહેવું, એનું જ નામ પોતાની જાત ઈશ્વરને અર્પણ કરવી તે અથવા પ્રભુની શરણાગતિ છે.

# ધર્મસ્નેહ

## (૨૦)

'ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી
કોઈ ન બાંધે હો કર્મ જિનેશ્વર."

માર્મિક આ સ્તવન પંક્તિનો મર્મ એ છે કે-ધર્મ એટલે પૂર્ણઆત્મ સ્વરૂપ, તે રૂપ શ્રી જિનેશ્વરના ચરણ એટલે સ્મરણને-યથાર્થ સમજણને ગ્રહણ કર્યા પછી કોઈ જીવ કર્મ બાંધતો નથી. સંવર અને નિર્જરાભાવમાં રમણ કરે છે. તે માટે પરનો હું કર્તા નથી અને પરમાત્ર અનિત્ય છે, એ સમજણને સુનિશ્ચિત કરવી પડે છે. ધર્મક્રિયા તે પછી સ્વક્રિયા બને છે.

કોઈ પણ ક્રિયા કરી શકાતી નથી પણ કરાવાય છે. જ્યારે ધર્મ કરાય છે કરાવાતો નથી. તેમાં આટલો તફાવત છે. ધર્મ ક્રિયાધર્મ કરવાનું સાધન છે, પણ ધર્મ નથી, પાપક્રિયા પાપ કરવાનું સાધન છે પણ પાપ નથી. ધર્મી પાપક્રિયામાં પણ નિર્જરા કરે છે, જ્યારે પાપી ધર્મક્રિયામાં પણ બંધ કરે છે.

ધર્મીનું ચિત્ત ક્રિયાને શોધતું નથી, પણ ધર્મનાથના ચરણને શોધે છે. ક્રિયા કર્મના ઉદયથી થાય છે, ધર્મ સુમતિ વડે થાય છે અને સુમતિ, અહં અને મનના ત્યાગથી સધાય છે.

'અહં કરોમિ' એવા અહંભાવનો ત્યાગ ભવિતવ્યતાના વિચારથી અને સમબુદ્ધિ મમત્ત્વભાવનો ત્યાગ અનિત્યતાની ભાવનાથી સધાય છે. અહં-મમથી મુક્ત થયેલુ મન ધર્મનાથ-સિદ્ધભગવંતના ચરણમા રમે છે.

સિદ્ધભગવંતો લોકાલોક પ્રકાશક જ્ઞાનવાળા હોવાથી લોકસ્વરૂપ જેવી આકૃતિવાળા હોય છે. ચૌદરાજ લોકની ચારે બાજુ અલોક છે. અલોકમાં પણ સિદ્ધ ભગવંતનો જ્ઞાનપ્રકાશ હોવાથી તે પ્રકાશ સંપૂર્ણ મંડલ જેવો લાગે છે. અલોક મંડળયુક્ત લોકસ્વરૂપ સિદ્ધ ભગવંતરૂપી ધર્મનાથના વિરાટ સ્વરૂપી ચરણમાં નિજ આત્મા નમસ્કાર કરતો અનુભવાય છે, ત્યારે જાણે વામન-વિરાટનું મિલન થતું હોય તેવું જણાય છે ભક્તિના પ્રકર્ષથી તથા સિદ્ધભગવંતનાં વિરાટના અનુગ્રહથી વામન વિરાટ સ્વરૂપને પ્રાપ્ત કરે છે.

સિદ્ધ ભગવંતના અનુગ્રહની આ ભક્તિ ઉપર જ્યારે અનન્ય શ્રદ્ધા થાય છે, ત્યારે તે કર્મ નિર્જરામાં પ્રધાન કારણ બને છે. કર્મથી મુક્ત થવામાં સિધ્ધ ભગવંતનો અનુગ્રહ એ પ્રધાન કારણ છે અને એજ મુક્તિનો માર્ગ છે. ભગવંતના અનુગ્રહથી મુક્તિ અને નિગ્રહથી ભવભ્રમણ-એ ભક્તિનો મર્મ ત્યારે જ સમજાય છે.

# પાયાની વાત

## (૨૧)

ચિત્તને જુદી જુદી વૃત્તિઓ ધારણ કરતાં રોકવું, તેનું નામ યોગ છે. રોકવું એટલે વૃત્તિઓનું વિલીનીકરણ કરવું. ચિત્તવૃત્તિ એ સચ્ચિદાનંદનું એક વિશેષ સ્ફૂરણ છે.

વૃત્તિઓ નિર્મળ અને સ્થિર થઈ જાય તો આત્મા પોતાને ઓળખી શકે. વૈરાગ્યથી વૃત્તિઓ નિર્મળ થાય છે અને અભ્યાસથી સ્થિર થાય છે.

સરોવર એટલે ચિત્ત, તરંગો એટલે વૃત્તિઓ અને સરોવરનું તળિયું તે આત્મા. આત્મા અને ચિત્ત વચ્ચેનો ભેદ અભ્યાસ વિના સમજાતો નથી.

અભ્યાસ એટલે યોગાંગોની પુનઃ પુનઃ સત્કારપૂર્વક આવૃત્તિ–આદર અને પ્રેમપૂર્ણ અસભ્યસ્તતા. દીર્ઘકાળ સુધી અભ્યાસ માટે અખૂટ શ્રદ્ધા, અવિચળ દૃઢતા, અખંડ ધૈર્ય તેમ જ અથાગ પ્રયત્નની જરૂર પડે છે.

સ્વભાવ પર વિજય મેળવવા માટે ચાર વસ્તુની જરૂર છે. શ્રદ્ધા, સમજ, સંયમ અને તપ. સિદ્ધિ માત્ર અભ્યાસને આધીન છે.

અનુરાગ વિનાની ઉપેક્ષા વૃત્તિનું નામ વૈરાગ્ય છે. તૃષ્ણા કદી તૃપ્ત થતી નથી. તેને જેટલી સંતોષો તેટલી વધુ પ્રદીપ્ત બને છે.

વિષયોને આધીન તે સાધક નહિં, પણ વિષયો ઉપર જેનું વર્ચસ્વ છે, તે સાધક. ઇન્દ્રિયો વિષયો તરફ દોડે નહિં, તે માટે મૈત્રી, મુદિતા, કરૂણા, સદ્ભાવના આદિના અભ્યાસની જરૂર છે.

પુરુષના જ્ઞાન વડે પ્રકૃત્તિ ગુણોમાં અભાવની સ્થિતિ તે પર–વૈરાગ્ય છે. આત્માનું તાત્ત્વિક જ્ઞાન થાય ત્યારે ત્રણે ગુણો પરત્વે વિતૃષ્ણા જાગે છે. તે વખતે એક આત્મા જ રહે છે. ત્રણે ગુણો એટલે ત્રણ જાતની શકિતઓ.

સાધક જ્યારે પોતાના આત્મસ્વરૂપમાં વિરામ પામે છે, ત્યારે પરમ પ્રસન્ન સ્થિતિ પ્રાપ્ત થાય છે. એને જ કૃતકૃત્યતા કહેવાય છે.

અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા ચિત્તની જે સાત્વિક એકાગ્ર ધ્યેયાકાર વૃત્તિ તેનું નામ યોગાભ્યાસ ને પ્રધાન વિષય આત્મસાક્ષાત્કાર છે.

આત્મા સૂક્ષ્મતમ છે. તેથી સ્થૂલમાંથી સૂક્ષ્મમાં અને તેમાંથી સૂક્ષ્મતરમાં થઈ ને સૂક્ષ્મતમમાં જવાય છે, તેને જ આનંદ કહે છે. આ આનંદ આવ્યા પછી મોક્ષસુખ દૂર નથી.

# ધર્મ—મનુષ્ય જીવનનું પરમ સાહસ છે.

## (૨૨)

ધર્મ અતકર્ય છે, કારણ કે ધર્મ એ કોઈ વિચાર નથી કે કોઈ વિચારની અનુભૂતિ નથી, પણ નિર્વિચાર ચૈતન્યમાં થયેલો બોધ છે.

વિચાર ઇન્દ્રિયજન્ય છે, નિર્વિચાર ચૈતન્ય–અતીન્દ્રિય છે. નિર્વિચાર ચૈતન્ય જ્યારે પરમ બિંદુએ પહોંચે છે, ત્યારે તેને આત્માનો સાક્ષાત્કાર થાય છે.

આથી આત્માના સંબંધમાં વિચારણા વ્યર્થ છે. સાર્થક છે તે સાધના, કે જે નિર્વિચાર તરફ લઇ જાય છે.

વિચાર પરાયા છે. જ્ઞાનનો અગ્નિ આપણો પોતાનો છે. વિચાર આપણી સીમા છે. ઇન્દ્રિયો આપણી સીમા છે. આથી એ વડે જે જાણી શકાય તે સસીમ (સીમાવાળું) જ હોય છે. અસીમને જાણવા માટે એનાથી ઉપર ઉઠવું પડશે.

દ્રિયોથી પર ઇન્દ્રિયચિત્તની વિચારશૂન્ય અવસ્થામાં જેનો સાક્ષાત્કાર થાય છે. તે જ અનંત, અસીમ, અનાદિ આત્મા છે.

આત્માને જાણવાની આંખ શૂન્ય છે, તે જ સમાધિ છે અને તે જ યોગ છે. ચિત્તવૃત્તિઓના વિસર્જનથી એ બંધ આંખો ખૂલે છે. અને આખું યે જીવન અમૃત પ્રકારથી આલોકિત અને રૂપાંતરિત થાય છે, ત્યાં વિચાર નથી, દર્શન છે.

શૂન્ય વડે પૂર્ણનું દર્શન થાય છે. 'બસ માત્ર જોવું' એવા બિંદુ પર સ્થિર થતાં જ વિચાર ક્રમશઃ વિલય પામે છે.

પૂર્ણ થવાની જેને ચિંતા લાગી છે, તે રિક્ત અને શૂન્ય બની જાય છે. જે શુન્ય બનીને નિશ્ચિંત છે, તે પૂર્ણને પામે છે.

ધર્મ, મનુષ્યજીવનનું પરમ સાહસ છે. કારણકે તે પોતાને શુન્ય અને વિસર્જિત કરવાનો માર્ગ છે.

ધર્મ, ભયભીત લોકો માટેની દિશા નથી. સ્વર્ગના લોભથી પીડાતા અને નરકના ભયથી કંપતા લોકો માટે ધર્મ પુરુષાર્થ નથી. એ બધા પ્રલોભનો અને ભયોને મૃત્યુ આપવાનું છે. જેઓ એટલા નિર્ભય અને સાહસિક છે, તેઓ જ સંપૂર્ણ અને સત્ય ધર્મને પ્રાપ્ત કરી શકે છે.

# પ્રાર્થના અને શુભેચ્છા

## (૨૩)

પુણ્યનું ફળ શુભ છે, તેથી તે બીજા માટે ઇચ્છાય. પાપનું ફળ અશુભ છે, તેથી તે બીજા માટે ઇચ્છાય નહિ. બીજાના અશુભની ઇચ્છા, બીજાને અશુભ કરે કે ન કરે, પણ પોતાના શુભનો તો ઘાત કરે જ છે. અશુભ ઇચ્છયું ત્યાં જ શુભ પલાયન થયું સમજવું.

કોઈને પોતાનું અશુભ ગમતું નથી–એ હકીકત જ સર્વ માટે શુભ વાંછવાની ફરજ પાડે છે. પોતાના શુભ માટે બીજાનું અશુભ ઇચ્છવું એ સામાને અપશુકન કરાવવા માટે પોતાનું નાક કાપવા બરાબર છે. મેલા દર્પણમાં મોં ન દેખાય, તેમ મેલવાળા મનમાં શુભ ન ઝીલાય.

આ અપશુકન શુભ જ્યોત્સના સમ મૈત્ર્યાદિ ભાવોનો ઘાત કરનાર વૈચારિક કાલિમા છે. કાળા કોલસા કરતાં ય વધુ કાળી આ કાલિમા કદી કોઇના મનમાં દાખલ ન થાય એવી ભાવના ભાવવી, તે શુભાકાંક્ષી માત્રની ફરજ છે. સર્વ

માટે ઈચ્છીએ ખરેખર તે જ, જે અંતઃકરણપૂર્વક જાત માટે ઇચ્છતા હોઈ એ.

નાશવંત પદાર્થોની માગણી એ પ્રાર્થનારૂપ નથી, પણ વાસનારૂપ છે. જે ક્ષણથી જીવાત્મા ક્ષણિક વસ્તુથી વિરમે છે અને નિત્ય વસ્તુને ઝંખે છે, તે ક્ષણથી જ સાચી પ્રાર્થના શરૂ થાય છે દિવ્ય પ્રાર્થનાનો એ સનાતન પ્રવાહ વહેતો જ હોય છે. સાધુ, સંત અને ભકત આત્માઓ સદા નિષ્કામ પ્રાર્થના કરતા હોય છે.

એ પ્રાર્થના સ્વીકારરૂપે જ જાણે માનવ પ્રાણીઓને પૃથ્વી, પાણી, પવન, વૃક્ષ, સૂર્ય, ચંદ્ર અને મેઘ આદિ સમસ્ત પ્રકૃતિ નિર્વ્યાજ સહાય કરી રહી હોય—એમ શું અનુભવાતું નથી ?

ચિત્ત–ચૈતન્યની દિવ્ય એકતા એ આત્માનું રસાયણ છે, તે માટેની પ્રાર્થના જેઓના હૃદયમાં ઉગે છે, તેઓ નિઃશંક, નિર્ભિક અને નિર્વિકલ્પ બની જાય છે. આવી દિવ્ય પ્રાર્થનાનું તત્કાલ ફળ હૃદયશુદ્ધિ છે. હૃદયને શુદ્ધ કરવું અને તે શુદ્ધિને ટકાવી રાખવી એ જ પ્રાર્થનાની ખરી સિદ્ધિ છે. શુદ્ધ અને સ્વસ્થ હૃદયમાં પરમાત્માનું યથાર્થ પ્રતિબિંબ પડી શકે છે.

ચિત્તમાંથી રાગ, દ્વેષ, માયા, કપટ, વિષય વિકાર આદિના કુસંસ્કારો જેટલા અંશે દૂર થાય છે, તેટલા અંશે હૃદયરૂપી આરીસો શુદ્ધ થાય છે. તેટલા પ્રમાણમાં આત્માને

પરમાત્માના સાન્નિધ્યનો લાભ મળે છે. હૃદયશુદ્ધિ માટેની આ તાલીમનું નામ જ ઈશ્વર પ્રાર્થના છે.

નિત્યવસ્તુની પ્રાપ્તિ માટેની ઝંખના જ હૃદયશુદ્ધિ કરે છે. ભગવાન પ્રત્યે ભક્તિ ધારણ કરનારા ભક્તજનો પણ હંમેશાં હોય છે. બાહ્ય દૃષ્ટિએ તેઓ ન દેખાય તો પણ અંતર્દૃષ્ટિ જાગે અને આપણામાં ભગવદ્‌ભાવની ઝંખના થાય, તો તેવા ભક્તો નજરે પડે છે.

વિજળીનો દીવો કરવા માટે તારના બે છેડા જોડવા પડે છે, તેમ ભગવદ્‌ભાવનો પ્રકાશ મેળવવા માટે પણ Positive અને Negative ને એક કરવા પડે છે.

ભગવાન નિત્ય તત્ત્વ હંમેશા Positive છે અને જગત–અનિત્યવસ્તુ સદા Negative છે. બંને છેડા જીવમાં છે જેટલે અંશે જીવ, જગત યાને અનિત્ય વસ્તુ સાથે જોડાય છે, તેટલે અંશે Negative અને ભગવાન સાથે જોડાય છે, તેટલે અંશે Positive છે.

પરમાત્મા પ્રત્યે પોતાનો Negative છેડો અને જગત પ્રત્યે પોતાનો Positive છેડો રાખવાથી બહાર અને અંદર દિવ્ય પ્રકાશ પ્રગટ થાય છે. તે પ્રકાશ અલૌકિક આનંદનો અનુભવ કરાવે છે. એ આનંદનો અનુભવ લૌકિક દૃષ્ટિને છોડાવનારો થાય છે. તેથી સમગ્ર જીવન પ્રભુ પ્રાર્થનામય બની જાય છે.

# મનની માવજત

## (૨૪)

મન જેમ પાપની જડ છે, તેમ ધર્મની પણ જડ છે. મનને મારવાનું નથી, પણ મન દ્વારા સાધના કરવાની છે.

મન ચંચળ છે, એ એનો દોષ નથી પણ સ્વભાવ છે. મન ચંચળ અને સ્ફુર્તિશીલ છે, એટલે જ તે ચિંતન પ્રધાન બની શકે છે અને શાસ્ત્ર સિદ્ધાંત, જ્ઞાન-વિજ્ઞાન, ઉપર કાબુ મેળવી શકાય છે.

મનમાં ચિંતન કરવાની અગર હીલચાલ કરવાની કે ફેરફાર કરવાની શક્તિ ન હોત, તો હજારો પ્રકારની શોધ અને તે દ્વારા ઐશ્વર્ય-વૈભવાદિની પ્રાપ્તિ ક્યાંથી શક્ય હોત ?

શ્રુતજ્ઞાનનું મૂળ મન છે. મનની આ મનનશક્તિ વડે જ તે સ્ફૂર્તિપ્રદ, સ્વચ્છ, નિર્મળ અને તેજસ્વી એવા શ્રુત-જ્ઞાનનું કારણ બની શકે છે. મન દ્વારા જ મનુષ્યોએ

મહેલ બનાવ્યા છે. રાષ્ટ્ર નિર્માણ કાર્યો કર્યાં છે અને મન દ્વારા જ સ્વર્ગ તથા મોક્ષ સુલભ બને છે.

શરીર અને ઇન્દ્રિયો તો પશુઓને પણ છે. વળી તેમાં શક્તિ પણ વિશેષ હોય છે. છતાં મનુષ્ય કરતાં પશુ નિર્બળ ગણાય છે કારણ કે તેમને પ્રગટ મન હોતું નથી. તેથી મનવાળો માનવી પશુને વશ કરી શકે છે. પછી ભલે તે અશ્વ હોય કે હાથી, ઊંટ હોય કે પાડો હોય. તાત્પર્ય કે બળવાન એવું મન મળવું એ પણ એક પ્રકારનો પુણ્યોદય છે આવા બળવાન મનનો સદુપયોગ કરવાની કળા એક માનવભવમાં જ સાધી શકાય છે.

માણસ પોતે ખરીદેલી કિંમતી વસ્તુનો જે વિવેકથી સદુપયોગ કરે છે, માવજત કરે છે, તે જ વિવેકથી મનનો સદુપયોગ કરવામાં આવે, તો વિશ્વ વિસ્મયકારી મહાકાર્યો તેના દ્વારા થઈ શકે. સદુપયોગ એટલે સતનો ઉપયોગ. મનને સદા સતની સેવામાં જોડી દેવું તે સદુપયોગ છે.

નદીમાં નિર્મળ જળ ભરપૂર હોય છે અને પ્રચંડ વેગપૂર્વક વહેતું હોય છે, તે ખોટું નથી પણ તેને તરવાની કળા ન જાણવી તે ભુલ છે, પ્રમાદ છે. સમુદ્ર ઘણો ઊંડો છે, તો પણ મનુષ્ય બુદ્ધિના બળથી તેને પાર કરવા માટે સ્ટીમરો બનાવીને તેને પાર કરી જાય છે. સમુદ્રમાં પાણી ન હોવું એ ઇચ્છવા યોગ્ય છે, કે હોવા છતાં બુદ્ધિનાં બળથી તેનો તાગ પામવો અને તે પમાડનાર મન હોવું, તે ઇચ્છવા યોગ્ય છે ?

તાત્પર્ય કે શક્તિ, સ્ફૂર્તિ અને વેગવાળું મન મળ્યા પછી તેને સાધવું જોઈએ. તેના પર કાબુ મેળવવાની કળા હસ્તગત કરવી જોઈએ. સુખ–દુઃખ બંને અવસ્થામાં સ્વસ્થ કેમ રહેવાય, તે સારી રીતે જાણવું જોઈએ. તે માટેના ઉપાયોનો અભ્યાસ કરવો જોઇએ. દુઃખ વખતે વજ્રવત્ કઠોર અને સુખ વખતે પુષ્પવત્ કોમળ રહી શકાય, તે માટેનો ઉપાય જાણવો જોઈએ.

મન રૂપી ઘોડાને કાબૂમાં રાખવા માટે જ્ઞાન રૂપી લગામ બસ છે. તોફાની ઘોડાને ચાબૂકથી ફટકારી–ફટકારીને મડદા જેવો બનાવવાથી કામ સુધરતું નથી પણ બગડે જ છે. તેમ મનને કચડવાના પ્રયત્નોથી જીવન સુધરતું નથી પણ કથળે છે.

મન રૂપી ઘોડાને જ્ઞાનરૂપી લગામથી અંકુશમાં રાખવો, તે સર્વ પ્રકારે હિતાવહ છે. તે માટે તપ, સંયમ, સ્વાધ્યાય, ચિંતન, મનન, ધ્યાનાદિનો સતત અભ્યાસ રાખવો જોઈએ. અભિમાન, લોભ, તૃષ્ણા આદિ ઉપર ધ્યાનનું નિયંત્રણ ન રહે, તો અનર્થનો પાર ન રહે. દ્વન્દ્વ, સંઘર્ષ, ઘૃણા, કલહાદિથી બચવા માટે જ્ઞાનનું બળ જ સમર્થ છે.

મનને વશ કરવા માટે આત્માના શુદ્ધ સ્વરૂપનો બોધ શ્રેષ્ઠ સાધન છે, તેથી આત્મસ્વરૂપનું વ્યવસ્થિત ચિંતન કરતા રહેવાય, તો મન મારફત મંગળકારી કાર્યો થતાં રહે.

# મનો નિગ્રહ

## (૨૫)

મનન, ચિંતન, ભાવના અને સ્વાધ્યાય આદિમાં મનની પ્રધાનતા છે. ઉઠવું, બેસવું. જવું, આવવું, બોલવું, ચાલવું, ખાવું, પીવું, દેખવું, સાંભળવું એ ક્રિયાઓમાં ઈન્દ્રિયોની સહાયની મુખ્યતા છે. મનને યથેચ્છ વર્તવા દેવું અને ઈન્દ્રિયો પર કાબૂ રહેવો એ અશક્ય છે.

બધા ઉપદ્રવોનું મૂળ નિરંકુશ મન છે. વૃક્ષની ડાળી તોડવાથી વૃક્ષ નષ્ટ નથી થતું પણ તેના મૂળને નષ્ટ કરવાથી વૃક્ષ આપોઆપ નષ્ટ થતું જાય છે. રાજા વશમાં આવ્યા પછી તેની સેના આપોઆપ વશ થઈ જાય છે, તેના માટે સ્વતંત્ર પ્રયત્નની આવશ્યકતા રહેતી નથી. તેજ રીતે મનને વશ કરવાથી ઈન્દ્રિયો આપોઆપ કાબૂમાં આવી જાય છે.

મનુષ્યમાં બે પ્રકારની શક્તિ છે. એક ઉન્નતિના શિખર પર લઈ જાય છે, બીજી અવનતિની ખીણમાં નાંખી

દે છે. કાચો પારો નુકશાન કરે પણ શુદ્ધ થયેલો હોય તો રસાયણ બને છે. ઘોડો અસવારના કાબૂમાં હોય તો ઈષ્ટ સ્થળે પહોંચાડે છે. ઘોડાના કાબૂમાં અસ્વાર હોય તો ખાડામાં પટકાય છે. નિરંકુશ મન બે લગામ ઘોડાની જેમ જીવને જ્યાં–ત્યાં ભટકાવી દે છે.

મનને અંકુશમાં લેવા માટે પ્રારંભથી જ પ્રયત્ન જરૂરી છે. પ્રયત્નથી જે મન મિત્ર બની શકે છે, તે જ મન પ્રમાદથી શત્રુ બને છે. વિદ્યુતની ગતિથી પણ શીઘ્ર ગતિવાળા મનને અંકુશમાં લાવવા માટે સૌથી અધિક પ્રયત્નની આવશ્યકતા છે. એ પ્રયત્ન તે યોગ યુક્તિ છે.

ભયંકર જંગલી પશુઓને વશ કરવાની જેટલી આવશ્યકતા છે, તેના કરતાં અધિક આવશ્યકતા જ્યાં–ત્યાં વિનાશ વેરતા સ્વચ્છંદી મનને વશ કરવાની છે. વિષયોના ચિંતનથી પહેલાં તેને વિરત કરવું જોઇએ અને શુભચિંતનમાં જોડવું જોઈએ. તત્ત્વ વિચારરૂપી થડ સાથે તેને બાંધી બુદ્ધિરૂપી અંકુશ દ્વારા તેને વશ કરવું જોઈએ.

અભ્યાસ દ્વારા મન વશ થાય છે અને વૈરાગ્યદ્વારા તે શાન્ત, સ્વચ્છ અને નિર્મળ થાય છે. ત્યાગ ઈન્દ્રિયો દ્વારા થાય છે અને વૈરાગ્ય મન દ્વારા થાય છે. મન, બુદ્ધિ, હૃદય અને તે દ્વારા થતી સમજશક્તિ એ મનુષ્યની બહુ મૂલ્ય મુડી છે. તેનો ઉપયોગ ત્યાગ અને વૈરાગ્ય માટે કરવો જોઈએ.

પાત્રનું ગંગાજળ અને ગંગાનું ગંગાજળ બંને એક જ છે. અગ્નિમાંથી નીકળેલી ચિનગારી પણ અગ્નિસ્વરૂપ જ છે. જીવ નાનું પાત્ર છે માટે તેની શકિત મર્યાદિત દેખાય છે. પણ તેમાં રહેલી ચેતના તો ઈશ્વર સ્વરૂપ જ છે. ઇશ્વરની જ ચિનગારી છે. તેના ઉપરના આવરણને દૂર કરી તેને સર્વજ્ઞ બનાવી શકાય છે. મનના સંયમથી તે કાર્ય સુલભ બને છે. મનના સંયમથી ઈચ્છાશકિત દૃઢ થાય છે. તે સંકલ્પની જનેતા છે. દૃઢ સંકલ્પ એ જ ઉદ્ધારનો મૂળ મંત્ર છે.

'जितं जगत् केन ? मनोजितेन । 'મનની જીતે જીત. મનની હારે હાર' ગણાય છે.

મન કદી થાકતું નથી, કદી વૃદ્ધ થતું નથી, કાર્ય વિના રહી શકતું નથી. તેની શકિત અગાધ છે. એ શક્તિને સર્જનાત્મક માર્ગે વાળવા માટે મનને અંકુશમાં લેવું જોઈએ. કેવળ બળાત્કારથી તે અંકુશમાં આવતું નથી પણ વધું ઉગ્ર બને છે પણ સ્નેહ અને યુકિતસભર પ્રયત્નોથી તે ધીમે ધીમે અંકુશમાં આવે છે.

રાગ-દ્વેષરુપી કાદવ-કીચડમાં સહેલાઈથી દોડે જતા મનને સમજાવવાનું છે. મનરાજ આપને તો માનસસરોવરના નિર્મળ જળમાં છાજે. તેમાં જ આપની મહાનતા છે. મહાન આત્માના દૂત એવા આપને ઈન્દ્રિયોની સહાયમાં દોડવું પડે તો તો આપની ગરિમા ખંડિત થઈ જાય. શાસ્ત્રો મનને

ચંદ્ર કહે છે, ચંદ્રમાં ચાંદની હોય તેમ આપમાં પણ સૌમ્યભાવની ચાંદની જ જોઇએ. તમારી સમગ્રતામાં નર્યું શુભ જ હોવું જોઇએ. ગંદા, મલિન, ક્ષુદ્ર ચંચળ અને પાશવી વિચારોનો સંગ તમને ન છાજે. મનને વશ કરવાનો આ પણ એક માર્ગ છે. અને આવા બીજા માર્ગો પણ શાસ્ત્રોમાં કહેલા છે જેમાં પરમાત્માનું, ગુરૂનું સ્મરણ–કીર્તન પૂજન, સેવન વગેરેનો સમાવેશ થાય છે. પરમાત્માના ધ્યાનથી મનને વશ કરી શકાય છે.

સ્પર્શ, શબ્દોચ્ચાર, દૃષ્ટિ અને સંકલ્પ માત્રથી શક્તિ–સંક્રમણ થાય છે, તે અનુક્રમે સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મ-તર, સૂક્ષ્મતમ હોય છે.

બીજાને અપશુકન ન થાય તે ખાતર પણ આપણે હંમેશાં શુભભાવમાં રહેવું જોઈએ. આમ વર્તવાથી આપણા આપણા માટે પણ શુભ શુકનિશાળ બની શકીશું. અને શુભ શુકર માટે ફાંફા મારવા નહિ પડે.

# ક્ષમા એ પરમ ધર્મ

## (૨૬)

સહન કરવું એ વિજય છે.

પ્રતિકૂળતાના સ્વીકારમાં સાધુતા છે, સામનામાં નહિં.

પાપના ધિક્કારમાંથી દુઃખને સહવાની તાકાત આવે છે. દુઃખના ધિક્કારમાં પાપનો તિરસ્કાર ભૂલી જવાય છે. એક દુઃખ ટાળવા જતાં સેંકડો પાપ કરવાં પડે છે.

એક પ્રતિકૂળતાને વધાવી લેવાથી સેંકડો પાપથી મુક્ત થવાય છે. પાપની જુગુપ્સા પ્રતિકૂળતાને સહવાની શક્તિ અર્પે છે.

'જે સહે તે સાધુ, અર્થાત્ પ્રતિકૂળતામાં સાધુતા રહેલી છે. સાનુકૂળતા ઓઢીને ફરવાની એષણા, સાધુતાના સત્ત્વને ભરખી જાય છે.

આજ્ઞા બહુમાનમાંથી પાપ જુગુપ્સા જાગે છે અને પાપ જુગુપ્સામાંથી દુઃખ સહન કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે. ઉત્પન્ન થયેલી આ શક્તિ સાધકના સમગ્ર મનમાં 'દુઃખ મને મંજુર છે. પાપ હરગીઝ નહિ. એવો દૃઢ સંકલ્પ પેદા કરે છે.

સહવું તે જ જ્ઞાન, તપ, જપ, પૂજા અને ભક્તિ છે. કેમકે સહવામાં આજ્ઞાનું બહુમાન છે.

'ખામેમિ સવ્વ જીવે ....!' સૂત્ર આજ ભાવથી ભરેલું છે. કર્મગ્રસ્ત જીવોના અપરાધો સમભાવે સહવામાં જ સાચી ક્ષમા છે.

ક્ષમા વીરસ્ય ભૂષણમ્ !' એ સૂત્ર માર્મિક છે.

પોતે કરેલા અપરાધની સામા પાસે ક્ષમા માગવી–એ એટલું શૂરાતન ભર્યું કાર્ય નથી, જેટલું સામાએ કરેલા અ-પરાધની ક્ષમા આપવી તે છે.

આજ્ઞાકાર શ્રી જિનેશ્વર પરમાત્માની આજ્ઞાનું પૂરું બહુમાન ત્યારે થયું ગણાય, જ્યારે ગમે તેવા પાપી જીવને તિરસ્કારવાની અધમવૃત્તિ સમૂળ ઉખડી જાય.

જેઓ સહવામાં કાયર છે, ખમવામાં નબળા છે, તેઓ સંસારમાં સબડવાના કારણ કે સહ્યા સિવાય, ખમ્યા સિવાય, કોઇ જીવ શિવપદને લાયક બનતો નથી.

કર્મઋણ અર્થાત વિશ્વઋણ ચૂકવવાનો ઉત્તમ માર્ગ સહવું તે છે, ખમવું તે છે, તેનો ઈન્કાર ત્યાં સંસાર, તેનો સ્વીકાર ત્યાં ધર્મ

# સત્સંગનો મહિમા

## (૨૭)

*મમતા અને સમતા બંનેના મૂળમાં પ્રેમતત્ત્વ રહેલું છે.*

પ્રેમ જ્યારે સંકીર્ણ હોય ત્યારે મમતા કહેવાય છે અને તે જ્યારે નિર્બંધપણે વિકસે ત્યારે સમતા કહેવાય છે. મમતા પોતે સંકુચિત મટી વ્યાપક બને, ત્યારે સમતારૂપે ઓળખાય છે.

આ સમતા તે ધર્મમાત્રનું સાધ્ય છે.

શાશ્વત જીવનની ઉપાદેયતા એ આર્ય સંસ્કૃતિનું ધ્યેય છે.

કાર્યોત્સર્ગ એ કાયમુક્તિરૂપ વિરતિનો જ એક પ્રકાર છે.

'ઉવસમસાર' અહીં ઉપશમનો અર્થ મૈત્રી છે. સાધુપણાનો સાર મૈત્રી છે.

ઇન્દ્રિયો દેહની દાસી છે. મન આત્માનો કિંકર છે. તેથી ઇન્દ્રિયોનું સુખ અલ્પ છે. મનનું સુખ અનલ્પ છે. સર્વ જીવરાશિ ઉપર મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્ય ભાવરૂપી સમભાવ તે ભાવ અહિંસા છે.

સમભાવથી સર્વ પુદ્ગલ રાશિ ઉપર જે વિરક્તભાવ પ્રગટે છે, તે ભાવ સંયમ છે. સર્વ પ્રતિકૂળ ભાવો ઉપર સહનશીલતા ભાવ પ્રગટે તે તપ છે.

તપથી નિર્જરા, સંયમથી સંવર અને અહિંસાથી શુભાસ્રવ, સંવર અને નિર્જરા ત્રણે ફળ મળે છે.

મનને નમાવવું તે ભાવ નમસ્કાર છે, શરીરને નમાવવું તે દ્રવ્ય નમસ્કાર છે. દ્રવ્ય, એ ભાવનું કારણ છે. અને ભાવ એ દ્રવ્યનું સાર્થક્ય છે.

એક મનના માણસો જેમ વધારે એકત્રિત થાય છે, તેમ તેનો પ્રભાવ વધે છે, એનું જ નામ સત્સંગનો મહિમા ગણાય છે.

સત્સંગ મુખ્યત્વે સત્–સંગ વાચી છે. સત્–સંગ એટલે સત પદાર્થના સંગમાં રાચવું તે, અન્ય પદાર્થોના સંગથી ત્રિવિધે છૂટી જવું તે. મનમાં આત્મસત્તાની પ્રતિષ્ઠા કરવાનો અદ્ભુત યોગ સત્સંગના પ્રભાવે થાય છે.

પણ ખ્યાલ એ રહેવો જોઈએ કે સત્સંગના નામે સત્ વિરોધી કોઈ સ્થૂલ યા સૂક્ષ્મ પદાર્થોના સંગમાં તો જકડાઈ નથી રહ્યાં ને?

સતનું અચિન્ત્ય જે સામર્થ્ય છે, તેના ચરણમાં માથું નમાવવું, તે સત્સંગનો તાત્વિક અર્થ છે.

પરમ સત્તાવાન પરમાત્માનો સંગ નહિં કરીને જ આપણે કર્મસત્તાની ઠોકરે ચઢીએ છીએ, માટે દિનપ્રતિદિન સત્સંગરૂચિ વધારીને પરમ સંત પરમાત્મા અને તેના ભક્તોના સંગમાં જીવનને જોડવું જોઇએ.

સત્સંગની ભૂખ એ સર્વ પ્રકારના દુઃખ અને તેના કારણરૂપ પાપનો ઉચ્છેદ કરનારી ઉચ્ચતમ ભૂખ છે.

લેવામાં અમાસનો અંધકાર અને આપવામાં પુનમની ચાંદનીની શીતળતા છે. એક દિવસ માટે પણ બીજાના આનંદ કે સુખ માટે જીવન જીવી જુઓ, તો કાંઈક જુદા જ બની જશો.

પાણી વાળું શ્રીફળ, દ્રવ્ય મંગળ ગણાય છે તેમ મૈત્ર્યાદિ ભાવોરૂપી મીઠા જળથી ભરેલું મન ભાવ મંગળરૂપ બની રહે છે.

# સદ્વૃત્તિના પાયા

## (૨૮)

ઉદારતા, ન્યાય અને પ્રેમ એ સદ્વૃદ્ધિના લક્ષણો છે. સદ્વૃત્તિનું પ્રથમ લક્ષણ સત્યનિષ્ઠા છે. સત્યનું સ્વરૂપ શું ? અને તેમાં નિષ્ઠા કેમ થાય ?

આપણા પૃથક્પણાના વિચારથી આપણે આપણી માનસિક ધરી ઉપર જ ગતિ કરતા હોઇએ છીએ. આપણા પૃથક્ વ્યક્તિગત સ્વાર્થ, પૃથક્ લક્ષ્ય, પૃથક્ સુખ દુઃખના જ વિચાર કરીએ છીએ, તેથી સઘળો સંતાપ અનુભવીએ છીએ. ભેદનો જ વિચાર કરવાથી સૌથી વધું અસંતોષ અને અસફળતા પામીએ છીએ.

વ્યક્તિગત પૃથક્પણાને તિલાંજલી આપી સર્વમાં વ્યાપ્ત સર્વ શક્તિમાન પરમાત્મ–તત્ત્વ સાથે એકતાનતા સાધવાથી સાચી શાન્તિ પ્રાપ્ત થાય છે. જે જ્યોતિ સર્વ પ્રાણી પદાર્થને પ્રકાશિત કરે છે, તે જ જ્યોતિને આપણા અંતરાત્માની ઊંડી ગુહામાં જ્યારે અવકાશ આપીએ છીએ ત્યારે

જ તેજયોતિ આપણામાં પ્રકાશે છે. અને પછી પરમ શાન્તિનું રહસ્ય હાથમાં આવે છે. આપણે બધા તે પરમ જયોતિના અંશ છીએ.

બીજાનાં સુખ દુઃખ આપણાં જ છે. તેવું જ્ઞાન અને તેવું વર્તન જયારે થાય છે, ત્યારે જ સત્યનિષ્ઠા પ્રગટી ગણી શકાય.

સ્વોત્કર્ષ પરાપકર્ષની વૃત્તિને તિલાંજલી આપી દેવી, તે ઉદારતા છે. બીજાના દોષ જોવા, તે મનનું સાંકડાપણું છે, તેમ પોતાના ગુણ ગાવા, તે પણ સંકુચિત્તવૃત્તિનું એક ચિહ્ન છે. સર્વને આદરથી જોવા, તે ઉદારતા છે.

આપણી યોગ્યતાથી અધિક ઈચ્છવું નહિ અને બીજાની યોગ્યતાથી ઓછું આપવું નહિ, તે ન્યાય છે.

ઉદારતાં અને ન્યાયમાંથી સત્યનિષ્ઠા અને પ્રેમ પેદા થાય છે.

જે સુખ આપણને ઈષ્ટ છે, તે બીજાને માટે પણ ઈચ્છવું. તેવો આત્મવત્ સમાન ભાવ સહજ બને, તેને પ્રેમ કહે છે.

સદ્વૃત્તિના આ ચાર પાયા છે. સત્યનિષ્ઠા, ઉદારતા, ન્યાય અને પ્રેમ. તે જેનામાં હોય, તે જ સજ્જન, તે જ સંત અને તેજ સાધુ ગણાય છે, તે જ સત્પુરૂષ છે.

સત્યમાં સુસ્થિર રહેવું, તે સત્યનિષ્ઠા છે. સત્ય સર્વ વ્યાપી સનાતન અને શાશ્વત છે. તેનો સ્વીકાર અંગીકાર કરવો તે સત્યનિષ્ઠા છે.

# ઉત્તમ—દ્રવ્ય—ક્ષેત્ર—કાળ—ભાવ

## (૨૯)

શ્રી જિનાગમ, જિન ચૈત્ય, જિનમૂર્તિ અને તેને પૂજનાર ચતુર્વિધ શ્રી સંઘ એ ઉત્તમ દ્રવ્ય છે.

શ્રી શત્રુંજય ગિરિરાજ, શ્રી સમેતશિખર, શ્રી ગિરનાર આદિ ઉત્તમ ક્ષેત્ર છે.

શ્રી પર્યુષણાદિ પર્વ ઉત્તમ કાળ છે. અને નમસ્કાર અને ક્ષમાપનાદિ ઉત્તમ ભાવ છે.

ક્ષમાપનાદિથી નમ્રતા; નમ્રતાદિથી પ્રભુતાદિ પોષાય છે.

નમસ્કારના ત્રણ વિભાગ છે. (૧) દ્રવ્ય, (૨) ભાવ, (૩) તાત્ત્વિક

દ્રવ્યનમસ્કાર શરીર સંકોચરૂપ છે, ભાવ નમસ્કાર મનના સંકોચરૂપ છે. મનનો સંકોચ સંભેદ અને અભેદ પ્રણિધાનરૂપ છે. અભેદ પ્રણિધાન એ તાત્ત્વિક નમસ્કાર છે.

ધર્મનું પ્રયોજન એ ચિત્તશુદ્ધિ છે. અને તે ક્ષમાપનાદિ સિવાય અશક્ય છે.

દાનાદિ વડે વ્યવહાર શુદ્ધ થાય છે.

પર્વને પામી કૃપણ દાતાર બને છે, કુશીલ સુશીલ બને છે, તપરહિત તપસ્વી બને છે, દયારહિત દયાળુ બને છે અને અવિરત વિરતિધર થાય છે, નિર્ગુણી ગુણવાન બને છે અને નિધર્મી ધર્મી બને છે.

ધર્મ એટલે દાન, શીલ, તપ અને ભાવ.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, ક્ષમા, નમ્રતા, સરળતા, શીલ, સંતોષ, દેવ-ગુરૂ-ધર્મ-સાધુ સાધર્મિક ભક્તિ આદિ ધર્મના અંગોનું શ્રદ્ધા સહિત પાલન કરવાથી બ્રહ્મચર્ય નિર્મળ થાય છે. અને તપ નિઃશલ્ય બને છે.

પર્યુષણા પર્વ અનાદિ-સંબંધી એવા કષાયાદિનું મૃત્યુ કરનાર હોવાથી મુનિઓ માટે તે ઉત્તમ કાળ, મુંડન કાળ બની રહે છે. અર્થાત્ તે કાળે મુનિઓ મુંડન કરાવે છે.

પ્રભુનો શ્રી સંઘ આ ઉત્તમ દ્રવ્ય, ઉત્તમ ક્ષેત્ર, ઉત્તમ કાળ અને ઉત્તમ ભાવની ભક્તિ દ્વારા સદા ઉજમાળ રહે છે. તેમ જ તેને પામીને કૃતકૃત્યતા અનુભવે છે.

# દાન અને દયા

## (૩૦)

માતા–પિતા વિના જેમ સંતાનોત્પતિ નથી, તેમ દાન અને દયા વિના ધર્મોત્પત્તિ નથી.

દાન અને દયાના મૂળમાં પરહિતચિંતારૂપ મૈત્રી છે.

દાન અને દયાના સિદ્ધાન્તને સમજ્યાવિના જીવન ભયાનક લાગે છે. અને તે સિદ્ધાન્ત સમજમાં બેસવાથી જીવન ભવ્ય બની જાય છે.

દાન અને દયારૂપી દ્વારથી ધર્મનગરમાં સુખપૂર્વક પ્રવેશ થઈ શકે છે.

એક ખેડૂતને જેમ પોતાના દાણાનું ભૂમિને દાન અનિવાર્ય છે, તેમ આત્માની પ્રગતિ માટે પરોપકારની ક્રિયા અનિવાર્ય છે,

દાણો ખેતરમાં વાવ્યા પછી તેને માટીથી ઢાંકવો આવશ્યક છે તેમ પરોપકારની ક્રિયાને અપ્રગટ રાખવી જોઈએ.

દાણા વાવવા માટે ભૂમિ રસાળ જોઇએ પણ ઉખર ન જોઇએ, તેમ દયા-દાન-પરોપકારાદિ માટે ભૂમિ રસાળ એટલે ઉત્તમ પાત્રની આવશ્યકતા છે.

ક્ષેત્ર અને બીજની જેમ જળ-વાયુની અનુકૂળતા પણ જરૂરી છે. વિધિ-આચાર એ વાયુ છે. દાતાની ભાવના એ જળના સ્થાને છે.

સૃષ્ટિ પ્રયોજનાત્મક છે. અને સાથે પ્રયોગાત્મક છે. પ્રયોજન સર્વને શાશ્વત સુખ પમાડવું તે છે, અને પ્રયોગ તે જીવનો પોતાનો પુરૂષાર્થ છે.

પ્રયોગાત્મક થવા માટે પ્રબોધાત્મક થવાની જરૂર છે. જીવ જ્યારે પ્રબોધાત્મક ભૂમિ પર પ્રયોગાત્મક બને છે, ત્યારે પરિણામ પ્રમોદાત્મક આવે છે. તેને જ સિદ્ધિપદની પ્રાપ્તિ કહેવાય છે.

જીવનને પ્રયોગાત્મક બનાવવા માટે સૌ પ્રથમ પ્રબોધની જરૂર પડે છે. પ્રબોધાત્મક થવા માટે તે વિષયો પર અન્વેષણ કરવું પડે છે, કે સૌથી શ્રેષ્ઠ પાત્ર કયું ?

એટલે કે પ્રથમ બોધ પાત્રનો, બીજો દાનરૂપી બીજારોપણનો, ત્રીજો આચાર-વિચારની વિશુદ્ધિ એટલે જળવાયુનો અને ચોથો પોતાની યોગ્યતારૂપી આકાશનો થવો જોઈએ.

તેમાં પહેલા પાત્રનું સ્થાન, પદાર્થ વિજ્ઞાન માંગે છે. પદાર્થ વિજ્ઞાન કહે છે કે, વિશ્વ સદા પરિપૂર્ણ છે. તે

પાત્રની પૂર્તિ સદા કર્યા જ કરે છે. એ પાત્રની સેવના ઉપાસના, પર્યુપાસના માટે યોગ્યતા પ્રાપ્ત કરવી, તે આપણુ પોતાનું કર્તવ્ય છે.

ભક્તિરૂપી બીજ વાવવા માટે સર્વોત્તમ પાત્ર શ્રી અરિહંત પરમાત્મા છે. કેમકે વિશ્વવત્સલ પ્રકૃતિનું પરમ પ્રયોજન સિદ્ધ કરવામાં જ તેઓનું સર્વસ્વ, સર્વોત્કૃટ પ્રકારે અર્ચાય છે, સાર્થક થાય છે. તે પ્રકારનું નામ દાન અને દયા છે. દાન-વ્યસનીપણું એ તેઓશ્રીના અનંત ગુણોમાં મોખરે છે. અને પરમ દયાના તો તેઓશ્રી પર્યાય છે.

એટલે દાન દયામય જીવન ઘડવા માટે શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ જરૂરી જ નહિ, બલ્કે અનિવાર્ય છે.

તમારી પાસે જે હોય, તેનાથી તમે સુખી ન હો, તો જે નથી તેનાથી સુખી શી રીતે થઈ શકશો ?

બીજાને સમાધિ થાય તેવું બોલવું, વિચારવું અને કરવું, તે સ્વ-પરને ઉપકારક બને છે.

# પુણ્યનું પોષણ–પાપનું શોષણ

## (૩૧)

શરીર વાહનના સ્થાને છે, બહિરાત્મા પશુના સ્થાને અને અંતરાત્મા પર્ષદાના સ્થાને છે.

દેહ તરફ દૃષ્ટિ, જીવને પશુ બનાવે છે અને આત્મા તરફ દૃષ્ટિ, દિવ્ય બનાવે છે.

આત્મા મન, વાણી અને કર્મથી પર છે. આ ત્રણ ગઢ પણ કહેવાય છે. આ ત્રણ ગઢ જીતે, તો ઉપર ભગવાન દેખાય.

રાગ, દ્વેષ અને મોહને પણ ત્રણ ગઢ કહી શકાય.

રાગની અભિવ્યક્તિ મનથી થાય છે, દ્વેષની વચનથી અને મોહની કાયાથી. અશુભ ક્રિયા વડે મોહ પોષાય છે. અશુભ વચન વડે દ્વેષ પુષ્ટ થાય છે. અને અશુભ મન વડે રાગ પુષ્ટ થાય છે. તે ત્રણેને જીતનારો જ ભગવાનના દર્શનને પામી શકે છે.

પર્યુષણા પર્વમાં કર્મરાજાના ત્રણ ગઢ જીતાય છે. તેથી પરમાત્મદર્શન સુલભ બને છે. પર્વાધિરાજની આરાધનાથી નમસ્કારાદિ નવ પ્રકારના પુણ્યનું પોષણ થાય છે. અને મિથ્યાત્વાદિ અઢાર પ્રકારના પાપનું શોષણ થાય છે. બંધ હેતુઓનો ત્યાગ થાય છે. અને સમ્યક્ત્વાદિ મોક્ષના હેતુઓનું સેવન થાય છે.

પ્રભુની પૂજા કરતાં આઠે કર્મ જાય છે. ચૈત્યવંદન-સ્તુત્યાદિ વડે જ્ઞાનાવરણીય, દર્શનાદિ વડે દર્શનાવરણીય, વીતરાગતા અને યોગમુદ્રા વડે અંતરાય, જીવોની યતના વડે અશાતાવેદનીયનો નાશ, પ્રભુનું નામ ગ્રહણ કરવા વડે અશુભ કર્મનો નાશ, પ્રભુને વંદન કરવા વડે નીચ ગોત્રનો નાશ, પ્રભુની અક્ષયસ્થિતિ ભાવવા વડે આયુષ્ય કર્મનો ક્ષય થાય છે.

અન્નદાનથી અહિંસા અને સત્ય, જળદાનથી અચૌર્ય અને બ્રહ્મચર્ય, વસ્ત્રદાનથી અપરિગ્રહ અને ક્ષમા, સ્થાનદાનથી નમ્રતા અને સરળતા, આસનદાનથી સંતોષ અને વૈરાગ્ય, મનદાનથી અદ્વેષ અને અકલહ, વચનદાનથી અનભ્યાખ્યાન અને અપૈશુન્ય, કાયદાનથી સમતા અને અપરપરિવાદ તથા નમસ્કારના દાનથી અમાયામૃષાવાદ અને અમિથ્યાત્વની પુષ્ટિ થાય છે.

હિંસા અને અસત્યનો પ્રતિકાર અન્નદાન વડે, ચોરી અને અબ્રહ્મનો પ્રતિકાર જળદાન વડે. પરિગ્રહ અને ક્રોધનો

પ્રતિકાર વસ્ત્રદાન વડે, માન અને માયાનો પ્રતિકાર આસન-દાન વડે, દ્વેષ અને કલહનો પ્રતિકાર શુભમનના દાન વડે, અભ્યાખ્યાન અને કલહનો પ્રતિકાર વચનદાન વડે, રતિ અરતિ અને પરપરિવાદનો પ્રતિકાર શુભ કાયાના દાન વડે, માયામૃષા અને મિથ્યાત્વનો પ્રતિકાર નમસ્કાર દાન થાય છે.

શુભભાવ વડે થતા પ્રત્યેક દાનમાં અઢારે પ્રકારના પાપનો નાશ કરવાની શક્તિ છે.

ચિરકાળનો તપ, ઘણું પણ શ્રુત અને ઉત્કૃષ્ટ પણ ચારિત્ર ભક્તિભાવ શૂન્ય હોય તો અહંકારનું પોષક બનીને અધોગતિ સર્જે છે. પાપના શોષણ માટેના આ બધા દાન ભાવ-પૂર્વક કરતા રહેવાથી ભવ પાર થવાય છે.

એક સંત કહે છે—'તમે બધા દુઃખી છો, માટે સુખ શોધવા નીકળ્યા છો, હું સુખી છું, માટે દુઃખ શોધવા નીકળ્યો છું પરંતુ મને ક્યાંય દુઃખ મળતું નથી.

# ગુરુ—પારતંત્ર્ય

## (૩૨)

મોહનીય કર્મ ખપાવવા માટે ગુરૂ પારતંત્ર્યને છોડીને બીજો કોઇ ઉપાય નથી. જેનામાં ગુરૂ પારતંત્ર્ય નથી અથવા જેણે ગુરૂ આજ્ઞાની આધીનતા કેળવી નથી, તે જ્ઞાન કે ચારિત્ર ગમે તેટલું મેળવે કે કેળવે, તો પણ તેનું મિથ્યાત્વ મોહનીય તદ્દવસ્થ રહે છે.

ગુરૂ પારતંત્ર્ય, આજ્ઞા પારતંત્ર્ય, શાસ્ત્ર પારતંત્ર્યાદિ એક જ અર્થને કહે છે. તેને જ માર્ગાનુસારિતા અને તેને જ પ્રજ્ઞાપના પ્રિયતા કહે છે.

અતીન્દ્રિય એવા મોક્ષમાર્ગમાં આજ્ઞા પારતંત્ર્ય સિવાય પ્રગતિ થઈ શકતી નથી, એ કારણે ધર્મને વિનયમૂળ કહ્યો છે.

વિનય વિના વિદ્યા નથી, અર્થ નથી, કામ નથી, ધર્મ નથી અને મોક્ષ પણ નથી.

અયોગ્ય વ્યક્તિ અને વસ્તુના વિનયથી જ સંસાર છે. તે સંસારનો ક્ષય યોગ્યના વિનયથી જ થઇ શકે છે. મોહક્ષયનું નામ જ મોક્ષ છે.

મોહ એટલે અજ્ઞાન, સંશય, વિપર્યય, રાગ, દ્વેષ, ધર્મનો અનાદર, પ્રમાદશીલતા, મન, વચન,તથા કાયાના યોગોનો દુષ્ટ વ્યાપાર ઈત્યાદિ. તેનો ધ્વંસ આજ્ઞાપારતંત્ર્ય વડે થાય છે.

ઈચ્છા એ સંસાર છે. આજ્ઞા એ મોક્ષ છે. ઈચ્છા કર્મોદયજનિત છે. આજ્ઞા એ કર્મ ક્ષયોપશમ જનિત છે. સ્વમતિએ ચાલવાની ઈચ્છા એ મોહ છે. શાસ્ત્રમતિએ ચાલવાની વૃત્તિ એ વિવેક છે: વિવેક વડે મોહ જીતાય છે.

સારને ગ્રહણ કરવો અને અસારને છોડી દેવો તે વિવેક છે. સાર તે છે જેનામાં પરમ શુદ્ધત્વ છે. તેને જ જિનાજ્ઞા કહે છે. જેનું પાલન કરવાથી મિથ્યાત્વ મોહનીય પણ સર્વથા નાશ પામે છે. માટે સ્વમતિની તરફદારી છોડીને જિનમતિવંત બનવા શ્રી જિનમતિવંત ગુરૂની આજ્ઞામાં રહેવામાં સર્વકાલીન હિત છે.

આ હકીકત કેટલી બળવાન છે, તે સમજવા માટે શ્રી ગૌતમસ્વામીજીના ગુરૂ પારતંત્ર્ય ગુણને વારંવાર સ્મરણમાં લાવવો જ જોઈએ કે જેથી સ્વમતિના સંબંધનું વિસ્મરણ થાય અને તારક આજ્ઞાનું સ્વામિત્વ મન ઉપર સ્થાપિત થઈ જાય.

# સામૂહિક–સાધના

## (૩૩)

જનતાના આધ્યાત્મિક જીવનમાં સાધનાનું મહત્વ ખૂબ જ છે. કારણ કે તે માનવ સમૂહને દિવ્ય જીવનના પરસ્પર સંબંધી સહેતુકતા અને એકતાની સૂઝ આપે છે.

સમૂહ સાધનાનો હેતુ માત્ર સાધકોના જીવનમાં આધ્યાત્મિક હેતુની જાગૃતિ આણવા પૂરતો જ નથી, પણ સંસારમાંથી ચિંતા અને ધમાલથી પર થઈને સહાનુભૂતિભર્યા વાતાવરણમાં આધ્યાત્મિકતાની પ્રાથમિક સ્વરૂપની સાધના કરવાની તક મેળવી આપવાનો છે.

બ્રહ્મ મુહૂર્તમાં નિદ્રા ત્યાગીને પ્રાર્થના, ધ્યાન વગેરે નિત્ય–નિયમિતપણે કરવાથી મન અને શરીરનું નિયમન થાય છે. અને પોતાની જાતને આધ્યામિકતાથી ભરી દેવાય છે.

સાધના એક યાન્ત્રિક ક્રિયા જેવી ન બની જાય તેની પૂરતી કાળજી રાખવી જોઈએ.

સાધનામાં કેટલો સમય ગાળો છો, તે મહત્ત્વનું નથી, પરંતુ દૈનિક જીવનમાં તેની કેવી અને કેટલી અસર થઈ રહી છે, તે સૌથી વિશેષ મહત્ત્વનું છે.

સાધના, પ્રાર્થના સમય પૂરતી નથી. પણ સમગ્ર જીવનમાં વણી લેવા માટે જીવનને સાધનામય બનાવવા માટે છે.

સાધના જીવનમાં વણાય એટલે જીવનમાંથી સ્વાર્થ નીકળી જાય, હૃદયમાંથી સંકુચિતતા નાબૂદ થાય, મનમાંથી કટુતા વિદાય થાય. અર્થાત્ આત્માની મોટપ વડે સમગ્ર જીવન સમૃદ્ધ બને.

સાધક જીવન એટલે આત્માર્થી જીવન. દયા–દાન, ક્ષમા સંતોષ મૈત્રી–પ્રમોદાદિમય જીવન.

આધ્યાત્મિક સાધનાના પ્રસાર માટે વધુ પ્રયત્નો કરવાથી સત્પુરૂષોના આશીર્વાદ મળે છે. સાધકોને પરમાત્મા તરફથી વિદ્યા, તુષ્ટિ, દૈવી ઐશ્વર્ય, કૈવલ્ય અને મોક્ષ મળે છે. તેથી સૌ ચિંતામુક્ત અને આબાદ બને છે.

આબાદ એટલે "આ" એવા "હું" ને બાદ કરવાથી સાંપડતી શુદ્ધિ અને સિદ્ધિ.

આવી સામૂહિક–સાધના અચૂક વિશ્વકલ્યાણકારી નીવડે છે.

# સમ્યગ્ દર્શન ગુણનો વિચાર

## (૩૪)

વિચાર ઉપયોગને આધીન છે. જ્યાં ઉપયોગ જોડાય, તેનો જ વિચાર થાય. શ્રદ્ધા તત્ત્વપ્રતીતિરૂપ છે. અન્ય જ્ઞેયોના વિચાર વખતે તત્ત્વનો વિચાર નથી, પણ પ્રતીતિ કાયમ છે.

છદ્મસ્થને તત્ત્વપ્રતીતિ શ્રુતજ્ઞાનને અનુસરીને હોય છે. કેવળીને તત્ત્વપ્રતીતિ કેવળજ્ઞાન અનુસાર હોય છે. તે પ્રતીતિ કેવળજ્ઞાનના કારણે પરમ અવગાઢ બને છે. કેવળજ્ઞાની અન્ય પદાર્થોને પણ પ્રતીતિ સહિત જાણે છે, તો પણ તે પદાર્થ તેમને પ્રયોજનભૂત નથી. તેથી સમ્યક્ત્વમાં સાત તત્ત્વો કે જે પ્રયોજભૂત છે, તેનું જ શ્રદ્ધાન કહ્યું છે.

દેવ, ગુરૂ, ધર્મના શ્રદ્ધાનમાં પ્રવૃત્તિની મુખ્યતા છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં વિચારની મુખ્યતા છે. તત્ત્વાર્થ ધ્યાનમાં દેવાદિનું ધ્યાન હોય છે. દેવાદિના શ્રદ્ધાનમાં તત્ત્વાર્થ શ્રદ્ધાન હોય યા ન પણ હોય.

મોક્ષ તત્ત્વની શ્રદ્ધામાં શ્રી અરિહંત, સિદ્ધ અને દેવતત્ત્વની શ્રદ્ધા હોય છે. મોક્ષનું કારણ સંવર નિર્જરા છે, તેથી સંવર, નિર્જરાના ધારક મુનિરાજરૂપી ગુરુ તત્ત્વની શ્રદ્ધા થઈ જાય છે. સંવર, નિર્જરામાં ધર્મ તત્ત્વની શ્રદ્ધા પણ આવી જાય છે. હિંસાદિ આશ્રવોનો ત્યાગ તે જ સંવર અને ધર્મ છે.

અતિશયાદિ વડે શ્રી અરિહંતનું, તપશ્ચર્યાદિ વડે ગુરૂનું અને જીવોની અહિંસા વડે ધર્મનું માહાત્મ્ય જેઓ જાણે છે, પરંતુ આત્મશ્રિત દ્રવ્ય–ગુણ પર્યાય વડે તેમનું માહાત્મ્ય જેઓ જાણતા નથી તેને તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યકત્વ સંભવતું નથી.

તત્ત્વાર્થ શ્રદ્ધાન, સ્વ–પરશ્રદ્ધાન, આત્મશ્રદ્ધાન અને દેવ–ગુરૂ–ધર્મનું શ્રદ્ધાન એ બધા એક જ અર્થને કહેનારા છે. એ પરસ્પર કાર્ય–કારણભાવને પણ સમજાવે છે. દેવ–ગુરૂ ધર્મનું શ્રદ્ધાન એ બાહ્ય લક્ષણ છે, બાકીના ત્રણ અભ્યંતર છે.

પહેલા દેવાદિને જાણે, પછી જીવાદિ તત્વોને વિચારે, પછી સ્વ પરભેદને ચિંતવે અને છેવટે આત્માને ગ્રહણ કરે, એ ક્રમ છે. તેમાં તત્વાર્થશ્રદ્ધાન મુખ્ય છે. કેમકે તેથી આશ્રવાદિનો ત્યાગ, સંવરાદિનું સેવન, સ્વપરભેદ વિજ્ઞાન અને દેવાદિતત્ત્વનું શ્રદ્ધાન જાગે છે. એ રીતે તત્વપ્રતીતિ થઈ અંતે આત્માનુભૂતિ સ્પર્શે છે. અર્થાત્ દ્રવ્ય–ગુણ–પર્યાયથી આત્માનુભવની પ્રાપ્તિ થાય છે.

નિજ શુદ્ધ આત્માનું અભેદરુપથી જ જ્ઞાન કરવું શ્રદ્ધાન થવું અને તેમાં જ લીન થવું–એ નિશ્ચય રત્નત્રયી છે અને એ પ્રકારે સમ્યગદર્શન જ્ઞાન–ચારિત્ર સ્વરૂપ આત્મા તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. રત્નત્રયીને અભિન્ન જાણવી તે નિશ્ચય મોક્ષમાર્ગ અને આત્મભિન્નિ જાણવી તે વ્યવહાર મોક્ષમાર્ગ છે. વ્યવહાર એ નિશ્ચયનું કારણ છે તેથી ઉપાદેય છે. નિશ્ચય એ વ્યવહારનું ફળ છે માટે તે પણ ઉપાદેય છે.

સમ્યગદર્શનના દાતા દેવ છે, જ્ઞાનના દાતા ગુરૂ છે, અને ચારિત્રના દાતા ધર્મ છે.

'દેવ વિણ દર્શન નહિ ગુરૂવિણ નહિ જ્ઞાન,

ધર્મવિણ ચારિત્ર નહિ સમજો ચતુરસુજાણ'

દેવ તે સાતિશય વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા; ગુરૂ તે પંચાચાર પાલક નિર્ગ્રન્થ મહાત્મા અને ધર્મ તે કૃપા પૂર્ણ દયામય–નિરવધિ વાત્સલ્યમય સ્નેહ પરિણામ.

અંદર રહેલા આત્માને આખા પૂર્ણ પ્રભુનું દર્શન તે પ્રભુદર્શન. પ્રભુદર્શન સુખસંપદા આદિ પદો પ્રભુદર્શનના કલ્પનાતીત પ્રભાવને સૂચવે છે, તે જ સમ્યગદર્શનનું બીજ છે, જે કાળ ક્રમે મોક્ષરુપી ફળ આપીને જ રહે છે.

# નિર્વેદ અને સંવેગ

## (૩૫)

હૃદયમાં જો શુભ ભાવ ન હોય તો દાન, શીલ અને તપ શેરડીના ફૂલની જેમ નિષ્ફળ જાય.

શુભ ભાવ એ છે કે, જેના ગર્ભમાં સંસારનો નિર્વેદ અને મોક્ષની આકાંક્ષા હોય. તાત્પર્ય એ છે કે, દાનાદિમાં પ્રવૃત્તિ કરનારે પણ શુભ ભાવમાં આદરપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. કેમકે શુભભાવ વિના તે ત્રણે અકિંચિત્કર છે. તે શુભ ભાવની ઉત્પત્તિમાં ચૌદ હેતુઓ છે. તેનાં નામ (૧) સમ્યક્ત્વની શુદ્ધિ (૨) ચારિત્રની શુદ્ધિ (૩) ઇન્દ્રિયોનો જય (૪) કષાયોનો નિગ્રહ (૫) સદૈવ ગુરુકુળવાસ, (૬) દોષોની આલોચના, (૭) ભવનો વિરાગ, (૮) વિનય; (૯) વૈયાવચ્ચ (૧૦) સ્વાધ્યાય રતિ, (૧૧) અનાયતનાનો ત્યાગ, (૧૨) પરપરિવાદની નિવૃત્તિ, (૧૩) ધર્મમાં સ્થિરતા, (૧૪) અંતે અનશનપૂર્વક દેહનો ત્યાગ. બીજા પણ હેતુઓનો અંતર્ભાવ આ ચૌદમાં કરી લેવો. શુભ ભાવના અર્થીએ પ્રથમ સમ્યક્ત્વની શુદ્ધિ કરવી.

અહીં સંસાર નિર્વેદનો અર્થ, પોતા તરફથી બીજાનો અપકાર અને બીજા તરફથી પોતાને ઉપકાર, તે ઉપર જીવવાનો કંટાળો અને મોક્ષની અંકાંક્ષાનો અર્થ–પોતા તરફથી બીજા ઉપર ઉપકારનો સદ્દભાવ અને અપકારનો અભાવ. તથા બીજા તરફથી લીધેલા ઉપકારનો પ્રત્યુપકાર અને બીજાને કરેલા અપકારની શુદ્ધિ અર્થાત્ લેવાનો કંટાળો ભવનિર્વેદ સૂચક છે. આપવાનો ઉમળકો સંવેગરંગ દર્શક છે.

ભવનિર્વેદના અનેક અર્થ છે. તેમાં એક અર્થ ભવ ભ્રમણાનો કંટાળો છે. પ્રત્યેક ભવમાં દેહ ધારણ કરવાપણું પ્રાણાતિપાતાદિ કોઈને કોઈ પાપની અપેક્ષા રાખે છે. દેહની ઉત્પત્તિ, વિનાશ અને ધારણ, બીજા જીવોની હિંસા વિના અશક્ય છે.

હિંસા એ પાપ છે. ભવભ્રમણને ટકાવનાર કોઇ હોય તો તે હિંસાદિ પાપસ્થાનો છે. એટલે ભવનો બીજો અર્થ પાપ અથવા સ્વાર્થવૃત્તિ છે. સ્વાર્થવૃત્તિ પરપીડામાં પરિણમે છે.

સ્વર્થવૃત્તિ યા પાપવૃત્તિ રૂપી પંકથી ભરેલા સંસારમાં એક ક્ષણ પણ અધિક રહેવાની આકાંક્ષા જેઓની ક્ષીણ થયેલી છે, તેઓ ભવનિર્વેદ ગુણને પામેલા છે. ભવનિર્વેદ ગુણ મોક્ષને ઉત્પન્ન કરે છે, કેમકે મોક્ષમાં ગયા વિના પરપીડાનો પરિહાર નથી, તથા ભવભ્રમણામાં બીજા તરફથી થતા ઉપકારનો પ્રત્યુપકાર પણ નથી.

મોક્ષ જ એક એવું સ્થાન છે કે, ત્યાં ગયાપછી જીવ દેહરહિત થાય છે. એટલે સ્થાર્થવૃત્તિરૂપી પાપથી મુક્ત થાય છે અને સાદિ અનંતકાળ સુધી તેનું અસ્તિત્વ પરાર્થ માટે જ હોય છે. લીધેલા બધા ઉપકારો કરતાં અનંતગુણા અધિક ઉપકાર, કાળ અનંત હોવાથી મુક્ત જીવથી થાય છે.

સ્વાર્થવૃત્તિનો નાશક તથા પરાર્થવૃત્તિનો પોષક હોવાથી મોક્ષ એ જ ઉત્તમ જીવને પ્રાપ્તવ્ય સમયજાય છે.

સંસારમાં દુષ્કૃત છે, માટે તેની ગર્હા અને મોક્ષ સુકૃત છે, માટે તેની અનુમોદના તથા મોક્ષ એ શુદ્ધાત્મ-ભાવમાં રમણતારૂપ હોનાથી તેનું જ અનન્ય શરણ–એ ત્રણ વસ્તુ મોક્ષાભિલાષમાં એકત્ર સાથે સિદ્ધ થાય છે.

પરના સતત ઉપકારના ઋણના ભારથી શરમ અનુભ-વનારને મોક્ષની તીવ્ર આકાંક્ષા પેદા થયા સિવાય રહેતી નથી. એટલે તેવો આત્મા અનુપમ ઉત્સાહ, ઉમંગથી કર્મમુક્તિ દાયક ધર્મની આરાધનામાં દત્તચિત્ત બનીને નખ-શિખ જીવંતતા અપનાવે છે.

'ભવ વિરહ' વર માગનાર પ.પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ રચેલ 'સંસારદાવા' સૂત્રનો સતત અભ્યાસ–ઉક્ત બંને ગુણોની પ્રાપ્તિમાં અમાપ સહાય કરે છે.

# નમવું અને ખમવું

## (૩૬)

'નમામિ સવ્વ જિણાણં । અને ખમામિ સવ્વ જીવાણં । 'એ બે પદોમાં આરાધનાનો સાર આવી જાય છે. જઘન્ય કોટિના જીવમાં સમ્યગદૃષ્ટિ જીવનો પણ સમાવેશ થાય છે. અવિરતિ સમ્યગદૃષ્ટિથી માંડી ચૌદમા ગુણસ્થાનક સુધીના બધા મહાપુરુષોનો સમાવેશ જિનપદમાં થઈ જાય છે. તે બધા આદરણીય પૂજનીય હોવાથી તે બધા પ્રત્યે નમસ્કારભાવ ઉપયુક્ત છે.

'ખામેમિ સવ્વ જીવાણં ।' માં પ્રથમ ગુણસ્થાનકથી માંડી ચૌદમા ગુણસ્થાનક સુધીના બધા જીવો સાથે ખમત-ખામણાં થઈ જાય છે. મારા આત્માથી થયેલી અવહેલના, વિરાધના પછી તે સંસારવર્તી જીવની હોય યા મુક્તિએ ગયેલી જીવની હોય. તે બધાની આલોચના અને ખમત-ખામણાં ન થયા હોય, તો તે કરવાં આવશ્યક છે. 'ખામેમિ સવ્વ જીવાણ' પદથી તે આવી જાય છે.

'नमामि सव्व जिणाण ।' એ પાઠમાં સમ્યગદૃષ્ટિથી માંડીને સિદ્ધ ભગવંત સુધીના આત્માની પૂજ્યતા સમજીને 'સવ્વ' શબ્દ મૂકયો છે. ઉત્તરાર્ધ એટલે 'खमामि सव्व जीवाण।' પાઠમાં 'सव्व' શબ્દથી સમ્યગદર્શનથી નીચલી ભૂમિકાના યાવત્ અવ્યવહારરાશિ પર્યંતના નિગોદના જીવોનો સંગ્રહ કરવા માટે सव्व શબ્દ મૂકયો છે. જે જે વર્ગના આત્માઓ સાથે જે–જે વ્યવહાર ઉચિત છે, તેનું પાલન કરવા માટે બંને જગ્યાએ 'सव्व' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેમ કરવાથી અખિલ જીવતત્ત્વની સાથેના વ્યવહારનો બોધ થાય છે. અને આત્માનું શુદ્ધિકરણ તથા ઉત્થાન થઈ શકે છે.

પારાને સિદ્ધ મકરધ્વજનું રૂપ આપવું હોય, તો તેમાં રસાયણશાસ્ત્રી તથા બીજી ઔષધિઓની આવશ્યક્તા રહે છે. તેવી રીતે જીવનના શુદ્ધિકરણ તથા ઉત્થાન માટે પણ રસાયણશાસ્ત્રીના સ્થાને ગુરૂતત્ત્વની અને ઔષધિઓના સ્થાને શુદ્ધિકરણના તે–તે ઉપાયોની જરૂર પડે છે.

'नमामि सव्वजीवाणं'માં ગુરૂતત્ત્વ આવી જાય છે અને 'खमामि सव्वजीवाणं'માં રસાયણ પ્રયોગ આવી જાય છે. આરાધનાના આ બે ઉપાયો પ્રાપ્ત થવાથી જીવન ધન્ય બને છે.

પહેલા ઉપાયમાં જિનભક્તિ છે. બીજામાં જીવમૈત્રી છે. એકમાં સુકૃતાનુમોદના છે. બીજામાં દુષ્કૃતગર્હા છે. એકમાં પૂજ્ય–તત્વ સાથે ઉચિત વ્યવહારનું પાલન છે, બીજામાં સંપૂર્ણ જીવરાશિ સાથે ઉચિત સંબંધ છે.

તાત્પર્ય કે નમવું અને ખમવું, એ આરાધનાનો સાર છે. નમનીયને ન નમવું, તે અપરાધ છે. તેનું પ્રાયશ્ચિત નમનીયને નમવાથી થાય છે. બધા જીવોને ખમવામાં ભવસ્થિતિનો પરિપાક થાય છે. આ બે ઉપાયો વડે જીવ શિવપદનો અધિકારી બને છે.

પ્રાર્થનાથી પરિસ્થિતિ પલટાય છે ? ના. પ્રાર્થનાથી માનવી પલટાય છે અને પછી તે પરિસ્થિતિને પલટે છે.

બે સમયે માણસની નિર્બળતા પ્રગટ થાય છે. એક, બોલવાની તક મળે ત્યારે ન બોલે. બીજા, ચૂપ રહેવાનું હોય ત્યારે બોલ્યા કરે.

# દેવ ગુરૂ ધર્મ

## (૩૭)

વીતરાગપણું એટલે પૂર્ણત્વ. અપૂર્ણતાનું કારણ રાગાદિ દોષો છે. તે આત્મામાંથી નાબૂદ થઈ ગયા પછી પૂર્ણત્વ પ્રાપ્ત થાય છે.

નિર્ગ્રંથ વિના તીર્થની ઉત્પત્તિ જ નથી. તીર્થની હયાતિ સાધુ ભગવંતો હોય ત્યાં સુધી જ હોય છે. માટે જ શાસનને 'નિર્ગ્રન્થ પ્રવચન' શબ્દથી સંબોધવામાં આવે છે.

પૂર્ણના કહેલા માર્ગે પૂર્ણત્વની પ્રાપ્તિ માટે ઉદ્યત થયેલા હોય તે નિર્ગ્રન્થ, સ્નાતક, પુલાક વગેરે નિર્ગ્રન્થોના જ ભેદ છે. એ દરેકનું ધ્યેય વીતરાગતા અર્થાત પૂર્ણત્વની પ્રાપ્તિ છે.

આચાર્યાદિ ત્રણે શ્રી જિનેશ્વર પરમાત્માએ પ્રકાશેલા તત્વોને તે રૂપે જ પ્રકાશે. તો જ તેઓ ગુરૂપદે માન્ય થઈ શકે છે. પૂર્ણના આશ્રયે જ અપૂર્ણ પૂર્ણ બની શકે છે.

દેવત્ત્વના આધારે ગુરૂતત્વ છે, અને ગુરૂતત્ત્વના આધારે

ધર્મતત્ત્વ છે. ઉત્પત્તિના ક્રમથી દેવ મુખ્ય છે અને સાધનાના ક્રમથી ધર્મ મુખ્ય છે.

ધર્મએ સનાતન સત્ય છે, તેને કોઈ બનાવતું નથી પણ બતાવે છે. શ્રી તીર્થંકર પરમાત્મા પોતાની વાણી વડે તેને પ્રકાશિત કરે છે.

શ્રી તીર્થંકર ભગવંતો દ્રવ્ય-ગુણ અને પર્યાયથી તીર્થ ગણધરોને સોંપે છે અને ગણધર ભગવંતો, આચાર્ય ભગવંતને સોંપે છે. શ્રી તીર્થંકર ભગવંતોના વિરહ કાળમાં શાસનના માલિક આચાર્ય ભગવંતો છે.

આચાર્ય અર્થની દેશના આપે છે, ઉપાધ્યાય સૂત્ર અને અર્થ બંનેની દેશના આપે છે, તેને સૂત્રાનુગમ કહેવાય છે. નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિ તેમજ પરંપરા પ્રાપ્ત અર્થને અર્થાનુગમ કહેવાય છે, તેને આપનાર આચાર્ય છે.

દીવો અજવાળું કરી દે, પણ મકાનમાંથી કચરો કાઢવો હોય તો ક્રિયા કરવી જ પડે. તેમ જ્ઞાન એ કર્મરૂપી કચરાને ઓળખાવે પણ તેને દૂર કરવાનું કાર્ય તો ક્રિયાથી જ થઈ શકે. તાત્પર્ય કે દેવ-ગુરૂ ધર્મમાં આચાર પ્રથમ છે.

વિનય મૂળધર્મ, દયાધર્મ, સત્ય અધિષ્ઠિત ધર્મ આચાર સ્વરૂપ છે. તેવી રીતે સુદેવ, કુદેવ અને સુગુરુ, કુગુરૂની ભેદરેખા પણ આચાર છે.

ઉપશમ ક્ષપક શ્રેણીનું મૂળ વર્તન છે. વીતરાગપણું ચારિત્રથી પ્રાપ્ત થાય છે, માત્ર જ્ઞાનથી નહિ.

વીતરાગ શબ્દ વર્તનની અપેક્ષાએ છે. સર્વજ્ઞ શબ્દ જ્ઞાનની અપેક્ષાએ છે. પ્રથમ વીતરાગતા અને પછી સર્વજ્ઞતા છે.

ઉપાધ્યાય સામાન્ય અર્થ આપે છે. એક ચરવાની ક્રિયા અને બીજી વાગોળવાની ક્રિયા છે. સામાન્ય વિશેષ ઉભય અર્થને આપનાર એક જ આચાર્ય હોય, તો તેને બંને પદવી મળે છે.

શ્રી અરિહંત અને સિદ્ધ પરમાત્માના વિરહકાળે વિંશતિ સ્થાનક માટેની આરાધના માટે તેમની પ્રતિમાની જરૂર છે. આચાર્યનો વિરહ શાસનમાં હોતો નથી, તેથી તેમની ભક્તિ આપણે કેવળ સ્થાપના વડે કરવાની નથી. તેમ કરવા જતાં ભાવ આચાર્યની ઉપેક્ષા થવા સંભવ છે. સારણાદિક વડે ગચ્છની સંભાળ રાખનાર ઉપાધ્યાય આચાર્ય વડે નિયુક્ત થયેલા હોય છે.

પંચપરમેષ્ઠિ પદો સ્વતંત્ર આરાધ્ય છે, તેમ જ્ઞાનાદિ ગુણો સ્વતંત્રપણે આરાધ્ય નથી. ગુણીની આરાધના દ્વારા ગુણની આરાધના થઇ શકે છે.

દેવ-ગુરુ-ધર્મનું આ યથાર્થ સ્વરૂપ સમજી તેની યથાર્થ આરાધના નિત્ય ચઢતે પરિણામે કરવાથી ચઢીયાતી ગતિ દ્વારા સર્વોચ્ચ સ્થિતિ પ્રાપ્ત થાય છે.

# જ્ઞાની પુરૂષનું સ્વરૂપ

## (૩૮)

જ્ઞાની પુરુષ નિશદિન આત્માના ઉપયોગમાં રહે, તેમની વાણી અનુભવમાં આવે તેવી હોય. જ્ઞાની પુરુષ અયાચક હોય. જ્ઞાની પોતે સંપૂર્ણ સ્વતંન્ત્ર હોય. જ્યાં સુધી ભૂલ હોય, ત્યાં સુધી માથે ભગવાન હોય. સર્વભૂલ રહિત હોય, તે સ્વયં ભગવાન બને.

જ્ઞાનીનું એકેય કર્મ બંધન કર્તા ન હોય. જ્ઞાનીનું કર્મ મુક્તિદાયક જ નીવડે. પોતે મુક્ત હોય, બીજાને મુક્ત કરે. જ્ઞાની નિર્ગ્રંન્થ હોય. તેની સર્વ ગ્રન્થિઓ છેદાઈ ગઈ હોય.

જ્ઞાનીમાં ત્રણ ગુણ હોય Oompressible (રબરજેવા) Flaxible વાળો તેમ વળે, પણ તુટે નહિ. Tensible ગમે તેટલું Tention ઝીલી શકે. જ્ઞાની ગુરૂતમ હોય, ગુરૂથી પણ ગુરૂ તે ગુરૂતમ તેમ જ્ઞાની લઘુતમ પણ હોય. લઘુતમ એટલે લઘુથી પણ લઘુ. આત્માનો એક ગુણ, અગુરૂલઘુ છે, તે જ્ઞાનીમાં હોય.

જ્ઞાની આપ્ત હોય. આપ્ત એટલે બધી રીતે વિશ્વાસ કરવા લાયક. મોક્ષ પ્રાપ્તિ માટે ઠેઠ સુધી વિશ્વાસ કરવા લાયક હોય તે આપ્ત કહેવાય. જ્ઞાની પારસમણિ જેવા હોય, અંતર રાખ્યા વિના જે તેનો સ્પર્શ કરે, તે સુવર્ણ જેવા બની જાય.

નિર્વિકલ્પ આત્માને જાણવા માટે નિર્વિકલ્પ-સમાધિસ્થ એવા જ્ઞાની પુરુષ પાસે જવું પડે. જ્ઞાની નિમિત્તભાવમાં જ રહે કર્તા બને નહિ. જેનું જ્ઞાન સૂક્ષ્મતમ સમયને અને સૂક્ષ્મતિસૂક્ષ્મ પરમાણુને પણ જોઇ શકે, જાણી શકે તે સાચા અર્થમાં જ્ઞાની કહેવાય.

જ્ઞાની પાસે જવા માટે પરમ વિનય હોવો જોઇએ. હું સંપૂર્ણ અજ્ઞાની છું એવો હાર્દિક સ્વીકાર હોવો જોઈએ.

स्वकृतं दुष्कृत गर्हन्, सुकृत चानुमोदयन् ।

नाथ ! त्वच्चरणौ यामि शरणं शरणोज्झितः ॥

એક જ વાર આ ભાવે જ્ઞાનીના ચરણોમાં નમે અર્થાત પરમ વિનયે નમે તેનો મોક્ષ અવશ્ય થાય.

જ્ઞાનીને માપવા જાય, તેની મતિ મપાઈ જાય. જ્ઞાનીને બુદ્ધિથી ન તોળાય. જ્ઞાની પાસે અબુધ જેવા થઈને જવાય. જ્ઞાનીની આરાધના જ થાય. તે હજી ક્ષમ્ય ગણાય. પણ વિરાધના તો ન જ થવી જોઈએ. જ્ઞાનીની વિરાધના એટલે

પોતાના જ શુદ્ધ આત્માની વિરાધના એક વાર કરેલી વિરાધના પણ અનંત ભવભ્રમણ કરાવે. જ્ઞાની આગળ તો સરળતમ થાય તે જ સંસારને તરે.

જ્ઞાની પુરુષનું આ યથાર્થ સ્વરુપ બરાબર સમજીને આપણે પરમજ્ઞાની શ્રી અરિહંત પરમાત્મા અને તેમની આજ્ઞામાં ત્રિવિધે ત્રિવિધે ઓતપ્રોત જ્ઞાની ભગવંતોની સેવા ભક્તિમાં અહર્નિશ ઉદ્યમવંત બનવું જોઈએ.

મનોરત્નનું દાન—એ શ્રેષ્ઠ દાન છે. વિશુદ્ધ ચિત્તરત્ન સુમુનિઓને મળ્યું હોય છે, તેથી ચક્રવર્તીઓ કરતાં પણ વધુ સુખી હોય છે.

દીનતા, સંતોષ, ઉદ્વેગ, રાગ—દ્વેષ, ઇર્ષ્યા એ ચિત્ત-રત્નને કલંકિત કરનારા દોષો છે.

જેટલા પ્રમાણમાં ચિત્તરત્નનું જતન કરીએ તેટલા પ્રમાણમાં આપત્તિઓ દૂર અને સંપત્તિ નજીક છે.

પર માત્ર ઉપકારી છે, એ સમજાવનારા શ્રી અરિહંત પરમાત્માને યથાર્થ રીતે સમજીશું, ત્યારે જ પરોપકારનું ગણિત સમજાશે, તે મુજબ જીવવાની લગની લાગશે.

# કર્મફળની સાથે ઝઘડો છો ?

## (૩૯)

લોક કર્મ સાથે નહિ, પણ કર્મફળ સાથે લડી રહ્યા છે. પ્રત્યેક જન્મમાં અશુભકર્મનું ફળ ન મળે અને શુભ કર્મનું જ ફળ મળે, એ માટે સતત પ્રયત્ન કરી રહ્યા છે. અશુભ ફળનું કારણ અશુભ કર્મ છે, તેને કાપવાનો પ્રયાસ કરવામાં આવે, તો આપોઆપ અશુભ ફળથી મુક્ત થવાય.

કર્મનો એક અર્થ 'ક્રિયા' પણ છે. હાથ, પગ આદિ અવયવો અને ઇન્દ્રિયો તથા મન પ્રતિપળ ક્રિયા કરી રહેલ છે. જીવનમાં પ્રત્યેક શ્વાસ કર્મ અને ક્રિયાથી વ્યાપ્ત છે. એક ક્ષણ પણ વિરામ લીધા વિના ક્રિયા કર્યા કરે છે. શરીરની નાડીઓ અને સૂક્ષ્મ પ્રાણોની હીલચાલ અટકયા વિના થઈ રહેલ છે. ક્રિયાઓના આ સતત પ્રવાહી શ્રોતોને કોઈ પણ શક્તિ રોકી શકતી નથી. અને જ્યાં સુધી આ ક્રિયાઓની સાથે સંબંધ છે, ત્યાં સુધી આત્માને કર્મના બંધનમાં રહેવું જ પડે છે.

કોઈ એમ વિચારે કે હું આ ક્રિયાઓને છોડી દઉં અને ઉદયગત કર્મનાં ફળ ભોગવ્યા વિના એનો ત્યાગ કરી દઉં તો તે અશક્ય છે. નવીન ક્રિયાઓ થઈ રહી છે, તેનું આત્મા સાથે બંધન અને જૂની ક્રિયાઓ જે કર્મરૂપે બદ્ધ છે, તેના ફળનો ઉપયોગ રોકી શકાતો જ નથી. એનાથી ભાગી છૂટવાની ચેષ્ટા વ્યર્થ છે. જીવનમાં પ્રારબ્ધ પણ છે અને નવીન ક્રિયાઓનો બંધ પણ છે.

આત્માને બંધનમાં નાખનાર બાહ્ય પદાર્થ નથી પણ રાગ–દ્વેષના વિકલ્પો છે. વનમાં રહી યા ભવનમાં પણ મનને 'पद्मपत्रमिवांभसा' અલિપ્ત રાખો !

કર્મફળ એ પોતે જ વાવેલું બીજનું ફળ છે. તેને કાપતી વખતે હર્ષ કે શોક કરવાની જરૂર નથી. હસીને કે રોઈને કાપવા કરતાં નિર્વિકારી ભાવથી ખપાવી દેવું તે જ શ્રેષ્ઠ માર્ગ છે. પૂર્વ કર્મના ઉદયથી જે સુખ–દુઃખ આવે તે તો અનાસક્ત ભાવે સમતાભાવથી ભોગવવાં જોઈએ. તેનાથી જૂનાં કર્મ ભોગવાઈ જાય છે અને નવાનો બંધ થતો નથી.

કર્મફળની સાથે ઝઘડો ન કરો ! સુખ વખતે રાગ કે દુઃખ વખતે દ્વેષ કરવો તે કર્મના બંધનમાં જકડાઈ રહેવાનું કાર્ય છે. બંને પ્રસંગોએ રાગ–દ્વેષના બંધન રહિત થવું એ જ મુક્તિનો ઉપાય છે. જડ વસ્તુનો રાગ છૂટે તો જીવ તત્ત્વનો દ્વેષ છૂટે.

પર વસ્તુનો રાગ એ ભાવરોગ છે. તેમાંથી ભવરૂપી બંધન પેદા થાય છે. સાચા ભવનિર્વેદનો અર્થ એ છે કે દેહ પણ ભારરૂપ લાગવો જોઈએ. કારણ કે તે પણ કર્મનું સર્જન છે. તેનું વિસર્જન આત્માના ચરણે કરવાથી ભવ-નિર્વેદપૂર્ણ જીવન પમાય છે.

કર્મસત્તા એક ન્યાયી સત્તા છે. તેના તંત્રમાં પક્ષ-પાતને મુદ્દલ સ્થાન નથી. માટે જેવા થવું હોય તેવાં કર્મ કરવાં જોઈએ. લીંબોળી વાવ્યા પછી એમ બોલવું કે 'આંબો ન ઉગ્યો' તેનો શો અર્થ? તાત્પર્ય કે અશુભ કર્મને જીવ માત્રનો કટ્ટર શત્રુ સમજી તેનાથી સર્વથા દૂર રહેવું જોઈએ.

પ્રથમ નમસ્કાર શ્રી અરિહંત પરમાત્માને જ કરવો જોઈએ, કારણ કે તેઓશ્રી આપણા પરમ ઉપકારી છે. સર્વ ઉપકારીઓમાં શિરમોર છે. અન્ય સર્વ ઉપકારીઓના ઉપકારના મૂળમાં પણ તેઓશ્રીનો ઉપકાર રહેલો છે.

ઉપકારની ગંગાના જનક શ્રી અરિહંત પરમાત્મા છે. પરોપકાર વ્યસનીપણાનો જે ગુણ શ્રી અરિહંતમાં છે, તે બીજા કોઈમાં નથી.

# આનંદમાં રહેવું રે.....

## (૪૦)

" અનુભવીને એકલું, આનંદમાં રહેવું રે,
ભજવા શ્રી પરિબ્રહ્મ, બીજું કાંઈ ના જોવું રે–૧
વેદ જોયા, કિતાબ જોઈ, સરવ જોઇને જોયું રે
પણ પ્રભુના નામ વિના, સરવે ખોયું ખોયું રે–૨
અવર કોઇના આત્માને, દુઃખ ન દેવું રે,
સુખ દુઃખ જ્યારે આવી પડે, ત્યારે સહીને રહેવું રે–૩
જાપ અજપા જાપ જપે ત્રણ લોકમાં તેવું રે
મૂળદાસ કહે મોહ મદ મૂકી મહાપદમાં રહેવું રે–૪
—અનુભવીને એકલું આનંદમાં રહેવું રે

અર્થ : આપણે સંસારમાં રહીએ છીએ. અનેક માણસોના સંબંધમાં આવતા હોઈએ છીએ. તેમાં કેટલાક પ્રત્યે આપણને

રાગ થતો હોય છે, તો કેટલાક પ્રત્યે દ્વેષ થતો હોય છે. આ રાગ અને દ્વેષમાંથી દુઃખ, શોક અને નિરાશા આદિ જન્મતાં હોય છે.

સંસારનો એક પણ સંબંધ સ્થાયી અને સનાતન નથી. વહેલા-મોડા કાંતો એને આપણાથી છૂટા પડવાનું, કાંતો આપણે એનાથી છૂટા પડવાનું હોય છે. એ સંબંધ પ્રત્યે આપણો રાગ જેટલો પ્રબળ હોય છે, તેટલો જ પ્રબળ તેનાથી છૂટા પડતી વખતે શોક પણ હોય છે. એટલે જેણે પોતાનાં સુખ-શાન્તિ કે આનંદને કોઈ બીજી વ્યક્તિ કે વસ્તુમાં શોધ્યા, તેને વહેલો મોડો સંતાપ જ અનુભવવાનો હોય, તે સ્પષ્ટ છે.

સાચાં ને સ્થાયી સુખ, શાન્તિ કે આનંદને માટે અસંગત્વ સંગરહિતતા અનિવાર્ય છે અસંગત્વ એટલે આનંદનું કેન્દ્ર સ્ત્રી પુત્ર, મિત્રાદિને, ઈન્દ્રિયોનાં ભોગને કે યૌવન, ધન, સતા, કે કિર્તી આદિને નહિ, પણ અનાસક્ત ભાવે પોતાના અંતરાત્માને બનાવવો તે.

આવો અનુભવી એટલે કે આત્મનિષ્ઠ તત્વદર્શી, ક્લેશના મૂળ જેવા ક્ષણભંગુર વિષયો પાછળ ભમતો નથી. સત્, ચિત્ત, આનંદ સ્વરુપ પરમાત્મા સિવાય બીજા કશાની સાથે તન્મય થતો નથી ને પોતામાં જે આત્મા રહ્યો છે, તે જ આત્મા ભૂત-પ્રાણી માત્રમાં પણ રહ્યો હોવાથી ઋણાનુબંધને યોગે પોતાના પરિચયમાં આવનાર કોઇ પણ વ્યક્તિને કચવાવતો કે પીડતો નથી.

એ આત્મનિષ્ઠ અને અસંગ હોવાથી મનથી તો એ સદા કાળ આનંદમાં જ રહેતો હોય છે. પણ દેહ ધારણ કર્યો હોવાથી દેહની સાથે અનિવાર્ય રીતે જોડાયેલાં જ છે, તેવાં જે સુખ-દુઃખ, તેને ભોગવવાનાં આવે, ત્યારે એ હર્ષ શોક વિના સમતાથી સહન કરી લેતો હોય છે. દુઃખ તો ઠીક પણ સુખ પણ માણવાનું કે ભોગવવાનું નહિ, પણ સહન કરી લેવાનું જ હોય છે.

આવો આત્મનિષ્ઠ, તત્ત્વદર્શી, મોહ અને મદથી મુક્ત થઈને ચિત્તની ઊંચામાં ઊંચી ભૂમિકાએ રહેતો હોય છે. તેના અંતરમાં પ્રભુ નામનો અજપાજપ ચાલતો રહે છે.

શરણ આપનાર એક વીતરાગ જ છે.

આપણે શરણ વગરના છીએ, અશરણ કોઈને શરણ આપી શકે નહિ, માટે આપણે કોઈને શરણ આપીએ છીએ એ વાત ખોટી છે.

અનાથી મુનિને શ્રેણિકે કહ્યુ 'હું નાથ બનું! સંપત્તિ આપું, રક્ષણ કરૂં.' મુનિરાજ હસ્યા ભલા તું જ અનાથ છે, તો મારો નાથ શી રીતે થઈ શકે?'

# દેવ-ગુરૂ પરમ હિતૈષી

## (૪૧)

આપણાં સાચા સ્નેહી કોણ ? દેવ-ગુરુ કે દુનિયા ?

પરમ હિતૈષી જો દેવ-ગુરુ જ છે, તો તેમના પર સર્વાધિક સ્નેહ હોવો જ જોઇએ. અને જો ન થતો હોય, તો દેવ-ગુરુની કિંમત કરતાં બીજા સ્નેહીઓની કિંમત અંતરમાં વધારે આંકી છે, એમ સિદ્ધ થાય છે. આ મિથ્યાત્વ જીવને અનંતકાળ ભવમાં ભટકાવનાર થાય છે.

વિષય વિરક્તિને ટકાવવી હોય તો દેવ ગુરુ રૂપ મહા-વિષયો પર રતિ કેળવવી જ જોઈએ. જો નહિ કેળવાય તો વિષયો કેડો છોડશે નહિ.

વિષયોમાં રતિ હોવાનો અર્થ જ વિષયોની કિંમત વધુ આંકી ગણાય.

બધા વિષયોમાં પ્રધાન વિષય તો દેવ-ગુરૂ છે. તેનું કારણ તેઓ જ બધા જીવોના પરમ હિતૈષી છે. જીવદ્રવ્યના

ઉત્કૃષ્ટ હિતકર્તા તેઓ જ છે. તેઓનું નામ સ્મરણ કરતાં જ જીવોની પાપરાશિ, અજ્ઞાન વગેરે પળ માત્રમાં પલાયન થઈ જાય છે.

આત્માનું હિત કરે, તે જ સાચા હિતૈષી કહેવાય. પરમ આત્મીય કહેવાય. આપ્તજન કહેવાય.

શ્રી વીતરાગ, સર્વજ્ઞ તીર્થંકર પરમાત્મા આવા આપ્ત દેવ છે. તેમની આજ્ઞાનું ત્રિવિધે પાલન કરનારા આત્મીય ગુરૂદેવ છે. તેઓને આપણા દિલના દેવ બનાવવામાં બુદ્ધિની સાર્થકતા છે. પરપદાર્થોના રાગને નિવારવાનો આ જ મહા-માર્ગ છે.

વિરક્તિને મેળવવાનો, ટકાવવાનો વધારવાનો અને પરમ વિરક્તિને ધારણ કરનાર વીતરાગ પદની પ્રાપ્તિનો અનન્ય ઉપાય દેવ-ગુરૂને વિષે મહારતિ કેળવવી તે જ છે.

જેમના જીવ સ્નેહમાં કદી ઓટ આવતી નથી, એ પરમ વાત્સલ્યવંત દેવને સ્નેહ આપવો જોઈએ, કારણ કે તેમના કરતાં અધિક સ્નેહપાત્ર આ જગતમાં કોઈ નથી.

# ઇચ્છારહિત બનીએ !

## (૪૨)

વિશ્વાત્મા એ જ સ્વાત્મા છે. એવો સ્વાનુભવ કરવો, તે સર્વ ઉપદેશોનો સાર છે.

જ્યાં કામ ત્યાં નહિં રામ, જ્યાં રામ ત્યાં નહિં કામ. જો આત્મારુપી મહારાજાને મળવું હોય તો કામના વાસના અને ઇચ્છાઓ રૂપી જૂના-પૂરાણાં-ફાટેલા-તુટેલાં ચીંથરાઓને ફેંકી દો, ફગાવી દો. રાજાને ત્યાં રાજા જ પરોણા હોય.

આશ્ચર્ય એ છે કે, જ્યારે કામનાઓને છોડવામાં આવે છે, ત્યારે તે પોતાની મેળે જ પૂરી થવા માંડે છે. લોઢું અગ્નિમાં પડે એટલે અગ્નિનો ગુણ તેમાં આવી જાય છે. એ જ રીતે મન, ચૈતન્યમાં થોડો કાળ અભેદપણે રહે, તો તેમાં અચિન્ત્ય શક્તિ આવી જાય છે.

એકાંતમાં બેસી, વૃત્તિઓને ખેંચી લઇ તેજનાં પૂંજ સ્વરૂપ આત્મામાં અભેદ માણ્યા કરો એટલે અખૂટ આનંદ સાથે અનુકૂળ સામગ્રી ચરણોમાં આળોટશે. ઇચ્છાઓનું ફળ મળશે

પણ તેનું મૂલ્ય ચુકવવું પડશે. તેનું મૂલ્ય એટલે ઉદાસીનતા, સર્વ ઇચ્છાઓનો પરિત્યાગ, પ્રભુની ઇચ્છામાં જ પોતાની ઈચ્છા ભેળવી દેવી તે. તેનું જ નામ આત્મસંયમ, આત્મ સમર્પણ અને આત્મ નિવેદન વગેરે છે.

જ્યારે ઈચ્છા વિનાના થશો ત્યારે જ પ્રભુ તરફથી સન્માન પામશો. જ્યાં સુધી ઈચ્છાઓ છે, ત્યાં સુધી ભિખારી પણું કાયમ છે. ધ્યાનપરાયણ થયું એટલે ઇચ્છારહિત થવું. ઇચ્છાનું ધ્યાન તે. અરતિકર આર્ત્તધ્યાન છે. વાંસળીની માફક સંપૂર્ણ ઇચ્છારહિત પોલા થાઓ. તો જ અંદરથી મધુર સ્વર નીકળશે. જેમાંથી પૂર્ણત્વનું અમી ઝરતું હોય છે.

નિરીચ્છ થવામાં આત્માનું સન્માન છે. પરમાત્માના ગુણગાન ઇચ્છાનો અંત આણે છે, તેનું કારણ પણ તેઓ સ્વયં સંપૂર્ણપણે અવસ્થિત છે, તે છે.

ઇચ્છા કોણ કરે? જે અપૂર્ણ હોય તે. પૂર્ણને વળી ઇચ્છા કેવી? તો વિચારવાનું એ છેકે આત્મા સ્વભાવે પૂર્ણ હોવા છતાં આપણા મનમાં ભિન્ન–ભિન્ન ઇચ્છાઓ શાથી જાગે છે? કહો કે મિથ્યાદૃષ્ટિના કારણે.

મિથ્યાદૃષ્ટિ હંમેશાં મિથ્યારાગી હોય છે. સતમાં પરોવાવું તે તેનો સ્વભાવ જ નથી. આ દૃષ્ટિનો ત્યાગ પરમાત્માના દર્શનથી સુલભ બનતા આત્મદર્શનથી થાય છે. માટે મનને પુનઃપુનઃ પરમાત્માના સ્મરણ દ્વારા આત્માનુસંધાન કરાવવું એ નિરીચ્છ બનવાનો રાજમાર્ગ છે.

# માન–મુક્તિ.

## (૪૩)

માનવને માન–કષાયની અધિકતા છે. માટે અભિમાન છોડીને નામગ્રહણપૂર્વક બીજાને માન આપવામાં માનવજન્મની સાર્થકતા છે.

દેવગુરૂને નમસ્કારથી ધર્મનો પ્રારંભ થાય છે. તેના મધ્યમાં અને અંતમાં પણ નમસ્કાર વડે જ માનરહિત અને જ્ઞાનસહિત થવાય છે.

પોતાનું મનાવવાનો પ્રયાસ માન વધારવા માટે થાય છે, તેથી સામાનું મન ઘવાય છે. બે માનવો વચ્ચે અંતર વધે છે. આપ્તજનોનું માનવાની ટેવ પડવાથી માન ઘસાય છે. અને ધર્મના મૂળરૂપ વિનયગુણ પુષ્ટ બને છે.

આધ્યાત્મિક સુખ અને શાન્તિ મેળવવાનો ઉપાય, પોતાનું મનાવવાનો મિથ્યા આગ્રહ છોડી દઈને, બીજાને સહાનુભૂતિ–પૂર્વક સાંભળવા–માનવાનો છે.

દરેક ક્ષેત્રમાં માનવીનો વિકાસ, માનવીને માન આપવાથી થાય છે. માન માંગવાથી નહિં, પણ માન્ય પુરૂષોને માન આપવાથી, તેમનું બહુમાન કરવાથી થાય છે. માન તે માંગવાની વસ્તુ જ નથી, આપવાની વસ્તુ છે.

પ્રભુની આકૃતિ મૂર્તિના દર્શનથી સાલોકય મુક્તિ, પ્રભુના નામનું ગ્રહણ કરવાથી સામીપ્ય મુક્તિ, પ્રભુના આત્મદ્રવ્યના ચિંતનથી સારુપ્ય મુક્તિ અને પ્રભુના ભાવની સાથે તન્મય થવાથી આયુજ્ય મુક્તિ પ્રાપ્ત થાય છે. એ ચારે પ્રકારની મુક્તિ 'માન' મુક્તિના પર્યાયરૂપ મુક્તિ છે.

પૂજ્યોના નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવને ભક્તિપૂર્વક હૃદયમાં સ્થાન આપવાથી માનકષાયથી મુક્ત થવાય છે. માન મુક્તિથી અન્ય કષાયથી મુક્તિ સુલભ બને છે.

દાન પણ માન છોડવા માટે હોય તો જ ધર્મરૂપ બની શકે છે પ્રત્યેક ધર્મક્રિયા મુખ્યત્વે માનવને માનકષાય ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે વિહિત છે.

માનનું ઘર મન છે, એ ઘરમાં પરમ માનનીય પરમાત્માને બહુમાનપૂર્વક પગલાં કરાવવાથી માન કે જે કષાયરૂપ હતું તેનું નમન દ્વારા ભક્તિમાં રૂપાંતર થઈ જાય છે.

'નમો' પણ એ જ સૂચવે છે, 'ખમો' પણ એ જ કહે છે કે, માન છોડો, સન્માન દો. ખમી ત્યારે જ શકાય, જ્યારે માન–કષાય મોળો પડયો હોય. એ મોળો ત્યારે પડે જ્યારે મહાપુરુષોને મન આપવામાં આપણે કટિબદ્ધ બનીએ.

# સમત્વનો સ્નેહ

## (૪૪)

જેને સમત્વબુદ્ધિ પ્રાપ્ત થઈ છે તે યોગી, જેને નથી થઇ તે અયોગી અર્થાત્ ચંચળ ચિત્તવાળો માનવી.

આત્મનિષ્ઠા એ જ શાન્તિનો ઉપાય. રાગદ્વેષ રહિત બુદ્ધિ તે આત્મનિષ્ઠા છે. જિતેન્દ્રિયતા એ જ વિકાસનો માપદંડ છે.

જીવનની નિશા એટલે અંતરનું અંધારું, જીવનની ઉષા એટલે અંતરનું અજવાળું.

નિષ્કામભાવે વર્તવાથી ફળ નથી મળતું એમ નહિ. પણ વધારે મળે છે. સ્વાર્થ એ રાત્રિ અને પરમાર્થ એ દિવસ છે. શાન્તિનું મૂળ વાસનાના વિરોધમાં છે.

વિકારોની વચ્ચે નિર્વિકાર રહી, તે સ્થિતિને જીવતાં સુધી જાળવી રાખવામાં આત્મદર્શનનો વિજય છે, સંયમનો મહિમા છે. વાસનાઓનો ત્યાગ એ આત્મજ્ઞાનનું પ્રત્યક્ષ ફળ છે.

પર વસ્તુની સ્પૃહા એ ચોરી છે. पर द्रव्येषु लोष्ठवत् એ શાહુકારી છે. સત્યને અપનાવવું અને અસત્યને ત્યજવું તે જ ખાનદાની છે.

સ્થિતપ્રજ્ઞ આગમાં પણ શીતળ, વિષમાં પણ અમૃત તુલ્ય હોવાથી કોલાહલમાં પણ શાન્તિનો અનુભવ કરે છે. તેને બ્રાહ્મી સ્થિતિ પણ કહે છે. પરમાત્મા પરબ્રહ્મ પોતે આ સ્થિતિમાં રહે છે. સર્વજ્ઞ સર્વશક્તિમાન હોવાથી સદા સ્વાત્મમહિમામાં રહે છે. અચલ મર્યાદા સંપન્ન છે. આપ્ત-કામ છે. ઉત્પાદ વ્યય કે લયમાં સમસ્થિત રહે છે. સત્‌ના જ્ઞાનથી સમપણે રહે છે, ચિતના જ્ઞાનથી આનંદમય રહે છે.

યુવાની યોગ માટે છે, ભોગ માટે નહિ. ભોગ એ પ્રજ્ઞાપરાધની સ્થિતિ છે. પ્રભુ પ્રાપ્તિ માટેની સાધના એ જ યુવાનીનો સમ્યગ્‌ ઉપયોગ છે. પર વસ્તુની પ્રાપ્તિ માટેના પ્રયત્નો એ યુવાનીનો દુરુપયોગ છે. સદુપયોગ દુરુપયોગનું જ્ઞાન પ્રાપ્ત કરવું અને તેના પ્રકાશમાં જીવવું તેવું જ નામ યથાર્થ જીવન છે.

જેના જીવનની કોઈ પણ પળ પર વસ્તુના અભાવને ખરેખર ખાલીપો સમજીને તેને ભરવા માટે ખર્ચાય છે, તે માણસ આત્મનિષ્ઠ નથી જ. પૂર્ણને આવી ઈચ્છા ન જ હોય.

# તત્ત્વ-વિચાર

## (૪૫)

આર્તધ્યાનરૂપી કલ્પનાજાળનો ઉચ્છેદ સ્વસુખદુઃખની ચિંતા છોડવાથી થાય છે. સર્વના સુખ-દુઃખની ચિંતા કરવાથી સમત્વભાવ પુષ્ટ થાય છે. અનંતગુણ, પર્યાયથી સમૃદ્ધ એવા આત્મદ્રવ્યમાં રમણતા કરવાથી સકળ કર્મનો ક્ષય થાય છે.

આર્ત-રૌદ્ર ધ્યાનનો ત્યાગ, ધર્મ ધ્યાનનું સેવન અને શુકલધ્યાનનો અભ્યાસ એ મનોગુપ્તિના ત્રણ દ્વાર છે.

સ્વ (Self and not soul) નો વિચાર આર્ત્તધ્યાનનું બીજ, સર્વનો વિચાર ધર્મધ્યાનનું બીજ અને આત્મદ્રવ્યનો વિચાર એ શુકલધ્યાનનું બીજ બને છે.

બીજાના દુઃખનું નિવારણ જેઓ ઇચ્છતા હોય અને બીજાના સુખનું સર્જન ચાહતા હોય, તેઓ જ અકરણ નિયમને યોગ્ય બની શકે છે. પાપ ન કરવાની વૃત્તિનું બીજ બીજાનાં દુઃખ નિવારણ કરવાની ઇચ્છામાં છે. તેને જ દયા કહે છે.

જીવમૈત્રી અને જિનભક્તિ પરસ્પર અનુસ્યૂત છે. એકનાં અભાવમાં બીજાનો સદ્‌ભાવ રહેલો નથી. ઉત્કૃષ્ટ જીવમૈત્રીના કારણે શ્રી જિનેશ્વર ભગવંતો ભક્તિને પાત્ર છે. એટલે તેમની ભક્તિ જીવમૈત્રીને વિકસાવે છે.

જીવ તત્ત્વ ઉપાદેય છે. અજીવ તત્ત્વ હેય છે. સંવર, નિર્જરા અને મોક્ષ ઉપાદેય છે, કેમ કે તે જીવ તત્ત્વ છે. આશ્રવ બંધ અને પાપ હેય છે, કેમ કે તે અજીવ તત્ત્વ છે. જિન-તત્ત્વમાં મોક્ષતત્ત્વની ઉપાદેયતા રહેલી છે, જીવમૈત્રીમાં સંવર નિર્જરા તત્ત્વની ઉપાદેયતા છે. આશ્રવ, બંધ અને પાપ એ હેય તત્વો છે, કેમ કે તેમાં જીવ દ્વેષ અને જિનઅભિક્ત રહેલાં છે.

જિન એ જીવનું શુદ્ધ સ્વરુપ છે. જીવનું અશુદ્ધ સ્વરૂપ કરૂણા અને માધ્યસ્થને પાત્ર છે. જીવનું શુદ્ધ સ્વરૂપ પ્રમોદ અને ભક્તિને પાત્ર છે,

અજીવ તત્વના સંબંધથી જીવમાં અશુદ્ધિ આવે છે, તેથી જીવમાં અશુદ્ધિ લાવનાર અજીવ તત્વ હેય છે. હેયમાં ઉપાદેય બુદ્ધિ અને ઉપાદેયમાં હેયબુદ્ધિ—એ દૃષ્ટિનો અંધાપો છે, તે મિથ્યાદૃષ્ટિનું દર્શન છે. જિનદર્શન તેને દૂર કરે છે. કારણકે જિનરાજમાં સર્વ ગુણ પ્રકર્ષતા છે. પોતે પરમતત્ત્વ સ્વરૂપ છે.

તત્વ વિષયક આ વિચારણા જીવનમાં વણાય ત્યારે જ જિનભક્તિ અને જીવમૈત્રી જીવનમાં વણાય છે. તેનાથી આર્ત રૌદ્ર ધ્યાન જનક સ્વાર્થ પ્રચુરતા મંદ પડીને ધીમે ધીમે નાશ પામે છે.

# ગુરૂકૃપા અને ભક્તિ

## (૪૬)

વાસનાની શાન્તિ વિના ભક્તિ નહિ અને ભક્તિ વિના વાસનાની શાન્તિ નહિ. આ અન્યોન્યાશ્રય દોષને તોડવાનો ઉપાય ગુરૂકૃપા છે. ગુરૂ એ લુહાર છે, તેની કૃપા એ હથોડો છે અને ભક્તિ એ તેનું મૂલ્ય છે. ભક્તિથી કૃપા અને કૃપાથી અન્યોન્યાશ્રય દોષનું નિવારણ થાય છે.

કાયાથી થતી ગુરૂની ભક્તિ, આત્માની મુક્તિમાં કારણ બને. શિષ્યની ભક્તિ ગુરૂની કાયાને ઉદ્દેશીને હોય છે અને ગુરૂની કૃપા શિષ્યના આત્માને ઉદ્દેશીને હોય છે. ગુરૂની કૃપા શિષ્યના ચિત્તની સમાધિનું કારણ બને છે. ભક્તની ભક્તિ નિર્વિષયતા અને નિષ્કષાયતાના આનંદનો અનુભવ કરાવે છે. એ આનંદની આગળ દુનિયાના સઘળાં સુખો તુચ્છ ભાસે છે.

ગુરૂકૃપા એ માતાના સ્થાને છે. તેના ખોળામાં વિશ્રાંતિ લેનારને વાસનાનાં જાળાં ફસાવી શકતાં નથી. ગુરૂકૃપાને કશું અસાધ્ય નથી. કૃપા ભક્તિની ભક્તિને આધીન છે. ભક્તિથી કૃપા વધતી જાય છે. અને કૃપાથી ભક્તિ વધતી જાય છે.

ગુરૂકૃપા જેને પ્રાપ્ત થાય છે, તેના ચિત્તમાંથી એક બાજુ વિષયરતિ નાશ પામે છે, બીજી બાજુ વીતરાગભક્તિ ઉત્પન્ન થાય છે.

ગુરૂકૃપા મોહનીયકર્મનો ક્ષય કરી શકે છે. તેના પ્રભાવે વિષયવિરક્તિ અને જિનભક્તિ પ્રાપ્ત થાય છે. કૃપા એ એક એવું તત્ત્વ છે કે જે નજરે ન દેખાતું હોવા છતાં નજરે દેખાતી કોઈ પણ વસ્તુ કરતાં અતિ અધિક ઉપકાર કરે છે. તે ઉપકારનું નામ છે વિષયવિમુખતા અને નિર્વિષયી પરમાત્મપ્રીતિમાં અપૂર્વરતિ.

ગુરુ આગળ લઘુ બનીને રહેવાય. તેનો જ્વલંત દાખલો શ્રી ગૌતમસ્વામીજી છે. પોતે પ્રત્યેક સમયે શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીજી સમક્ષ નહિવત્ બનીને રહ્યા હતા માટે તે જ ભવમાં મુક્તિગામી બન્યા હતા. 'હું' કંઈક છું' એવો ઘમંડ શિષ્યને ગુરુની કૃપાથી વંચિત રાખે છે. ગુરુને સર્વેસર્વા માનનાર વિનીત શિષ્ય જ ગુરુની કૃપાને પાત્ર બને છે.

કૃપાનું તત્વજ્ઞાન કહે છે કે, કૃપા જોઈતી હોય, તો અંદરથી ખાલી થઈ જાઓ. સર્વત્ર વરસતો વરસાદ પણ ત્યાં જ ઝીલાય છે, જ્યાં પુરતું ખાલી પણું હોય છે. માટે ખાલી થઈ ને ગુરુને સમર્પિત થવામાં જ ગુરુકૃપાને પાત્ર થવાય છે.

# અંદર વળીએ !

## (૪૭)

જગતના પદાર્થોનું સાચું સ્વરૂપ અને મૂલ્યાંકન થયા પછી જીવનમાં શાન્તિ માટેનાં દ્વાર ખુલ્લાં થાય છે. આપણા અંતરમાં અનંત શાન્તિ અને અનંત શક્તિના ભંડાર પરમાત્મા બિરાજી રહ્યાં છે, પરંતુ આપણો તે સાથેનો હોવો જોઈતો સંબંધ છૂટી ગયો છે. અને બહારના પદાર્થો સાથે સંબંધ બંધાઈ ગયો છે.

બહારના પદાર્થોના રંગરૂપ ક્ષણે-ક્ષણે બદલાયા કરે છે, કારણ કે તે વિનાશી છે. તેને પોતાને તો પોતાનું કશું જ મૂલ્ય નથી, પણ આપણે જ તે-તે પદાર્થોને મૂલ્ય આપ્યું છે.

સોનાની વીંટીની પણ આપણને કિંમત છે, પણ હાથીને સોનાની અંબાડી હોય તો પણ તેની કશી કિંમત નથી. જો આપણે જ પદાર્થોને આપેલું મૂલ્ય પાછું ખેંચી લઈએ, તો જીવનમાંના ઘણા ક્લેશો અને સંતાપો દૂર થઇ જાય.

આપણા અંતરના અતિ ગહન તળમાં અંતરાત્મારૂપે પરમાત્મા બિરાજમાન છે. ત્યાં અનંત આનંદ અને અનંત-શક્તિ છે. તેની સાથે સંબંધ બાંધવાની કળા આપણે શીખવી જોઈએ. જો એ કળા હાથ લાગે તો ત્યાંથી આનંદ, શક્તિ અને પરમ તૃપ્તિ આવ્યા જ કરશે. તેનાથી જીવનમાં સ્ફૂર્તિ અને તેજ તથા પ્રસન્નતા જુદાં જ પ્રકારનાં આવશે.

એ કળાનું નામ 'નમો' છે. તે મનને પકડાવવાની છે. તો મન જેની પકડમાં છે, તે સંસારમાંથી છૂટીને, આત્મરાજનું બની રહેશે. બહાર નમવાનો કશો અર્થ નથી. તમે સિંહાસનને સો વાર પ્રણામ કરો કે સો વાર લાત મારો, ત્યાથી કોઈ પ્રતિક્રિયા થવાની નથી, કારણ કે તે લાગણીશૂન્ય, ઉપયોગરહિત જડ પદાર્થ છે. પણ નમવાનું છે આપણામાં રહેલા પરમાત્મસ્વરૂપને, ત્યાં જ અક્ષયસુખનો મહાસાગર ઘૂઘવી રહ્યો છે. પરમ ઐશ્વર્યનો ભંડાર ત્યાં પથરાયેલો છે.

અનાદિના બહિર્ભાવને અલ્પ કાળમાં સર્વથા નાબૂદ કરી શકાતો નથી. તેને માટે સતત અભ્યાસ જરૂરી છે. તેમાં આવતાં વિઘ્નો માટે દૃઢતા કેળવીને જ સફળતા મેળવી શકાય છે.

# પ્રેમ

## (૪૮)

પ્રેમ આપણને સમગ્ર સાથે જોડે છે.

પ્રેમના અભાવમાં આપણે અસ્તિત્વથી અલગ અને અટુલા પડી જઈએ છીએ. પ્રેમ વિના દરેક જણ ખરે જ એકાકી છે. પ્રેમ જ જીવન છે. પ્રેમ સિવાય કોઈ જીવન નથી.

ભાષામાં સૌથી મૂલ્યવાન શબ્દ 'પ્રેમ' છે. પ્રેમ એ જ પરમાત્મા છે. પ્રેમ એ જ આત્મા છે. શરીર અને મનની પારના પ્રદેશમાંથી જે આવે છે, તે કિરણ પ્રેમનું છે. પ્રેમ એક અપાર્થિવ પદાર્થ છે. સત્યમાં જે નિકટતા નથી, તે પ્રેમમાં છે. સત્ય એ જાણવાની વાત છે, પ્રેમ એ બનવાની વાત છે.

અસ્તિત્વ એક અદ્વય છે. સર્વના સ્વીકાર અને સહકારમાં પ્રેમ ફલિત થાય છે. એક વ્યક્તિ તરફ કોઈ પોતાના 'હું' ને છોડી દે, તો તે પ્રેમ કહેવાય છે. જ્યારે સહુ કોઈની પ્રત્યે જે પોતાનું 'હું' છોડી દે છે, તે ખુદ પોતે જ 'પ્રેમ' બની જાય છે.

પ્રેમ એ જ ભક્તિ છે. તેમાં સ્વ અને પરનું અતિક્રમણ છે. જ્યાં સ્વ કે પર નથી ત્યાં જ સત્ય છે. સત્ય માટે જેમને તૃષા છે, તેમણે પ્રેમ સાધવો પડશે. એ ક્ષણ સુધી પ્રેમ સાધવો પડશે કે જ્યા પ્રેમી અને પ્રિય મટી જાય અને કેવળ પ્રેમ જ અવશેષ રહે.

શાસ્ત્રીય પરિભાષામાં વિશુદ્ધ સ્નેહ પરિણામ–એ પ્રેમ છે, નિર્વ્યાજ પ્રેમ છે. કોઇ સ્થૂલ પદાર્થની વાસનાથી સર્વથા પર વિશુદ્ધ પ્રેમ છે. આત્માને આત્મા આપી દેવો એ સાચા પૂરા પ્રેમની વ્યાખ્યા છે.

દેહલાલસા એ તો અધમ પશુવૃત્તિ છે. પ્રેમમાં તો આત્મા જ સર્વ આત્માઓમાં એકરુપતા સાધવા તલસતો હોય છે. સ્થળ, કાળનું કોઈ બંધન જેને નડે તે પ્રેમ નહિ, પણ પાર્થિવ વાસના વગેરે ગણાય છે. જેમ–જેમ વહેંચીએ તેમ–તેમ વધે, એ પ્રેમનો સ્વભાવ છે. પ્રેમમાં થાક નહિ પણ અમીસ્નાન જન્ય વિરામ છે.

આવા પરમ પ્રેમી પરમાત્મા છે. તેમના પ્રેમમાં પાગલ થનારા સહુ તેમના ભકતો છે. 'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી' એ તેમના અંતરના ઉદ્ગારો છે.

*માટે દિનપ્રતિદિન ચઢતે પરિણામે પ્રભુ ભક્તિમાં* એકાકાર બનીને માનવ ભવને સાર્થક કરીએ

# સમત્વના વિકાસ અર્થે.

## (૪૯)

સમત્વના વિકાસ અર્થે વૈરાગ્ય, વિશ્વપ્રેમ અને સમ્યગ્જ્ઞાન એ ત્રણેની સરખી આવશ્યકતા છે. સમ્યગ્જ્ઞાન એટલે જ્ઞાનાનંદમય પોતાના નૈશ્ચયિક શુદ્ધસ્વરૂપનું જાગૃતભાન

ભાવ એટલે આંતરજ્ઞાન. પ્રતીતિકારક જ્ઞાન ભાવને જન્માવે છે. ભાવ એ સુદૃઢ જ્ઞાનનું કાર્ય છે. ક્રિયા એ ભાવનું પરિણામ છે.

પ્રમાદ એટલે પરમાં રાગ આસક્તિ. તે વીતરાગની પૂજા આદિથી ટળે છે. વીતરાગની પૂજા વીતરાગમયતા માટે છે. રાગ દુઃખદાયી છે. તે જેમનામાં નથી તે વીતરાગ છે. તેથી તેમનું આલંબન કેવળ સુખને જ આપનારૂં થાય છે.

મનુષ્યભવ ઉત્કૃષ્ટ છે, તેથી તેમાં કાર્ય પણ ઉત્કૃષ્ટ થવું જોઇએ. રાગને દૂર કરવો એ જ પરમ પુરુષાર્થ છે. રાગ છે ત્યાં સુધી દુઃખ પણ છે જ. દુઃખને દૂર કરવાનો ઉપાય, દુઃખ જેમાંથી ઉત્પન્ન થાય છે, તે રાગ–પરમાં

મારા પણાની બુદ્ધિ અને તેનું કર્તુત્વાભિમાન–તે જ દુર કરવા જોઈએ. માનભવમાં તે કાર્ય થાય તો સોનામાં સુગંધ ભળે. માનવભવનું આજ પરમ કર્તવ્ય છે.

રાગ દૂર કરવા યોગ્ય છે, એવી યાદ જેના હૃદયમાં નિરંતર છે, તે સાધકોના હૃદયમાં **શ્રી** વીતરાગ પરમાત્મા નિરંતર વસે છે. શ્રી વીતરાગ પરમાત્મામાં મન લીન કરવું હોય તેણે રાગ દૂર કરવાનું ધ્યેય મુખ્ય બનાવવું જોઈએ. રાગને દૂર કરવાની યાદ કે વીતરાગ પરમાત્માની યાદ બંને એક જ છે. પણ મુખ્ય તો રાગ દૂર કરવાની યાદ એ જ સાધ્ય છે. શ્રી વીતરાગ પરમાત્મા સાધન છે.

રાગ તીવ્ર હોય તો યાદ તીવ્ર બનવી–બનાવવી જોઈએ. રાગ દૂર કરવાથી જ સુખી થવાય, તેવું જ્ઞાન એ જ સમ્યગ્ જ્ઞાન છે. આ જ્ઞાનની પરિણતિનાં અભાવે વીતરાગતામાં એકાકારતા પરિણમે છે. તેમાં જ સાચો વૈરાગ્ય અને વિશ્વપ્રેમ હોય છે.

તાત્પર્ય કે 'જય વીયરાય' સૂત્રના સાધકે પોતાના જીવનમાં વીતરાગતાને લક્ષ્ય બનાવી જોઈએ. પર પદાર્થો પ્રત્યેનો રાગ સર્વથા નાબૂદ કરવાથી જ યથાર્થ વૈરાગ્ય અને વિશ્વપ્રેમ જીવનમાં પ્રગટે છે.

# આત્મસ્વરુપમાં સ્થિર બનો

## (૫૦)

ક્રોધાદિ કષાયોથી દૂષિત જ્ઞાન હોય ત્યાં સુધી અહિંસાદિના પાલનરૂપ વ્યવહાર ચારિત્ર પણ ટકતું નથી. જ્યારે જ્ઞાન આત્માના સ્વરુપમાં જ સમાઈ રહે, આત્માકારે પરિણમી રહે, ત્યારે હિંસાદિ પાપસ્થાનો પલાયન થઇ જાય છે.

જ્ઞાન જ્યારે વિષયાકારે પરિણમે છે, ત્યારે હિંસાદિ અવ્રતો, ક્રોધાદિ કષાયો આવીને ઊભા રહે છે. આથી એ નિશ્ચય થાય છે કે વિષયાકાર વૃત્તિ–જ્ઞાનનું વિષયાકાર પરિણમન એ અધર્મનું મૂળ અને આત્માકાર પરિણમન એ ધર્મનું મૂળ છે.

રત્નત્રય સ્વરૂપ આત્માનું ધ્યાન જ્યારે યોગી પુરૂષો કરે છે, ત્યારે સકલ કર્મો નાશ પામે છે અને આત્મા મુક્ત સ્વરુપે પ્રકાશે છે. જીવ જ્યારે આત્માથી વિમુખ થઈ પર દ્રવ્યમાં રાગ કરે છે, ત્યારે જ્ઞાનાદિ રત્નત્રય ટકી શકતાં નથી.

આત્માથી અભિન્ન જ્ઞાનાદિમાં પ્રવૃતિ કરવા માટે યોગી પુરુષો નિરંતર પ્રયત્નશીલ રહે છે. આત્મા આત્મા વડે આત્મામાં પ્રવૃત્તિ કરે તે ચારિત્ર, આત્મા આત્મા વડે આત્માને જાણે તે જ્ઞાન અને આત્મા આત્મા વડે આત્માને જુએ તે દર્શન છે.

મોક્ષાર્થી જીવોએ આત્માનું જ્ઞાન પૂરી શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કરી તેને આચરણમાં મૂકવું, તે મોક્ષનો સરળ અને અનન્ય માર્ગ છે. ઈન્દ્રિયોને પોતપોતાના વિષયોથી રોકીને, ચિત્તને વિકલ્પો વિનાનું બનાવીને સ્વરુપ સ્થિરતાનો અભ્યાસ કરનારને આત્માનું તાત્વિક સ્વરુપ પ્રત્યક્ષ થાય છે. જે આત્મા પર દ્રવ્યનું ચિંતન કરે છે, તે પર દ્રવ્યમાં તદાકાર થાય છે, જે શુદ્ધ આત્મામાં તદાકાર થાય છે, તે તેને પામે છે.

આત્મદ્રવ્યના અચિન્ત્ય સામર્થ્ય, પરમ ઐશ્વર્ય તેમજ અનંતજ્ઞાનાદિ ગુણોનું ચિંતન નથી થતું, ત્યાં સુધી જ ક્ષણભંગુર અને લાગણી વિનાના પર દ્રવ્યોનું ચિંતન મીઠું લાગે છે. માટે સર્વ કાર્યમાં આત્મ દૃષ્ટિ પૂર્વક રસ લેવો, તે જ આત્માને સરસ રીતે માણવાનો સરળ ઉપાય છે.

# આત્મસમ અને આત્મપૂર્ણ દૃષ્ટિ

## (૫૧)

સર્વ જીવોને આત્મ તુલ્ય જોવાથી સ્વાર્થવૃતિ મોળી પડે છે. અને નિઃસ્વાર્થવૃત્તિ પ્રબળ બને છે.

સિદ્ધ ભગવંતો સર્વ જીવોને તુલ્ય દૃષ્ટિથી અને પૂર્ણ દૃષ્ટિથી સાક્ષાત્ જુએ છે. કોઈ પણ જીવને પરિપૂર્ણ જોવો, એ એના ઉપરના અનંત પ્રેમને સૂચવે છે.

માતા પોતાના બાળકને જે રીતે પૂર્ણ દૃષ્ટિથી જોઈ શકે છે, તે રીતે બીજા જોઈ શકતા નથી. માટે જ માતાનો પ્રેમ, બીજા બધાના પ્રેમ કરતાં ચઢીયાતો ગણાય છે.

સિદ્ધભગવંતોને સંસારના સકળ જીવો પ્રત્યે અનંત પ્રેમ છે અને તે નિરંતર વૃદ્ધિ પામવાના સ્વભાવવાળો છે.

મતલબ કે સંસારાવસ્થામાં રહેલા જીવો ગમે તેટલા દોષોથી ભરેલા હોય, તો પણ તેમનું શુદ્ધ સ્વરુપ સિદ્ધ

પરમાત્માના જ્ઞાનમાં સાક્ષાત્ છે, તેથી તેમનો પ્રેમ પૂર્ણ જ રહે છે.

માતાનો પ્રેમ જેમ તેના બાલ્યકાળમાં પારખી શકાતો નથી, તેમ અચરમાવર્તરૂપી ભવના બાલ્યકાળમાં સિદ્ધ પરમાત્માઓનો પ્રેમ ઓળખી શકાતો નથી. પરંતુ ચરમાવર્તકાળમાં પ્રવેશ થતાંની સાથે ભવની યૌવનાવસ્થા આવે છે અને વિવેકરૂપી ચક્ષુ પ્રાપ્ત થાય છે, એટલે તરત જ ભગવાનનો મહિમા સમજાય છે. 'ભગવાન અનંત પ્રેમથી ભરેલા છે' એ શાસ્ત્ર સત્ય સમજાય છે. તેની સાથે જ ભગવાન પ્રત્યે અનંદ પ્રેમ ઉભરાય છે.

દુનિયામાં પ્રેમ નામ ધરાવનારા જેટલા તત્ત્વો છે, તે સર્વમાં ભગવાનનું સ્થાન સર્વોચ્ચ છે.

ભગવાનના પ્રેમ જેવો પ્રેમ ધરાવવાની શક્તિ કોઇનામાં આવી નથી. આ સમજણ આવતાંની સાથે જ ભગવાન ઉપર અવિહડ પ્રીતિ–ભક્તિ જાગે છે. એ પ્રીતિ–ભક્તિને આદિ હોય છે, પણ અંત હોતો નથી. સાદિ અનંત સ્થિતિવાળી પ્રીતિ પ્રભુ સાથે જ થઇ શકે, બીજા સાથે નહિં, એવો શાસ્ત્રીય નિયમ પછી યથાર્થપણે સમજાય છે.

# આત્મભાન

## (૫૨)

જેને પોતાના આત્માનું ભાન નથી, તેને એ આત્માના અક્ષય અવ્યાબાધ આનંદનું ભાન તો હોય જ ક્યાંથી?

દયાભાવ અને વૈરાગ્ય સાથોસાથ રહે છે. આત્માની દયામાંથી જ વૈરાગ્ય અને અહિંસા ધર્મ પ્રગટે છે.

જીવોના ૧૪ પ્રકાર છે. એકેન્દ્રિય જીવો પ્રત્યેક અને સાધારણ, વિકલેન્દ્રયના ત્રણ પ્રકાર અને પંચેન્દ્રિયના સંજ્ઞી અસંજ્ઞી એમ બે પ્રકાર એમ કુલ ૭ પર્યાપ્તા અને ૭ અપર્યાપ્તા મળી ૧૪ પ્રકાર છે.

જ્યાં સુધી આત્માનું ભાન ન થાય, ત્યાં સુધી જીવો પ્રત્યે દયા અને વિષયો પ્રત્યે વૈરાગ્ય કેવી રીતે જાગે? વિષયોનું સેવન જીવોની હિંસા વિના શક્ય નથી. તેથી જેમ દયા ભાવ વધે, તેમ તેમ વિષયો પ્રત્યે વૈરાગ્યભાવ વધતો જાય.

દયામય અને વૈરાગ્યમય ધર્મ જીવને ભવભ્રમણના ચક્રાવામાંથી છોડાવે છે. ધર્મના અનુષ્ઠાન માત્રમાં જીવદયા

અને વિષય-વૈરાગ્ય વણાયેલા છે, એવો ધર્મ મહાન પુણ્યના યોગે જ મળે છે.

જીવમાત્રને સૌથી અધિક સુખ અને પ્રેમ પોતાના પ્રાણની રક્ષામાં રહે છે. એટલે જીવને સુખ આપતાં એના ફળરૂપે પોતે સુખના અધિકારી બને એમાં નવાઈ નથી. જેણે એક જીવની રક્ષા કરી, એણે વિશ્વના સર્વ જીવોની રક્ષા કરી, જેણે એક જીવને હણ્યો તેણે વિશ્વના સર્વ જીવોને હણ્યા. મનના પરિણામની આ વાત છે.

તાત્પર્ય કે આત્મભાન અત્યંત જરૂરી છે, તેના સિવાય આત્મરતિ શકય નથી, વિષય-વિરક્તિ શકય નથી.

દયાના વિષયભૂત આત્મા આ રીતે જીવને સર્વોચ્ચ દશામાં લઈ જવાનું મહાન ઉપકારક કાર્ય કરે છે.

કરોડો-અબજો વર્ષો સુધી સર્વ જીવોને પરમ સુખમય જીવન મળે તેની જે ઉત્કટ ચિંતા-ભાવના શ્રી અરિહંત પરમાત્માના આત્માઓ કરે છે. તેના જ પ્રતાપે તેઓશ્રી તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે. તેમજ ત્રિભુવન-તારક શ્રી તીર્થંકર પરમાત્મા બને છે.

# બોધિ સમાધિ અને આરોગ્ય

## (૫૩)

બોધિ એ સર્વ શાસ્ત્રનો સાર, ચારિત્રનો પ્રાણ અને સમગ્ર ક્રિયાનુષ્ઠાનના સાધ્યરૂપ જણાય છે. બોધિ એ જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ છે. એ ત્રણે ગુણોના સ્વરૂપને સ્પષ્ટ સમજવાથી બોધિ સમજાય છે.

સમાધિ એ ચિત્તની નિર્મળતા, ઉપશમભાવ અથવા કુશળ મનરૂપ છે' આરોગ્ય અર્થાત્ મોક્ષ, તેના સિવાય શાન્તિ છે જ નહિ. એટલે મોક્ષ માટે બોધિ અને બોધિ માટે સમાધિ એ રીતે કાર્ય કારણભાવ છે.

દ્વૈતાદ્વૈતરૂપ સ્યાદ્વાદ, વ્યવહાર–નિશ્ચયરૂપ ધર્મ, ઉર્ધ્વતા તિર્યક્રૂપ સામાન્ય–એ સમત્વ,સ્વાર્થનું ઉપસર્જન અને પરાર્થની પ્રધાનતા અને સમાધિનાં સાધનો છે. સ્વાર્થ ગૌણ ન બને ત્યાં સુધી પરાર્થ પાંગળો રહે છે.

શ્રી તીર્થંકર ભગવંતો સ્વયં સ્વાર્થનું વિસર્જન કરે છે. ત્યારે સામાન્ય મનુષ્યને તો તે અત્યંત આવશ્યક

બની રહે છે. લૌકિકમાં પણ આ બાલ ગોપાલ સહુ આ વાતનો સ્વીકાર કરે છે.

આખું વિશ્વ જ્યારે સ્વાર્થમાં ડૂબેલું છે ત્યારે પરાર્થની મુખ્યતા વિના ધર્મના મૂળરૂપ દયા કે મૈત્રીની સિદ્ધિ કેવી રીતે થાય ? પરાર્થની સિદ્ધિ એ જ સ્વાર્થની સાચી સાધના છે.

બોધિ, સમાધિ અને આરોગ્ય ત્રણે ય પારમાર્થિક જીવનમાંથી જન્મે છે. અર્થાત પરમાર્થ એ જ જીવનનું જીવન છે.

જીવના દ્વેષમાં પરિણમતો જડનો રાગ, બોધિ બળે નાશ પામે છે, એટલે સ્વઘરમાં શાન્તિ યા સમાધિ સ્થપાય છે. સમાધિ જેમ ઘન–નક્કર થતી જાય છે, તેમ તેમ આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને પામતો પામતો પરમશુદ્ધિ સાધે છે. તે જ મોક્ષ છે.

તાત્પર્ય કે જીવતત્ત્વનો સમ્યગ્ બોધ–એ શિવતત્ત્વનું બીજ છે માટે નવ તત્ત્વમાં પ્રથમ જીવતત્ત્વ છે. અંતિમ મોક્ષતત્ત્વ છે.

# વિચાર અને વિવેક.

## (૫૪)

ગુહ્ય એવા બ્રહ્મનો અનુભવ કરવા માટે તેનું મૂલ્ય પણ ચૂકવવું જોઇએ. સૌથી અધિક મૂલ્યવાન બ્રહ્મને મેળવવા માટે પોતા પાસે રહેલ સૌથી અધિક મૂલ્યવાન જે 'અહં' છે, તે તેને આપી દેવો જોઈએ, ત્યજી દેવો જોઈએ. 'અહં' નું વિસર્જન તે જ 'અહં''નું સર્જન છે. કેન્દ્રના સંધાન માટે પરિધિ છોડવી જોઇએ.

બ્રહ્મ વ્યક્તિ નહિ, પણ અનુભૂતિ છે. આકાશની સાથે મળી જવા માટે આકાશ જેવા થવું જોઈએ. આકાશરિક્ત અને શૂન્ય છે, તેટલું જ બ્રહ્મ મુક્ત અને અસીમ છે.

જ્ઞાતા-જ્ઞેય, દ્દષ્ટા-દ્દશ્ય જ્યાં સુધી ભિન્ન છે, ત્યાં સુધી સત્યથી વેગળાપણું છે. સ્વયંના સાક્ષાત્કારમાં અન્યતા લોપાઈ જાય છે તેથી 'સ્વય'' એ જ સત્ય છે. ત્યાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એક જ છે.

વિચારની સીમા જ્ઞેય પર્યંત છે. વિચાર સ્વયં જ્ઞેય અને દૃશ્ય છે. અજ્ઞાત અને અજ્ઞેય ને જાણવાનું સાધન જ્ઞેય ન બની શકે. શૂન્યથી નિર્વાણ અને પૂર્ણથી બ્રહ્મ પામી શકાય છે.

નિર્વાણ અને બ્રહ્મ શબ્દથી ભિન્ન છે, પણ અર્થથી એક છે. શૂન્યને જાણવા માટે કોઈ શબ્દ કે પ્રમાણ છે નહિ. શૂન્ય એ ભાવ નથી અને અભાવ પણ નથી. કિંતુ અવ્યક્ત છે. અવ્યક્તનો અર્થ વાણી અને વિચારથી વ્યક્ત ન કરી શકાય. શૂન્યનો અર્થ પણ તે જ છે. જેનો ભાવ વાણી વડે વ્યક્ત ન થઈ શકે તે અભાવ છે. વસ્તુરૂપે અભાવ નહિ, પણ સદ્ભાવ છે. વાણી રૂપે સદ્ભાવ નહિં પણ અભાવ છે.

બ્રહ્મ ગુહ્યતમ છે. એનો સઘળો સાર ઉક્ત પ્રતિપાદનમાં છે તેને પામવા માટે અહં રહિત સ્વયંની અનુભૂતિ જ સાર્થક નીવડે છે.

વિચારોના સાક્ષી બનો, માલિક નહિં વિચારોને તટસ્થભાવે જુઓ, પકડો નહિ. પકડશો તો વિચારની પાર જઈ શકશો નહિ, વિચારથી જે પર છે, તેને પામી શકશો નહિ.

વિચાર યાત્રી છે, મન તેને રહેવા માટેની ધર્મશાળા છે અને ધર્મશાળા એ ઘર નથી, ઘરનું ઘર નથી.

વિચાર કેવળ વિચાર છે એમાં સારા–ખોટાની ભાવના બંધન છે, નિર્બંધન થવા માટે સાક્ષીભાવ આવશ્યક છે. સાક્ષી-

ભાવ એટલે રાગ નહિ દ્વેષ પણ નહિ, એથી વિચાર આવતા આપોઆપ બંધ થઈ જાય છે.

વિવેક સ્વકીય અને વિચાર પરકીય છે. વિચાર એ શૂન્ય છે અને વિવેક એ પૂર્ણ છે. વિવેક પ્રજ્ઞા છે જે પ્રકાશ અને પરમાત્મા તરફ લઈ જાય છે.

વિચાર એ રેત છે અને વિવેક એ રત્ન છે. વિચાર એ માટી છે અને વિવેક એ હીરો છે. રત્ન અને હીરા મેળવવાના છે, રેત અને માટી આપોઆપ છૂટી જનારા છે.

છોડવું તે નકારાત્મક છે, દુઃખ છે, દમન છે. પામવામાં આનંદ છે, સુખ છે, શાન્તિ છે. સ્વપ્નોને છોડવાના નથી, માત્ર જાગવાનું છે. જાગવા માત્રથી સ્વપ્ન ચાલ્યા જાય છે.

ત્યાગ કોઈ ક્રિયા નથી, જ્ઞાનનું સહજ પરિણામ છે. ત્યાગમાં જે છૂટે છે, તે નિર્મૂલ્ય છે, જેની ઉપલબ્ધિ થાય છે, તે અમૂલ્ય છે. ત્યાગથી બંધન છૂટે છે અને મુક્તિ મળે છે. તુચ્છને છોડવાનું છે અને સર્વસ્વ મેળવવાનું છે.

વિચારને વળગી ન રહેવાય, તેના પ્રવાહમાં ન તણાવાય, તો આ સત્ય જીવવાનું સુલભ બને છે. વિચારોને સાક્ષી-ભાવે જોવાના છે, તેમાં તન્મય થવાનું નથી. આવી તટસ્થ અવસ્થાનું પ્રાગટય વિવેક દૃષ્ટિ વડે થાય છે. પછી આત્માની અનુભૂતિ સાક્ષાત્કાર આપોઆપ થવા માંડે છે.

# સહિષ્ણુતા

## (૫૫)

કોઈ પણ ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરવા માટે જે સદ્‌ગુણની જરૂર પડે છે, તે સહિષ્ણુતા છે-

વિવિધ સ્વભાવવાળી વ્યક્તિઓના સંપર્કમાં આવવું પડે છે, ત્યારે બીજાના સ્વભાવોને ફેરવવાનું કામ મુશ્કેલીભર્યું બને છે, તે સમયે જાતે જ ફરવાની જરૂર પડે છે. ગામ ફેરવવાને બદલે ગાડું ફેરવવું એ જ શક્ય અને સુલભ છે. ન ગમતું પણ ગમતું કરી લેવામાં સહિષ્ણુતાની ખાસ જરૂર પડે છે.

સત્ય આપણા પક્ષે હોય તો પણ ઉછળી ન પડતાં ખમી ખાવાથી સઘળુંય સત્ય વધુ પ્રકાશ સાથે સામી વ્યક્તિ દ્વારા જ પ્રગટ થાય છે. તે માટે ધીરજ ધરવી અનિવાર્ય છે. જે જે મહાપુરૂષો થયા છે, તે બધાએ કપરા સંયોગોમાં કાલક્ષેપ કરવાનું જ પસંદ કર્યું છે. જ્યાં બીજું કશું કાર્ય સાધક ન બને, ત્યાં કાલક્ષેપ અજબ સહાય કરે છે.

અણગમતી પરિસ્થિતિમાં મન ગમે તેટલું અકળાઈ જાય તો પણ જો વચન એક પણ ન ઉચ્ચારીએ ત્યાં સુધી બાજી હાથમાં રહે છે. 'मौनं सर्वार्थ साधकम्।' એ નક્કર સત્ય છે.

મૌન ધારણ કરનારને તાત્કાલિક પ્રત્યાઘાતોથી જન્મેલા અપરિપક્વ વિચારોને પરિપક્વ બનાવવાનો સમય મળે છે. અપરિપક્વ વિચારને વચન અને કાયાથી અમલમાં મૂકી દેતાં જે કાંઈ નુકશાન થાય તેમ હતું, તેમાંથી સહીસલામત રીતે ઉગરી જવાય છે.

સહિષ્ણુ વ્યક્તિ પોતે જ આપમેળે સહી લેવા તૈયાર હોય છે, તેથી એને સહુની સહાનુભૂતિ પ્રાપ્ત થાય છે. સામી વ્યક્તિને પણ આપણી અપ્રતિકારની ભાવનારૂપ મૌનથી પોતાની ભૂલ સમજવાની તક મળે છે. તાત્પર્ય કે મૌન રહીને કડવા ઘુટડા ગળી જવામાં અસંખ્ય લાભો રહેલા છે. અટપટા પ્રસંગોમાં પણ મૌન રહીને આપણો કેસ કાળને સોંપી દેવાથી આપણું કામ આપોઆપ થઈ જવાનો પ્રગટ અનુભવ થાય છે.

બીજાની ભૂલ સાબિત કરવા કે તરત બતાવી આપવા માટે ઉછળી પડનાર વ્યક્તિ સામાની ભૂલ બતાવી શકતી તો નથી, પરંતુ આવેશને વશ થઈને કઠોર વાકપ્રયોગોની જાળમાં ફસી જાય છે અને બીજી અનેક ભૂલો કરી બેસે છે. જેના પરિણામે સામી વ્યક્તિની મૂળભૂલ બાજુમાં રહી

જાય છે અને આ કઠોર વાણીના પ્રયોગની નવી ભૂલ સામી વ્યક્તિને બચવાનું શસ્ત્ર બની રહે છે. આપણી ઈચ્છા અનુસાર કામ, સામી વ્યક્તિ પાસેથી કઢાવવું હોય, તો મૌન રહીને સહન કરવાની કળા સિદ્ધ કરવી જ જોઈએ.

સુસંવાદી જીવન જીવવાની આ અનુપમ પ્રક્રિયા સહેલી અને સાદી હોવા છતાં તેમાં ભલભલા માણસો ગોથું ખાઈ જાય છે. તેથી જીવનમાં આ પ્રક્રિયાને આગવું સ્થાન આપવું જોઈએ. એથી અનેક કાર્યો સફળતાથી પાર પડશે, જીવનમાંથી અથડામણો અને સંઘર્ષો વિદાય લેશે અને જીવન સુખ શાન્તિમય બની બીજાઓને પણ પ્રેરણારૂપ બનશે. માટે જ્યારે વિપરીત વાતાવરણ વચ્ચે મૂકાઈ જઈએ ત્યારે તરત સહિષ્ણુતા દાખવવી જોઈએ.

આ મહાન ગુણની પ્રાપ્તિ માટે નિત્ય ક્ષમાવાન શ્રી અરિહંત પદનું સ્વરૂપ સમ્યક્ પ્રકારે ચિંતવવું જોઈએ. તેમજ હજારો લાખો માનવ અને પ્રાણીઓની લાતોને સમભાવે સહી લેતી ધરાનો દાખલો નજર સામે રાખવો જોઈએ.

સહવાની કળા એ સર્વકળાઓમાં શ્રેષ્ઠ છે.

'ખામેમિ સવ્વ જીવે....પદનો એ જ સાર છે અને તેના સેવન વડે આત્માનો ઉદ્ધાર છે.

□

# મૈત્રયાદિ ચાર ભાવો

## (૫૬)

નાની પણ અવિધિ થાય, ત્યાં ષટ્કાય વિરાધકતા કહી છે, તેથી વિધિસાધક ષટકાય જીવનો આરાધક બને છે, એ સિદ્ધ થાય છે.

ઔચિત્યગુણની ઉપાદેયતા પણ મૈત્ર્યાદિ ચાર ભાવોની ઉપાદેયતા સૂચવે છે. અપુનર્બંધક અવસ્થાના શાન્તોદાત્ત ગુણો પણ મૈત્ર્યાદિ ભાવોને જ જણાવે છે.

અનુષ્ઠાન માત્ર વચનાનુસારી અને મૈત્ર્યાદિ મિશ્ર હોવું જોઈએ. અનુષ્ઠાન એ સમ્યક્ ચારિત્ર છે. વચનાનુસારિતા એ સમ્યગજ્ઞાન રૂપ છે. અને મૈત્ર્યાદિયુક્તતા એ સમ્યગદર્શન રુપ છે.

'अहिंसा लक्खणस्स' એ વિશેષણ ધર્મની દયા મૂલકતા સૂચવે છે.

ભાવના ઉપયોગ રૂપ છે, તેથી અલ્પકાલીન હોય, ભાવ લબ્ધિરૂપ છે, તેથી સ્થાયી હોઇ શકે.

ધર્મ ભદ્રક પરિણતિ રૂપ છે. તેથી બીજાને શુભભાવ આપે છે. અને બીજાના શુભભાવને ગ્રહણ કરે છે. ભદ્રક પરિણતિનો એ સ્વભાવ છે, કે શુભનું જ આદાન–પ્રદાન કરવું.

મૈત્ર્યાદિભાવોમાંથી ચિત્તવૃત્તિને ખસેડવાની ક્રિયા તે પ્રજ્ઞાપરાધ છે. અને સમભાવથી ભ્રષ્ટ થવાનું છે.

અંતરાત્મદશાને વિકસાવવા માટે જે ચિત્તપ્રસાદ જોઈએ તે મૈત્ર્યાદિ ચાર ભાવનાઓના સેવનમાંથી પ્રાપ્ત થાય છે.

'जो समो सव्व मूएषु नी ટીકામાં મૈત્રી ભાવાત્તુ સમઃ!' એવો અર્થ કર્યો છે.

(અનુયોગ દ્વારા ટીકા પૃ. ૨૩૬ ગાથા ૧૨૮ નવીપ્રત)

ધર્મ એ વાદવિવાદનો કે ચર્ચા–ટીકાનો વિષય નથી, કિન્તુ જીવનમાં જીવીને અનુભૂતિ લાવવાનો વિષય છે.

ચતુર્થ ગુણસ્થાનકે અનંતાનુબંધીના ક્ષયોપશમજન્ય ક્ષાન્ત્યાદિ ભાવો હોય, તે મૈત્ર્યાદિ ભાવોથી ગર્ભિતજ હોય. મોહાદિના પ્રતિપક્ષી હોવાથી તેની ભાવના વિના અંતરંગ શત્રુ એવાં કષાયોનો વિલય અસંભવિત છે.

વરબોધિમાં 'વર' શબ્દ સર્વ જીવ સાથે ગાઢ સંબંધ ધરાવે છે. વરબોધ એટલે ઉત્કૃષ્ટ જીવતત્ત્વનો બોધ.

શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય એ મૈત્રાદિનાં કાર્ય છે.

શમ એટલે કષાયોનો ઉપશમ.
સંવેગ એટલે મોક્ષનો અભિલાષ.
નિર્વેદ એટલે ભવનું નૈર્ગુણ્ય.
અનુકંપા એટલે હૃદયની આર્દ્રતા અને
આસ્તિક્ય એટલે પરાર્થ એજ પરમાનુષ્ઠાન.

ચારિત્રનો પરિણામ સકલ સત્ત્વહિતાશય રૂપ હોઈને અવિરત ચારિત્રમાં ચોથે ગુણસ્થાનકે પણ તે પરિણામનું અસ્તિત્વ સ્વીકારવું પડે.

સ્વહૃદયગત મૈત્રી કે દ્વેષ બીજાઓને શું કરે ? પરંતુ પોતાને તો ફળ આપે જ છે–એ નિશ્ચયનયનો મત છે. વ્યવહાર નયનો મત એથી વિરુદ્ધ છે. આપણને જે કંઈ ફળ મળે છે. તેમાં પર નિમિત્તભૂત હોય જ છે. જીવનનું હિતાહિત નિશ્ચય નયથી સ્વસાપેક્ષ છે. અને વ્યવહાર નયથી પરસાપેક્ષ છે. પોત પોતાના સ્થાનમાં બંને નયો તુલ્ય બળવાળા છે. પર સ્થાનમાં નિર્બળ છે. કાર્ય બંને નય મળીને થાય છે, તેથી સિદ્ધાન્ત પક્ષ બંનેના સત્યને સ્વીકારે છે.

આમ મૈત્રાદિ ભાવો સર્વ નયોમાં અનુસ્યુત છે અને તેનું મૂળ કારણ જીવજાતિનું એકત્વ છે.

□

# ત્રણ મહાન ભાવો

## (૫૭)

मा कार्षीत् कोऽपि पापानि;
मा च भूत् कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा;
मतिर्मैत्री निगद्यते ॥

આ ત્રણ ભાવોને હૃદયમાં સતત ધારણ ન કરનારની દરેકના પાપમાં, દરેકના દુઃખમાં અને સંસારમાં સૂક્ષ્મ બુદ્ધિગમ્ય અનુમતિ હોય છે તેથી તે સતત પાપ બાંધ્યા કરે છે.

સર્વ પ્રત્યે શત્રુભાવ અને ઉદાસીનભાવ જઈને મૈત્રીભાવ આવવો તે જ ધર્મ માટેની પાત્રતા છે. સર્વ પ્રત્યેની મૈત્રી તે જ શ્રી જિનરાજ પ્રત્યેનો પ્રમોદ છે. શ્રી જિનરાજ પ્રત્યેનો પ્રમોદ તે જ સર્વ પ્રત્યેની મૈત્રી છે.

મૈત્રી, પ્રમોદ, કરૂણા અને ઉપેક્ષા એ વિવેક રત્નના ચાર પાસા છે, વિવેક આ ચારથી જુદી વસ્તુ નથી.

અનિત્યત્વાદિ સર્વ ભાવનાઓ પણ મૈત્ર્યાદિની સિદ્ધિ માટે જ છે. અનિત્યત્વાદિ ભાવનાઓ ન હોવી તે જ જીવો પ્રત્યેના શત્રુભાવનાદિનું સ્વરૂપ છે.

પચ્ચકખાણ વિના જેમ અવિરતિનો આશ્રવ આવતો રોકી ન શકાય, તેમ મૈત્ર્યાદિ ભાવનાઓ વિના મિથ્યાત્વનો આશ્રવ રોકી શકાતો નથી.

મૈત્રી ભાવનામાં "કોઈ પણ જીવ પાપ ન કરો, કોઈ પણ જીવ દુઃખી ન થાઓ, બધા જ જીવો કર્મબંધનથી મુક્ત થાઓ.' એ વિચાર હોવાથી પાપ, દુઃખ અને કર્મની અનુમતિનો આશ્રવ રોકાઈ જાય છે. અન્યથા એ આશ્રવ ચાલુ રહે છે. પાપ વગેરેની અનુમતિ 'ન નિષિદ્ધં અનુમતં' એ ન્યાયથી ચાલું રહે છે. એજ મિથ્યાત્વમોહ અથવા મહામોહ છે.

સંવેગ અને નિર્વેદ એ સમ્યકત્વનાં લક્ષણો છે. અનુકંપા દ્રવ્ય–ભાવ દુઃખની દયાસ્વરૂપ છે, તેમ સંવેગ, નિર્વેદ એ ભવ દુઃખ અને મોક્ષ સુખની ભાવના સ્વરૂપ છે.

સર્વ જીવો પાપ મુક્ત બનો, દુઃખ મુક્ત બનો, કર્મ મુક્ત બનો—એ નિર્વેદ ભાવના છે અને સર્વ જીવો મોક્ષ પામો, અનંત ચતુષ્ટય પામો, સ્વરૂપ લાભ પામો–એ સંવેગ ભાવના છે.

આમ ઉકત ત્રણ ભાવોને હૃદયમાં સતત ધારણ કરવા તે સમ્યકત્વવાનનું જીવંત કર્તવ્ય છે, તે સિવાય જીવન ભારરૂપ છે, પરપીડારૂપ છે.

# મહામૂલી મૈત્રીભાવના

## (૫૮)

મૈત્રી ભાવના આદ્ય પ્રકાશક–ઉપદેશક શ્રી અરિહંત પરમાત્મા છે તેને સિદ્ધ કરનાર સિદ્ધ પરમાત્મા છે. તેને જીવનમાં નખ--શિખ આચરનારા આચાર્ય ભગવંતો છે. તેને આંતર–બાહ્ય જીવનમાં સાધનારા સાધુ ભગવંતો છે. તેમને કરેલો નમસ્કાર અમૈત્રીરૂપી પાપ ભાવનો નાશ કરનાર છે, અને પરમસ્નેહ ભાવને વિકસાવી સર્વ મંગળોને ખેંચી લાવનાર છે.

સ્નેહભાવના વિકાસથી ધર્મની પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય છે, તેનાથી સર્વ સુખોનું આગમન અને લાભ થાય છે.

મૈત્રી ભાવના વિકાસથી, દુઃખ જેનું ફળ છે, તેવા હિંસાદિ પાપોથી મુક્ત થવાય છે. મૈત્રીભાવથી ભરેલા પરમેષ્ઠિઓના શરણથી જીવમાં રહેલો મુક્તિગમન યોગ્યતાનો વિકાસ થાય છે અને કર્મના સંબંધમાં આવવાની જીવની અયોગ્યાનો હ્રાસ થાય છે.

તાત્પર્ય કે વિવેકરૂપી યોગ્યતાના વિકાસ માટે અને અવિવેકરૂપી અયોગ્યતાના નાશ માટે પરમેષ્ઠિ નમસ્કાર અમોઘ સાધન છે. યોગ્યતાના વિકાસથી મૈત્રીભાવનો વિકાસ થાય છે. તેનું જ નામ અનુક્રમે પાપ નાશ અને મંગળનું આગમન છે,

જીવો પ્રત્યે અમૈત્રી એ મોટું પાપ છે, મહામિથ્યાત્વ છે, અનંતાનંત આત્માની ઉપેક્ષા છે, અનાદાર છે, અવગણના છે, ભયાનક સંકુચિતતા છે તેનો નાશ એક મૈત્રીથી શકય છે.

મૈત્રી એ મોટું પુણ્ય છે. પરમ આસ્તિકતા છે. સત્ય અને સિદ્ધ એવું પરમ જીવસ્વરૂપ, તેનો સ્વીકાર છે, આદર છે, બહુમાન છે, એકતાનો અનુભવ છે. અનંત સંખ્યા અને ગુણનો ગુણાકાર છે, વિશાળતા છે, વિવેક છે, પરમ શાન્તિ અને સ્વસ્થતાનો અનુભવ છે.

મૈત્રીભાવને મૂળથી, ફળથી, પત્રથી, પુષ્પથી સ્કંધ અને શાખા–પ્રશાખાથી જેઓએ સિદ્ધ કર્યો છે, તેમને કરેલો નમસ્કાર, શરણાગતિ, ક્ષમાપના અને ભક્તિ તેમને સમર્પણ અને તેમની જ અનન્ય ભાવે થતી આરાધના, જીવની અમૈત્રી ભાવરૂપી અયોગ્યતાનો નાશ કરી, મૈત્રીભાવરૂપી યોગ્યતાને વિકસાવે છે. તેનું જ નામ નમસ્કારથી થતો પાપનાશ અને મંગળનું આગમન કહેલું છે. તાત્પર્ય કે મંગળ એ ધર્મ છે. તેનું મૂળ મૈત્રી છે. અમંગળ એ પાપ છે. તેનું મૂળ અમૈત્રી છે.

# જીવમૈત્રી અને જિનભકિત

## (૫૯)

ભાવ મૂળ ગુણ છે અને ભાવના ઉત્તર ગુણ છે.

સમ્યકત્વ સામાયિક, શ્રુત સામાયિક અને સર્વવિરતિ સામાયિક એ ત્રણે પ્રકારના સામાયિકમાં જીવ માત્ર પ્રત્યે આત્મૌપમ્યભાવની આવશ્યકતા છે અને એ ભાવ મૈત્ર્યાદિ ભાવનાઓ વડે સાધ્ય છે.

સમ્યગ્ દર્શન માટે જેમ દેવ-ગુરૂની ભક્તિ આવશ્યક છે, તેમ દેવ-ગુરૂની ભક્તિ માટે જીવોની મૈત્રી પણ આવશ્યક છે. શ્રી તીર્થંકર ભગવંતોની ભક્તિ વિના કોઈની પણ મુક્તિ ન હોય, એનો અર્થ પરાર્થ વૃત્તિની ભક્તિ વિના સ્વાર્થવૃત્તિનો નાશ કદી પણ ન હોય-એ છે.

આત્માર્થીપણું એટલે સ્વાર્થીપણું નહિ, પણ આત્મતત્ત્વરૂપે આત્મા માત્રનું અર્થીપણું. આત્મહિત એટલે રત્નત્રયીનું આરાધન. તેમાં મૈત્રીભાવ જ હોય.

સ્વદયામાં વૃત્તિ રૂપે પર દયાનો ભાવ હોય જ, પ્રવૃત્તિની ભજના હોય, પોતાના કે બીજાના દેહાદિ પર ભાવોને છોડીને જ્યારે દેહાદિની અંદર રહેલા આત્મા તરફ લક્ષ્ય જાય અને આત્માનું હિત કરવાનો મનોરથ જાગે ત્યારે અધ્યાત્મની પ્રાપ્તિ થઈ કહેવાય. આવો અધ્યાત્મભાવ મૈત્ર્યાદિ ભાવોની અપેક્ષા રાખે જ છે. એ ભાવોના અભાવમાં નામ, સ્થાપના કે દ્રવ્ય અધ્યાત્મ હોય, પણ ભાવ અધ્યાત્મ ન હોય.

'ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે' એ વચન આત્મ-ગુણને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે. ત્યાં પુદ્ગલ ગુણોનો અભાવ સમજવાનો પણ આત્મગુણનો અભાવ હોતો નથી.

આત્મગુણનો સદ્ભાવ સર્વ આત્માઓને ઉદ્દેશીને જ હોય. તેથી યોગ, અધ્યાત્મ વગેરેમાં 'मैत्र्यादि भाव संयुक्तम्' એ વિશેષણ હોય છે. તાત્પર્ય કે જીવ મૈત્રી–એ શ્રી જિન ભક્તિનું જ પ્રધાન અંગ છે. જીવ મૈત્રી વિનાની જિનભક્તિ દ્રવ્ય ભક્તિ હોઈ શકે, ભાવભક્તિ ન હોય.

મૈત્રી માટે ભક્તિ છે, એમ કહેવા કરતાં પરમ જીવ વત્સલ શ્રી તીર્થંકર પરમાત્માને ભાવપૂર્વક ભજવાથી અમૈત્રીનો નાશ થાય છે એમ કહેવું તે યોગ્ય છે. જે જીવોનો મિત્ર છે, તે શ્રી જિનરાજનો ભક્ત છે.

# આત્મભાવ–પરભાવ

## (૬૦)

ભાવ જેટલો વધુ પવિત્ર, વધુ સૂક્ષ્મ તેટલું વિશેષ તેનું પવિત્ર અને દીર્ઘાયુષ્ય, તેટલી અધિક તેની શુભ–અસરકારતા. પરભાવ આપણને બોલાવતો નથી પણ આપણે જ તેના તરફ ખેંચાઈએ છીએ અને સમર્પિત થઈએ છીએ.

સ્વભાવની વધઘટ પર જીવનના ઉત્થાન અને પતનનો આધાર છે. સ્વભાવ વધે એટલે જગતના સર્વોચ્ચ પદાર્થો પગમાં આળોટે, પરભાવ વધે એટલે પેટ પૂરતુ અન્ન પણ ન મળે.

ધર્મચક્રવર્તી શ્રી અરિહંત પરમાત્માના ગુણરૂપ અષ્ટ-મહાપ્રતિહાર્ય એ ઉત્કૃષ્ટતમ સ્વભાવનું ઉત્કૃષ્ટ પ્રતીક છે.

આત્મ શક્તિ અમાપ, અચિન્ત્ય અને અનંત છે. કર્મના કાચા માલમાંથી જે શરીરની રચના કરે છે. તે નશ્વર દેહ જ તેનો પુરાવો છે. ગુલાબની એક પાંખડી કે મોરનું એક પીછું કોણ બનાવી શકે? આત્મશક્તિનો તે પુરાવો છે.

ઘર છોડીને બહાર ભટકવું જેટલું દુઃખદાયી છે, તેટલું કષ્ટદાયક આત્મભાવને છોડી પરભાવમાં રખડવું તે છે. સ્વને ભાવ આપવા માટે સ્વનો યોગ કરાવી આપનારા દાન, શીલ, તપ અને ભાવમાં જીવનને જોડવું જોઈએ. આહાર, ભય, નિદ્રા અને મૈથુનનો યોગ પરભાવ અને પરિગ્રહને ઉત્તેજે છે. તેમાંથી મુક્ત થવા માટે દાન, શીલ, તપ અને ભાવનો યોગ આવશ્યક છે.

દાનનો ઉત્કૃષ્ટ અર્થ 'હું'ની ચિંતાને સર્વની ચિંતામાં પરિણમન કરવો તે છે. ઇન્દ્રિયો અને મનને આત્મામાં લીન કરવા તે શીલ છે. દાનથી દેહનો અધિકાર જાય છે, શીલથી આત્માનો અધિકાર આવે છે. તપ આત્માને નિર્મળ બનાવે છે. ભાવ આત્માને બોલતો કરે છે. શરીર, વાણી અને વિચાર તેના આજ્ઞાંકિત બને છે.

નિસ્વાર્થના આદરમાં સાચું સ્વત્વ પ્રગટે છે. મન, વચન અને કાયા પર આહાર, નિદ્રા, ભય અને મૈથુનનું ચલણ છે, તેના સ્થાને સર્વજીવ હિતકર શ્રી અરિહંતોની આજ્ઞાનું ચલણ થવું જોઈએ. એનું જ નામ આત્મભાન છે. તેનાથી દરિદ્રતા, અલ્પતા, ક્ષુદ્રતા અને પામરતાનો અંત આવે છે.

જીવો પ્રત્યેના અમૈત્રીભાવનો ત્યાગ કરવો તે માર્ગ છે, માર્ગાનુસારિતા છે, તેનાથી આત્મભાવનું મંગળમય પ્રભાત ઉઘડે છે.

(૬૧)

# ભાવનાઓનો ભાવ અને પ્રભાવ

અનિત્યાદિ ૧૨ અને મૈત્ર્યાદિ ચાર ભાવનાઓની એક-સરખી અગત્યતા સ્યાદ્વાદ દર્શન માને છે. તેનું કારણ શરીરાદિ સર્વ પદાર્થોને નિત્યાનિત્ય અને કથંચિત્ ભિન્નાભિન્ન માન્યા છે, તે છે.

શરીર અને આત્માનો સંબંધ ભેદાભેદાત્મક છે. શરીર અને આત્મા પોતે પણ કથંચિત્ નિત્યાનિત્ય છે.

વૈરાગ્ય પ્રાપ્તિ માટે ભેદ અને અનિત્ય અંશનો વિચાર વધારે ઉપકારક છે. તેથી અનિત્યાદિ ભાવનાઓમાં તેને જ ઝોક અપાય છે.

જીવ જીવનો સંબંધ પણ ભેદાભેદવાળો અને જીવ-પદાર્થ પણ કથંચિત નિત્યાનિત્ય ધર્મવાળો હોવાથી મૈત્ર્યાદિ ચાર ભાવનાઓમાં અભેદ અંશને મહત્ત્વ આપ્યું છે.

જો તેમ ન કરવામાં આવે, તો બીજાને હણનાર તું તને જ હણે છે, એમ કેમ કહી શકાય? ત્યાં અભેદને મુખ્યતા આપવાથી જ હિંસા રોકાય છે.

અહિંસાદિ વ્રતની સ્થિરતા માટે અભેદ અંશને પ્રધાન્ય ન અપાય, તો હિંસાદિ દોષ અટકી જ કેવી રીતે શકે ?

સ્વહિંસા વખતે નિત્ય અંશનું મહત્ત્વ, પરજીવની હિંસા વખતે અનિત્ય અંશનું મહત્ત્વ, એ રીતે જે સ્થળે, જે અંશને મહત્ત્વ આપવા લાયક હોય, તે અંશને મહત્ત્વ અપાય, તો જ સંક્લેશનું નિવારણ, વિશુદ્ધિનું પ્રાગટ્ય, વ્રતનું સ્થૈર્ય, અવ્રતનો ત્યાગ થઈ શકે છે.

પારકાના ધનના અપહરણ વખતે તે ધનનો તે વ્યક્તિની સાથે અભેદ આગળ કરવાનો છે. તો જ 'પરધન લેતાં પ્રાણ જ લીધા' વગેરે પંક્તિઓ સંગત થાય.

પોતાના ધનના અપહરણ વખતે ધનનો અને પોતાનો ભેદ સંબંધ વિચારવો ઉપકારક થાય છે.

એ રીતે જૈનદર્શન સંમત ભેદાભેદ, નિત્યાનિત્ય અંશને જુદી-જુદી અપેક્ષાએ પ્રધાન બનાવી આત્મ કલ્યાણમાં સહાયક કરી શકાય છે.

એ વિચારમાંથી જ અનિત્યત્વાદિ ભાવનાઓની જેમ જ મૈત્ર્યાદિ ભાવનાઓ પણ વ્રત અને વૈરાગ્યની સ્થિરતા માટે ઉપકારક ગણાએલી છે. તેથી તે ભાવનાઓનાં સંવરપણામાં લેશ માત્ર આંચ આવતી નથી. એકને સંવર અને એકને આશ્રવ કરવાનું રહેતું નથી.

અભેદને આગળ કરવામાં ન આવે, તો વ્યવહાર અશુદ્ધ બને છે, ભેદને આગળ કરવામાં ન આવે, તો નિશ્ચય અશુદ્ધ બને છે. બંનેને પોતપોતાના સ્થાને પ્રાધાન્ય આપવું આવશ્યક ઠરે છે.

બંને વિચાર એવી રીતે સંકળાએલા છે, કે તેને એકબીજાથી સર્વથા સ્વતંત્ર કહી શકાય તેમ નથી, એટલે અનિત્ય આદિ ૧૨ અને મૈત્રી આદિ ૪ ભાવનાઓ પોતપોતાના સ્થાને એકસરખી ઉપકારક છે, એમ સ્વીકારીને તેને વિવેકપૂર્વક પ્રયોજવી તેમાં સ્વપર શ્રેયસ્કર જિનશાસનની યથાર્થ ભક્તિ રહેલી છે.

૭૦-૭૦ વર્ષના આયુષ્ય કાળમાં આપણે કેટલા કલાકો આત્મહિતચિંતા પાછળ ગાળીએ છીએ? કેટલા કલાકો ત્રણ જગતના જીવોને ઉત્કટ સુખ-શાંતિ મળો એવી સુંદર ભાવનામાં વીતાવીએ છીએ?

# ભક્તિ અને મૈત્રી

## (૬૨)

પંચ-નમસ્કાર જ્યાં જ્યાં છે, ત્યાં-ત્યાં તે સર્વ પાપનો એટલે પાપ ભાવનો અર્થાત્ સ્વાર્થબુદ્ધિનો નાશ કરે છે. તથા તે નમસ્કાર જેઓના હૃદયમાં છે, તે સર્વને સર્વ મંગળરૂપ થાય છે.

ધર્મ એ જ મંગળ છે. અને તે અહિંસા-સંયમ-તપરૂપ છે. તે ધર્મરૂપી મંગળનું મૂળ સર્વ જીવરાશી ઉપર સ્નેહનો નિષ્કામ પરિણામ છે,

એ પરિણામ જ અહિંસા રૂપ, સંયમ વ્યાપાર રૂપ, તપશ્ચર્યારૂપ બને છે. અહિંસા એ જીવમૈત્રીનું પ્રતીક છે. સંયમ એ અહિંસાનું પ્રતીક છે. અને તપ એ સંયમનું પ્રતીક છે.

તપથી સંયમની શુદ્ધિ, સંયમથી અહિંસાની શુદ્ધિ અને અહિંસાથી જીવમૈત્રી વધે છે.

જીવની મૈત્રી પરમેષ્ઠિની ભક્તિમાં વૃદ્ધિ કરે છે. અને પરમેષ્ઠિની ભક્તિમાં જીવની મૈત્રી વધે છે, એમ અન્યોન્ય

કારણરૂપ બનેલી જીવમૈત્રીથી અહિંસા, અહિંસાથી સંયમ અને સંયમથી તપ વધે છે.

તપમાં ધ્યાન પ્રધાન છે. ધ્યાનની સામગ્રી સંયમ છે, સંયમની સામગ્રી અહિંસા છે, અહિંસાની સામગ્રી જીવમૈત્રી છે. જીવમૈત્રીની સામગ્રી પરમેષ્ઠિની ભક્તિ છે, વળી પરમેષ્ઠિ-ભક્તિની સામગ્રી જીવમૈત્રી પણ છે. જીવમૈત્રીની સામગ્રી અહિંસા છે, અહિંસાની સામગ્રી સંયમ છે, સંયમની સામગ્રી તપ છે, તપની સામગ્રી ધ્યાન છે, ધ્યાનની સામગ્રી પરમેષ્ઠિ ભક્તિ છે.

આ રીતે સમતા અને ધ્યાન તથા ધ્યાન અને સમતા પરસ્પર કાર્યકારણરૂપ બનીને મુક્તિનો માર્ગ બને છે. મોક્ષ કર્મક્ષયથી, કર્મક્ષય આત્મજ્ઞાનથી આત્મજ્ઞાન આત્મધ્યાનથી થાય છે.

આત્મધ્યાન વડે સમતા નિષ્પ્રકંપ બને છે. સમતાની સામગ્રી જીવમૈત્રી આદિ છે. તેથી તે ધર્મરૂપી મંગળનું મૂળ છે. તે મંગળના મૂળની પ્રાપ્તિ પંચનમસ્કારથી સિદ્ધ થાય છે.

આમ, ભક્તિ અને મૈત્રી પરસ્પર સંકળાયેલાં છે. જે પરમેષ્ઠિ અને જીવ વચ્ચેની મૂળભૂત આત્મીયતાનાના પ્રધાન કારણરૂપ છે.

## પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીના
## પ્રાપ્ય પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧. | જૈન માર્ગની પિછાણ | ૫–૦૦ |
| ૨. | પરમેષ્ઠિ નમસ્કાર | ૭–૦૦ |
| ૩. | અનુપ્રેક્ષા | ૮–૦૦ |
| ૪. | નમસ્કાર દોહન | ૪–૦૦ |
| ૫. | પ્રાર્થના | ૨–૫૦ |
| ૬. | આરાધનાનો માર્ગ | ૫–૫૦ |
| ૭. | આસ્તિકતાનો આદર્શ | ૧૦–૦૦ |
| ૮. | તત્ત્વપ્રભા | ૯–૦૦ |
| ૯. | મનન માધુરી | ૪–૦૦ |
| ૧૦. | મંગલવાણી | ૩–૦૦ |
| ૧૧. | અજાતશત્રુની અમરવાણી | ૫–૦૦ |
| ૧૨. | મહામંત્રના અજવાળા | ૩–૦૦ |
| ૧૩. | વચનામૃત સંગ્રહ | ૪–૦૦ |
| ૧૪. | ચૂંટેલું ચિંતન | ૪–૦૦ |
| ૧૫. | જિનશાસનનો સાર | ૬–૦૦ |
| ૧૬. | કલ્યાણ વિશેષાંક | ૨૦–૦૦ |
| ૧૭. | ચિંતનધારા | ૭–૦૦ |
| ૧૮. | ચિંતન સુવાસ | ૫–૦૦ |
| ૧૮. | નિત સમરો નવકાર | ૫–૦૦ |



• તેજસ પ્રિન્ટર્સ • અમદાવાદ •